સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના



વિમલા ઠકાર

Living A Truly Religious Lifeનો ભાવાનુવાદ

SACHUN DHARMIK JIVAN JIVAVANI ZANKHANA

સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના

• પ્રથમ આવૃત્તિ : ૨૦૦૬ • પ્રત : ૧૦૦૦

© **વિમલ પ્રકાશન ટ્રસ્ટ**

• મૂલ્ય : રૂ. ૩૫/-

• પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

'સંતકૃપા', ૧૦૩, રત્નમ્ ટાવર,

ચીફ જસ્ટીસ બંગલો પાછળ, જજીસ બંગલો રોડ,

બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪

ટેલિ. / ફેક્સ : (૦૭૯) ૨૬૮૫૪૯૯૧

• ટાઈપ સેટિંગ

માનસી ગ્રાફિક્સ

અમદાવાદ - ૩૮૨ ૪૮૦

ફોન : (૦૭૯) ૨૭૫૨ ૩૦૨૪

• મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**

ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

• મુદ્રક

મરક્યુરી પ્રિન્ટર્સ

બી-૨૦૨, ઑક્સફર્ડ એવન્યુ,

સી. યુ. શાહ કૉલેજ સામે, આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪

ફોન : (૦૭૯) ૨૭૫૪ ૫૨૧૧

વિમલા ઠકાર

સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના

મુંબઈના

જિજ્ઞાસુઓ સાથે શ્રી વિમલાજીનો

સંવાદ

માઉન્ટ આબુમાં

મૈત્રી શિબિર-ઉત્સવ

નવેમ્બર, ૧૯૯૫

વિમલ પરિવાર, મુંબઈ

૧૯૯૮

નિવેદન

૧૯૯૫ના નવેમ્બર મહિનામાં પૂજ્ય દીદી (શ્રી વિમલાજી)ની નિશ્રામાં 'શિવકુટી', આબુ પર્વતમાં વિમલ પરિવાર, મુંબઈ દ્વારા પરિવારના મિત્રો/જિજ્ઞાસુઓનો એક મૈત્રી શિબિર - ઉત્સવ યોજવામાં આવ્યો હતો. ગંભીર જિજ્ઞાસુઓ માટે ધર્મ અને ધાર્મિક જીવનને સ્પર્શતા વિવિધ મુદ્દાઓને ઊંડાણથી જોવા, જાણવા, સમજવા અર્થે પૂજ્ય દીદીનો જે સંવાદ થયો, તે અત્યંત મર્મવેધક અને તલસ્પર્શી રહ્યો. સંવાદાત્મક અમૃતવાણીને સંચય કરતું પુસ્તક 'Living A Truly Religious Life' વિમલ પરિવાર, મુંબઈથી સને ૧૯૯૮માં પ્રકાશિત થયું હતું.

તે પુસ્તકનો ભાવાનુવાદ શ્રી નિરંજનભાઈ ત્રિવેદીએ બહુ જ ભાવપૂર્વક કર્યો છે, જે સુંદર અને સમર્પક છે. આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય ખૂબ જ ઉત્સાહથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. બંનેના અમે આભારી છીએ.

સાચા ધર્મને સમજવામાં અને પામવામાં આ પુસ્તક સહાયક અને માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા છે.

અક્ષય તૃતીયા — **વિમલ પ્રકાશન ટ્રસ્ટ**

તા. ૩૦-૪-૨૦૦૬ — **અમદાવાદ**

આભાર

પરમ પૂજ્ય, પરમ આદરણીય શ્રી વિમલાજીના 'Living A Truly Religious Life' પુસ્તકનું શાંતિથી વાંચન-મનન કર્યા પછી પરમ પૂજ્ય શ્રી ત્રિવેદી સાહેબે તેનો ભાવાનુવાદ કરવા નિર્ધાર કર્યો. જીવનના અંતિમ દિવસોમાં આ પ્રશસ્ય કાર્ય પૂરું કર્યું. આ કાર્ય કરતાં કરતાં જ કૃતિના ભાવનું આચમન એવી કોઈ વિરલ પળે થયું હશે કે પૂજ્યશ્રીની અંતિમ યાત્રા ઊર્ધ્વગામી થઈ હશે જ એમાં કોઈ સંદેહ નથી. એ પવિત્ર આત્માનું પરમ તત્ત્વ સાથેનું મિલન પૂજ્યશ્રી વિમલાજીની આ કૃતિના અભ્યાસે સુપેરે થયું જ હશે તો જ આવું સહજ મૃત્યુ સંભવે. દીકરી હેમાબહેને પ્રસ્તાવના અર્થે પુસ્તકનો પરિચય કર્યો અને તરત જ ફોનથી કહ્યું, 'આવું સુંદર પુસ્તક વાંચીને પૂજ્ય પપ્પાજી આ બધાથી પર થઈ ગયા બહેન !' 'કેવું સુંદર પુસ્તક છે !' આ સાંભળી મારું મન આનંદ અનુભવી રહ્યું. છેલ્લા દિવસો નિસ્પૃહ અવસ્થામાં જ વ્યતીત થતા હતા. સત્યને પામ્યા હોય તેવો સંતોષ વાણી અને વર્તનમાં વર્તાતો હતો.

ભાવાનુવાદકશ્રીનો પ્રયત્ન પુસ્તકમાં વ્યક્ત થયેલાં ગૂઢતમ તત્ત્વને સરળ અને સચોટ ભાવમાં રજૂ કરવાનો છે. માનવજીવનમાં ધર્મનું સ્થાન અને તેનું મહત્ત્વ દર્શાવવાનો છે. વાચક સમજી શકે તે માટેનો આ પ્રયત્ન છે, એમ કહી શકાય.

પરમ પૂજ્ય દીદીશ્રીએ પુસ્તકનું પ્રકાશન વિમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી કરવાનું કહી મને જવાબદારીમાંથી હળવી કરી તે માટે હૃદયપૂર્વક તેઓશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

- અસ્તુ.

- સદ્‌ગુણા ત્રિવેદી

પ્રાસ્તાવિક

'સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના' એ 'Living A Truly Religious Life' નો ભાવાનુવાદ છે. ભાવાનુવાદક સ્વ. શ્રી નિરંજનભાઈ ત્રિવેદીનો આ પ્રશસ્ય પ્રયત્ન છે. મૂળ કૃતિ આદરણીય પૂજ્ય વિમલાતાઈ દ્વારા રચાયેલી છે. તેમાં ધાર્મિક જીવન કેવી રીતે જીવવું, તે અંગેનું પ્રેરણાદાયી માર્ગદર્શન છે. ભાવાનુવાદમાં મૂળ કૃતિના આધ્યાત્મિક ઊંડાણને પામવાનો સચ્ચાઈપૂર્વકનો પ્રયત્ન છે. માત્ર, શાબ્દિક સત્ત્વ નથી, પણ અંતરને સ્પર્શતું ભાવાત્મક સત્ય છે. ભાવાનુવાદકને કૃતિના નિગૂઢતમ ભાવનો સંસ્પર્શ થયો છે અને એ ભાવને સંક્રાંત કરવા માટેનો તેમનો આ પ્રામાણિક પ્રયત્ન ભાવુકના અંતરમનને અલૌકિક રીતે સ્પર્શી જાય તેવો છે.

આ કૃતિમાં કુલ સાત પ્રકરણ છે. જેમાં ક્રમશઃ ધાર્મિક જીવન જીવવાની ઝંખના જાગવાથી માંડીને સત્યનો સંગાથ થવા સુધીની પ્રક્રિયાને તબક્કાવાર, સરળ અને સચોટ રીતે સમજાવી છે. ધર્મને પામવા માટેનો વૈજ્ઞાનિક અભિગમ આલેખ્યો છે. જીવનના શુદ્ધિકરણની પ્રક્રિયાને સમજાવી છે અને પરમ સમીપે પહોંચવાનું લક્ષ્ય સાધ્યું છે.

ધાર્મિક જીવનની ઝંખના જાગ્યા પછી પાંચભૌતિક બ્રહ્માંડના અંશરૂપી માનવજીવનને સમજવાની જરૂર છે. આ સુસંવાદિત સૃષ્ટિની વ્યવસ્થા અને માનવને રચનાર કોઈ અજ્ઞાત સર્જકની કલ્પના કરતાં આપણે અહોભાવ અનુભવીએ છીએ. તેની વિવિધ પ્રતિભાને માનવજાતના બૌદ્ધિક કે લાગણીજન્ય વિકાસ માટે અનિવાર્ય ગણીએ છીએ.

માનવજીવન એ એક પવિત્ર અને દિવ્ય અભિવ્યક્તિ છે. માનવ ચેતનમાં જો ધર્મચેતના તીવ્ર સ્વરૂપે જાગે તો આ સંબંધ દ્વારા કેવળ આનંદની પ્રાપ્તિ થાય છે ત્યારે અહમ્‌નું તત્ત્વ આપણી ચેતનાના કેંદ્ર સ્વરૂપે રહેતું નથી. અને પરમ ચેતના આપણા અસ્તિત્વને સંભાળે છે,

'ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्' ની અનુભૂતિ થાય છે. આ સત્યપ્રાપ્તિ દ્વારા મનની સ્થિરતા અને શાંતિ પ્રાપ્ત થાય છે.

ધર્મ વિશેના આ સત્સંગમાં જોડાવાથી જીવનની સમજ કેળવાય છે. પ્રેમની સુગંધ, સત્યનો પ્રકાશ અને શાંતિની ગરિમાનો અનુભવ થાય છે. સ્વ. શ્રી નિરંજનભાઈએ આ કૃતિનો ભાવાનુવાદ કરતાં જે તન્મયતા અને તૃપ્તિ અનુભવ્યાં હશે તેની હું કલ્પના કરી શકું છું. સદ્‌ગતે પોતાની હયાતીમાં આ કૃતિનો ભાવાનુવાદ વાંચવા મને આગ્રહ કરેલો, પણ હું મારા શોધનિબંધના કાર્યમાં વ્યસ્ત હોવાથી સમય મળી શકેલો નહિ. તેથી, તેઓની સાથે જ્ઞાનચર્ચા કરવાનો લાભ મને ન મળ્યો.

આશા છે કે આ કૃતિના પ્રકાશનથી તેઓના આત્માને પરમ શાંતિ અને પ્રસન્નતા મળશે.

- હેમા શેઠ

•

આમુખ

(મૂળ અંગ્રેજી પુસ્તકમાંથી અનુવાદિત)

'Living A Truly Religious Life' વિશેના શ્રી વિમલાજીના મૈત્રીપૂર્ણ સંવાદોને પ્રસ્તુત પુસ્તકમાં રજૂ કરતાં વિમલ પરિવાર, (મુંબઈ) આનંદ અને અહોભાવની લાગણી અનુભવે છે. નવેમ્બર, ૧૯૯૫માં વિમલ પરિવાર, માઉન્ટ આબુમાં સંગત માટે એકત્ર થાય ત્યારે શ્રી વિમલાજી આ વિષય ઉપર પોતાના વિચારો વિમર્શ કરે તેવું પસંદ કરવામાં આવ્યું. ધર્મ અને ધાર્મિકજીવનનાં વિવિધ પાસાં અને તેની માનવજીવન ઉપર થતી અસરો વિશે વિચારો રજૂ કરવાનું વિમલાજીએ સ્વીકાર્યું. જે જિજ્ઞાસુઓ માટે આનંદપ્રદ બની રહ્યું.

'ધર્મ' શબ્દ વ્યક્તિગત જુદી જુદી રીતે સ્વીકૃત છે. જેમાં પરંપરાઓ, કૌટુંબિક ઉછેર, અભ્યાસ (શાસ્ત્રાભ્યાસ) અને સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ મહત્તમ અસર ઉપજાવે છે. ઉપરોક્ત બધી જ બાબત વ્યક્તિના ધર્મના આદર્શને નિર્માણ કરે છે અથવા તો અસર ઉપજાવે છે. ઘણી વાર ધર્મને વહેવારમાં મૂકતા વિરોધાભાસ જોવા મળે છે. ધર્મને વહેવારમાં મૂકતાં વ્યક્તિનું જીવન સામસામે આવી જાય છે.

શ્રી વિમલાજી આ વિષયના એકેએક પાસાને યોગ્ય ન્યાય આપે છે. ધર્મના પરંપરાગત અને બિનપરંપરાગત અભિગમને ઊંડાણથી છણાવટ કરી ધર્મ અને ધાર્મિકતાની તથતા સમજાવે છે.

તેઓ વ્યાવહારિકતાને વધુ મહત્ત્વ આપતા વાચકને ગંભીરપણે આંતરિક મનુષ્યત્વને અને આંતરિક વિરોધોને સમજવા યોગ્ય માપદંડ અને માર્ગદર્શન પૂરું પાડે છે. મર્મ-રહસ્યની શોધની શરૂઆતથી માંડીને સ્વશિક્ષણની પ્રગતિમાન ઊર્ધ્વગામી ધાર્મિકજીવન તરફ લઈ જવાની પ્રક્રિયાને સ્વાનુભવ વર્ણવી આપે

છે. 'જીવનમાં અગ્રસ્થાન શેને ?' આ વિષયને જીવનમાં વ્યક્તિગત રીતે સમજવા વાચકને તેઓ વિવશ કરી શક્યા છે. આ રહસ્ય જણાવતાં જુદી જુદી માનવ ટેવોનું તેઓ નિદર્શન કરે છે. માનસિક વ્યાપારોનું અવલોકન કરવા આંતરચક્ષુઓને પ્રકાશિત કરે છે અને તેનાથી અલિપ્તતાની જરૂર જણાય તો કમલવત્ જીવનનો ઉલ્લેખ પણ કરે છે, જે દ્વારા શક્તિઓનું સ્વમાં-સુયોગ્ય સર્વાંગી - સંગઠિત મૂલ્યોનું નિદર્શન પણ કરી જાય છે.

શાંત સમયને પણ તેમણે બિરદાવ્યો છે. જે મનનની પળોમાં વાસ્તવિકતાને સ્વખોજમાં વ્યક્તિને ખેંચી જાય છે. ખરે જ, 'Living A Truly Religious Life' એ જ એક અલૌકિકની સેવા, ભજન, ભક્તિ બની જાય છે. આ ધાર્મિકતા મારામાં હોવી જોઈએ, ઘર કરવી જોઈએ, અને તે અન્ય સાથે સંપર્ક દ્વારા જ શક્ય બની શકે છે.

આ પુસ્તકના પ્રકાશન પાછળ ઘણા વિમલ પરિવારના મિત્રોની સહૃદયતા કામ કરી ગઈ છે. (અમે પામ્યા, બીજા પણ પામે) તેથી, તેમના આપણે ઋણી છીએ. શ્રી કેસરબહેન ઇરાનીનો આભાર માનવો જ રહ્યો. જેમણે આ વ્યાખ્યાનમાળાના મણકાઓમાં વિમલાજીના શબ્દોને સંગ્રહી લીધા. જેથી, આપણા સુધી પહોંચી શકે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગ્રાફિક ડિઝાઇનર શ્રી સુદર્શન ધીર, જેમણે અત્યંત પ્રેમપૂર્વક મુખપૃષ્ઠની કલાત્મક ડિઝાઇન કરી આપી અને શ્રી રાજેશ વલીયા, જેમણે મુખપૃષ્ઠને માટે સુંદર ફોટો ઉપલબ્ધ કરાવી આપ્યો; તેઓ બંનેના અમે આભારી છીએ.

વિમલાજીના પ્રેમાળ શબ્દો વાચકોને સાચે જ જીવન જીવવાની સાચી ધાર્મિકતાના હક્કદાર બનાવે તેવી અભ્યર્થના.

૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૮ **વિમલ પરિવાર**
મુંબઈ

•

અનુક્રમણિકા

૧.	**સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના**	૧
	શું હું ખરેખર જીવંત છું ?	૧
	ધાર્મિકતા	૨
	ધર્મપરંપરાગત પ્રણાલિકાઓની ભીતરમાં	૩
	સાચી ધાર્મિકતા આપણને ખરેખર જોઈએ છે ?	૫
	જુદા પડવાની હિંમતનો નૈતિક અભાવ	૫
૨.	**જીવન એક રહસ્ય છે, ઊંડું રહસ્ય**	૭
	આંતરનિહિત આંતરિક સંબંધો - સ્વસર્જિત	૮
	સર્જક પ્રતિભાનો ખ્યાલ	૮
	ધર્મનું મૂળ : જીવનની અખિલાઈ - અનંતતા - અસીમતા	૯
	જીવનની સાચી સમજ - પ્રતીકો દ્વારા નહિ	૧૦
	ધાર્મિકતા માટેની જાગૃતિ - તીવ્ર ઝંખના	૧૧
	શારીરિક ઊર્જાની સુસંવાદિતા	૧૨
	વાણી અને ભાષાની શક્તિ	૧૪
	વિચારની શક્તિ	૧૫
	મનની ગતિનું અવલોકન	૧૭
	મુક્તિની સાચી ઝંખના	૧૯

૬. સમાધિ ૬૧

માનસિક ગતિશીલતાને રોકી રાખવી. ૬૩

મૌન ૬૫

બૌદ્ધિક શક્તિ ૬૭

૭. સત્ય માટેનો સંગાથ ૬૯

બે પ્રકારની મહત્ત્વાકાંક્ષા ૬૯

આંતરિક અનુસંધાન ૭૧

ધ્યાનની ભીતરમાં ૭૬

એકાંતતા ૭૭

(The Act of Living) જીવન જીવવાની કળા ૭૯



૧. સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના

સાચા ધાર્મિક જીવન વિશે વિચાર કરવો હોય તો સામૂહિક રીતે શાબ્દિક, ાશાબ્દિક (મૌન) તથા અમાનસિક સ્તરે સંવાદ જરૂરી છે.

પરસ્પર એકબીજાની ભાષા સમજવા જેટલું ભાષાજ્ઞાન પણ આવશ્યક . કેવળ કુતૂહલ નહિ, બલકે સાચી, તીવ્ર જિજ્ઞાસા હોવી એ એક પૂર્વ શરત . માત્ર કુતૂહલ, નિરર્થક ચર્ચા અને તાર્કિક દલીલોમાં પરિણમશે. જ્યારે ાચી ઉત્કંટ ઝંખના, સામૂહિક પ્રયત્ન, સામૂહિક ભાગીદારી અને સાચી સમજ ગવવામાં શક્તિપ્રદાન કરે છે.

આવી સામૂહિક જવાબદારીની ભાવનાથી ચાલો આગળ વધીએ. એક ાત સમજી લેવી અત્યંત જરૂરી છે કે સાચી સમજ પેદા કરવા માટે બાંધછોડ ગરની પ્રામાણિકતા સિવાય આગળ વધવું અસંભવ છે. સત્યનિષ્ઠાના પાયા પર આગળ વધવા પ્રયત્ન કરીએ તો જ આગળ વધી શકાશે.

હું ખરેખર જીવંત છું ?

માણસ જીવતો છે એવું ક્યારે કહી શકીએ. જ્યારે માણસ મુક્ત રીતે ાચાર કરી શકે અથવા પોતાની રીતે પોતાનું જીવન જીવવા માટે સમર્થ હોય. ાણસ શ્વાસ લઈ શકે, હરતોફરતો હોય અને તેનામાં આવશ્યક ગરમાવો ાય તો દાક્તરી પરિભાષામાં તે જીવે છે એમ કહી શકાય. બલકે તે મર્યો થી માટે જીવતો ગણાય, પરંતુ હકીકતમાં જીવંત હોવું એટલે સ્વતંત્ર રીતે

જીવન જીવવાનું સામર્થ્ય હોવું. તે જ ખરેખર જીવંત છે, જે જીવન જીવવ પૂરતો મુક્ત છે.

વાસ્તવમાં આપણો જન્મ થાય અને ઉછેર થાય ત્યારે આપણને પોષણ પૂરું પાડવામાં આવે છે. કિંતુ આપણું મન અને વિચાર કરવાની પદ્ધતિ એવી રીતે સજ્જ કરવામાં આવે છે કે જેથી આપણને સામાજિક-અર્થશાસ્ત્રીય (Socio Economic), રાજકીય (Political) અને સાંસ્કૃતિક (Cultural) બાબત્તો માટે જ્ઞાનથી સજ્જ કરવામાં આવે છે, તે આપણે નિશ્ચિત ભાતો કે પદ્ધતિમાં જ અભિવ્યક્તિ કરી શકીએ. આવી અભિવ્યક્તિ માટે જ અનુરૂપ એવાં કૌશલ્યો કેળવવાનું આયોજન થાય કે આપણી અભિવ્યક્તિ સુનિશ્ચિત સુઆયોજિત, સુગ્રથિત જીવનભાતમાં પ્રગટ થાય એટલે કે આપણે પૂર્વ આયોજિત જીવનક્રમ - નોકરી પ્રાપ્ત થવી, વ્યાપાર કરવો કે કૌટુંબિક સંબંધોમાં જોડાઈ જવું - એ માળખામાં જ અટવાઈ જઈએ. શું આને આપણે મુક્ત જીવન અર્થાત્ જીવંતતા કહી શકીએ ખરાં ?

આપણે જો સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના રાખતા હોઈએ તો એ બધી બાબતોમાં ઊંડા ઊતરવું આવશ્યક બની રહેશે. એટલે જ સૌ પ્રથમ પ્રશ્ન આપણી સમક્ષ ઉપસ્થિત થાય તે એ છે કે, આપણે જીવંત છીએ ? આપણે આપણું જીવન મુક્ત રીતે જીવવા સમર્થ છીએ ?

ધાર્મિકતા

મુક્ત જીવન બાદ ધાર્મિકતા શું છે તે સમજવા પ્રયત્ન કરીએ. ધર્મનો સંબંધ જીવનના મૂળ સાથે છે. ધર્મ જીવનના ઉદ્‌ગમ સાથે સંકલિત છે. અંગ્રેજી શબ્દ 'Religion' ઉપરથી એ સ્પષ્ટ રીતે ફલિત થાય છે. સંસ્કૃત ભાષાનુસાર ધર્મ એ જીવનનું પોષકબળ છે. એ બળના આધારે જ આપણે શારીરિક શાબ્દિક કે માનસિક સ્તરોએ જુદા જુદા સંબંધોમાંથી પસાર થઈ શકીએ છીએ. ધર્મ એ જીવનનો અર્ક છે, અમૃત છે. એક એવી પોષક શક્તિ છે જે જીવનને ધારણ કરવામાં, ટકાવી રાખવામાં પાયાનું બળ બની રહે છે. ધર્મ એ મૂળભૂત પ્રેરકબળ છે. આવું પ્રેરકબળ કોઈ નિશ્ચિત ઢાળમાં ઢાળી શકાય નહિ, તે કોઈ સુગ્રથિત, પૂર્વ નિર્ધારિત આયોજન અનુસાર હોઈ જ ન શકે.

તેમની જરૂર હોય, તેઓની જ્યાં માંગ હોય એનાથી અન્ય પરિસ્થિતિમાં તેઓ ગૂંગળાય છે. તેમને તો ફરજિયાતપણું અને હુકમશાહી જ ફાવી ગયાં હોય છે.

જીવન પ્રતિ આદર, જીવન પ્રતિ પ્રેમ, મારું પણ એક આગવું જીવન છે, જે હું જીવું છું એવો ઉપકાર કે કૃતજ્ઞતાની લાગણી દુર્લભ છે. આપણને ધર્મની જરૂરિયાત અતિ તીવ્ર નહિ સમજાય, જે જરૂર અન્ન, આવાસ, આચ્છાદન, આશરો કે આવકનાં સાધનની સમજાય છે. ધર્મની જરૂરિયાત પણ જ્યાં સુધી એટલી તીવ્ર ન બને, એ પ્રતિ એટલા સભાન ના થઈએ, એટલી એ આપણી મૂળભૂત જરૂરિયાત ના બને, ત્યાં સુધી એ ઝંખનામાં સચ્ચાઈનો રણકો નહિ આવે.

ધર્મ એ કેવળ સાંસ્કૃતિક શિષ્ટાચાર કે સામાજિક સૌજન્યભર્યો વહેવાર નથી. એ વાત સમજી લેવી જોઈએ.

આજે આટલેથી જ અટકવું ઉચિત રહેશે.

•

૨. જીવન એક રહસ્ય છે, ઊંડું રહસ્ય

જીવન એક રહસ્ય, **એક ઊંડું રહસ્ય** છે. આખીયે જીવનની પ્રક્રિયાનો ્‌ભવ સ્વયં છે. કોઈના દ્વારા તેનો ઉદ્‌ભવ થયો નથી.

જો સ્વથી એટલે કે **સ્વ-અહમ્‌ને કેંદ્રસ્થાનેથી હટાવી,** લાગણી - યાદો ાજુએ મૂકીને જીવન તરફ, જીવનપ્રક્રિયા તરફ દષ્ટિ વાળીએ તો જીવન-ક્રિયાના અસ્તિત્વનું ઊંડું રહસ્ય છતું થશે.

જીવનની સ્વસર્જિત એકાઈમાં અસંખ્ય વિશ્વો, પરસ્પર આંતરસંબંધ ાવે છે એ માલૂમ પડશે. વિશ્વો, ગ્રહો, સૂર્યમાળાઓ, પૃથ્વી, મહાસાગરો, ાકાશ, પર્વતો, નદીઓ અને બધુંય આંતરસંબંધ ધરાવે છે. તેઓ વચ્ચે **ાંતરજોડાણ નહિ પણ આંતરસંબંધ છે.** આ આંતરસંબંધ અને આંતરજોડાણ ચ્ચેનો તફાવત આપણે સમજી લેવો પડશે.

ફરવા જતાં એક નાનકડો કાંટો વાગે તોપણ મગજને તેની ખબર પડે . દાંતનો દુખાવો થાય અને સમગ્ર શરીરને દુઃખનો અનુભવ થાય છે. આવું કાંઈક બ્રહ્માંડમાં બને છે. સમગ્ર જીવનની અખિલાઈમાં આ આંતરસંબંધ . જુદા જુદા ઘટકોના સરવાળામાંથી અખિલાઈનો ઉદ્‌ભવ થતો નથી. આ ખિલાઈમાં કાર્બનિક એકરૂપતા છે. તેને ટુકડાઓમાં છૂટા પાડી ના શકાય, વી અવિભાજિતતા છે. એટલે જ તે સ્વસર્જિત છે અને એટલે જ એમાં ડું રહસ્ય છે. તેમાં અખિલાઈ છે, એકરૂપતા છે, સંકુલતા છે અને તેમાં વનની પ્રત્યેક અભિવ્યક્તિનો આંતરસંબંધ છે. આથી જ તેમાં પવિત્રતા,

દિવ્યતાનો ભાવ પેદા થાય છે. **દિવ્યતા એ અખિલાઈની જ સુવાસ છે.**

વળી, એટલું જ નહિ, જીવનના ઘટકો એવા પંચમહાભૂતો - પૃથ્વી પાણી, આકાશ, અગ્નિ, વાયુ - આ બધાયમાં અખિલાઈ તો છે જ, પરં પરસ્પર એકબીજાના અંશો પણ છે. પૃથ્વીમાં અગ્નિ છે, પૃથ્વીમાં પાણી છે પાણીમાં પણ અગ્નિ છે. તેથી, તેનાથી ઊર્જા પ્રાપ્ત થાય છે.

આંતરનિહિત આંતરિક સંબંધો - સ્વસર્જિત

પોતાની અલગ ઓળખ સાચવીને પણ આ પંચમહાભૂતો એકબીજાનં અંશ ધરાવે છે.

મને ખબર નથી કે તમે સમગ્ર સૂર્યમાળાના આંતરસંબંધમાં જે વ્યવસ્થિતતા છે, તેને એ રીતે નિહાળી છે કે તેના આંતરસંબંધો, **કોઈ દ્વાર પેદા કરવામાં આવ્યા નથી.** પૃથ્વીનું સર્જન કર્યા બાદ, પ્રયત્નપૂર્વક આવ સંબંધો પેદા કરવામાં આવ્યા નથી. આ તેની **આંતરિક, આંતરનિહિત એવં વિશિષ્ટતા છે** અને તે જ જીવનની ભવ્યતા છે, પવિત્રતા છે અને તેનું ઊં રહસ્ય પણ.

સર્જક પ્રતિભાનો ખ્યાલ

મધ્યયુગમાં કે તે પહેલાંના સમયમાં લોકોએ એવું કાંઈક ધાર્યું હશે, કલ્પ લીધું હશે કે જેમ આપણે એક ઘર બાંધીએ અને તેમાં રહીએ, તેવી રીતે કોઈ મહાસર્જકે આ સમગ્ર સર્જન કર્યું હશે અને તેમાં તે રહે છે. આકાશમાં આવ કોઈ માતા, પિતા કે કાલ્પનિક સર્જક બાબત કલ્પી લેવું શું યોગ્ય છે ? ધર્મશાસ્ત્રોના ઇતિહાસમાં ઉત્ક્રાંતિની પ્રક્રિયા છે જ. છતાંય એક સમયે સર્જનથી અલગ એવી કોઈક અસ્તિત્વ ધરાવતી સર્જક પ્રતિભા ક્યાંક બેસી પુરસ્કાર, શિક્ષા વગેરેની લહાણી કરતી હશે, ક્રોધે ભરાતી હશે અને માનીત અણમાનીતાનો ભેદ કરતી હશે અને ઘરમાં જેમ માતાપિતા પોતાનાં બાળકોને પુરસ્કાર કે શિક્ષા આપે તેમ વર્તતી હશે. શું આ પ્રકારની કલ્પના ઉચિત છે કે માતાપિતાની જેમ જ સર્જક પોતાના સર્જન બાબત સારસંભાળ લઈ તેને જાળવે છે !

હવે, આપણે વીસમી સદીના અંતમાં રહીએ છીએ, જ્યાં વિજ્ઞાનીઓ

ચેતના, સભાનતા વિશે વિવાદ કરે છે કે શું તે કોઈ અલગ સિદ્ધાંત છે કે પછી પદાર્થની ઉત્ક્રાંતિનું જ પરિણામ છે ? આમ, ચેતના અને પદાર્થ શું એકબીજાના અંશ છે અને ચેતનાની અભિવ્યક્તિ પદાર્થની ઉત્ક્રાંતિને કારણે જ અભિવ્યક્ત થાય છે ?

છેલ્લાં કેટલાંક વર્ષોમાં દુનિયાના ભૌતિક વૈજ્ઞાનિકો મનોચેતના વિશે ચર્ચા કરે છે અને જેમ પદાર્થનું વિજ્ઞાન છે, એવી જ રીતે મનોચેતનાનું પણ વિજ્ઞાન છે. વીસમી સદીના અંતમાં જીવન વિશે શું વૈજ્ઞાનિક અભિગમ હોવો જરૂરી નથી લાગતું ?

જ્ઞાતના ક્ષેત્રમાં અજ્ઞાત એવા સર્જકની કલ્પના ખેંચી લાવવામાં આવે છે. વિચારો, સિદ્ધાંતો, ઊર્મિસ્પંદનો એ જીવન રહસ્યને ઉકેલવા માટે ઘસડી લાવવામાં આવે છે અને સંબંધોની વિવિધ ભાત ઉપસાવવામાં આવે છે. જેને કારણે એ વિચારોના, સિદ્ધાંતોના, ખ્યાલોના, પદ્ધતિઓના, પ્રતીકોને મંદિર, મસ્જિદ, દેવળ, ગુરુદ્વારા, બૌદ્ધવિહાર કે જૈન દેરાસરમાં સ્થાન આપવામાં આવ્યું છે અને તેનો સંબંધ, આવશ્યકતા, માનવતાના બૌદ્ધિક કે લાગણીજન્ય વિકાસ માટે જરૂરી ગણવામાં આવ્યું છે.

ધર્મનું મૂળ : જીવનની અખિલાઈ - અનંતતા - અસીમતા

આજે જ્યારે વિજ્ઞાન અને આધ્યાત્મિકતા, ભૌતિકવિજ્ઞાન અને આધિભૌતિક વિજ્ઞાન જેવાં દેખીતી રીતે પારસ્પરિક ભિન્નતા ધરાવતાં વિજ્ઞાનો વચ્ચે સુમેળ અને સમન્વય સધાઈ રહ્યો છે ત્યારે એવું લાગ્યા વગર નથી રહેતું કે ધર્મના મૂળમાં જીવનનું આ રહસ્ય છે, જેને કારણે તેમાં આ પવિત્રતાનું દર્શન થાય છે. આથી જ જીવનને **'જે તે છે'** તે જ પ્રમાણે જોઈ- સમજી લેવું જરૂરી છે. જીવનની અખિલાઈ, આંતરસંબંધની લાક્ષણિકતા, સંકુલતા આ કાંઈ વ્યાખ્યા કરી શકાય, મપાય કે વિશ્લેષણ થઈ શકે અથવા ચોક્કસ વિભાગમાં વહેંચી શકાય તેવી બાબત નથી. જીવનનું અવિભાજિતપણું, અખંડિતપણું, તેની અનંતતા કે અસીમતા, તેને સિદ્ધાંતો, વિચારો, લાગણી કરતાં કોઈ જુદા જ પ્રકારના સંબંધોથી જોડે છે.

આ બધું ઊંડાણ જોઈએ, જાણીએ, સમજીએ તો જ પવિત્રતાનો સાચો

અહેસાસ થાય. આદરભાવ હૃદયમાં કાંઈ આપોઆપ પ્રગટતો નથી.

જીવનની આ અનંતતા, અસીમતા માનવને તેની મર્યાદાઓનું પણ ભાન કરાવે છે. અખિલાઈથી જુદા, અલગ પડી જતા અને સમય, અવકાશના પરિપ્રેક્ષ્યમાં નવા જ કદ, આકાર કે ઘાટ અથવા રંગમાં અખિલાઈથી જુદા સ્વરૂપે પદાર્થ પ્રગટ થાય છે ત્યારે તે પદાર્થ મર્યાદિત બની જાય છે. કિંતુ જેમ અખિલાઈમાં ભવ્યતા છે તેમ જ મર્યાદિતતામાં પણ એક સુંદરતા છે, અખિલાઈમાં આદર અને ભવ્યતાનો ભાવ પેદા થાય છે તેમ જ ભૌતિક પદાર્થો આપણાં શરીર, ઇંદ્રિયો વગેરે પણ સૌંદર્ય અને સ્નેહભાવ જન્માવે છે, કારણ કે તમે તેને સ્પર્શી શકો છો, અનુભવી શકો છો અને આમતેમ ફેરવી શકો છો.

અલગ પડી જતી, મર્યાદિત, વૈયક્તિકતા ધરાવતાં પ્રાણીઓ, પક્ષીઓ વગેરે અન્ય અભિવ્યક્તિઓમાં પણ એટલી જ પવિત્રતા નજરે ચડે છે અને તે પણ આપણા જીવનું અણમોલ ધન છે, અખિલાઈ કે અલગ ન થયેલા પૂર્ણ જીવનમાં છે તેવી જ પવિત્રતા છે. જીવન એક પવિત્ર વસ્તુ છે અને જીવવાની પ્રક્રિયામાં એવી એક દિવ્યતા છે.

જીવનની સાચી સમજ - પ્રતીકો દ્વારા નહિ

જો આપણે જીવનની એ સુંદરતા, ઊંડા રહસ્યને કેવળ સિદ્ધાંતો, પ્રતીકો કે વિભાવના દ્વારા જ સમજવા પ્રયત્ન કરીશું તો જીવન સાથેનો આપણો સંબંધ સીધો નવોનકોર નહિ, પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ ઊતરી આવેલો, જૂનો અરે પડછાયા સ્વરૂપ અનેકગણો પરોક્ષ બની જશે.

આથી, જો નવી જ ખોજ આદરવી હોય તો પ્રતીકો, વિચારો, વિભાવનાઓને નકારી ના કાઢીએ કે તરછોડીએ નહિ. હડસેલી ના દઈએ, તોપણ બાજુએ તો રાખવા જ પડશે, કારણ જીવનની સાચી સમજ કેળવી તદનુસાર જીવન જીવવા માટે તેમનું કોઈ ઔચિત્ય કે આવશ્યકતા નથી. હાલ પૂરતું, પ્રતીકો, વિચારો, વિભાવનાના સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન કોઈ મહત્ત્વ ધરાવતો નથી.

મારે તો જીવનને સમજવું છે, મોસમોના પરિવર્તનને સમજવા છે. સૂર્ય,

થ્વી, ચંદ્ર આ બધાના આંતરસંબંધને સમજવો છે. બીજમાંથી છોડમાં રિવર્તિત થતા છોડને મનભરી જોવો છે. તે વૃક્ષ કેમ બને છે, તે ભાવપૂર્વક હાળવું છે.

પણ મને તેને માટે સમય છે કે હું પૈસા કમાવવામાં જ પૂરેપૂરો ખૂંપી યો છું કે પછી મારા અહમ્‌ના સ્વીકાર, તિરસ્કાર કે માન-અપમાનની જ ળોજણમાં છું. શું હું સામાજિક પ્રવૃત્તિઓમાં જ ખોવાઈ ગયો છું !

હું કેવળ કોઈ કુટુંબમાં નહિ, સમાજ કે વિશ્વના કોઈ ગ્રહમાં નહિ પણ હ્માંડમાં અવતર્યો છું. જેટલો સંબંધ તારે માતાપિતા સાથે છે તેટલો જ સૂર્ય-દ્ર સાથે, જેટલો સંબંધ તારો જાતિ કે સમાજ સાથે છે એટલો જ પૃથ્વી અને ાકાશ સાથે પણ છે અને આ સંબંધ ગાઢ છે.

આથી જ જીવનમાં ધર્મનો ઉદ્‌ભવ, તેનું મૂળ-એ ઊંડા રહસ્યને જોવું, ંડાણથી નિહાળવું, કાંઈક નવું જ શોધવું અને સમજવું તેમાં જ રહેલા છે.

ાર્મિકતા માટેની જાગૃતિ - તીવ્ર ઝંખના

જીવનમાં જે પવિત્રતા અભિવ્યક્ત થાય છે અને જેનો આધાર કોઈ ાચારસરણી, ખ્યાલો, ધર્મશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાન નથી, પરંતુ જે સ્વસંચાલિત, ાનિયંત્રિત અને સ્વપ્રેરિત છે, તે પામવા માટે તીવ્ર ઝંખના હોવી જરૂરી છે. **વ્ય સાથે અંગત સંબંધ સ્થાપિત કરવા માટે સાચા દિલની પ્રબળ ઇચ્છા હોવી રૂરી છે, તે સિવાય ધાર્મિકતા ઉદ્‌ભવતી નથી.**

જેવી રીતે કૌટુંબિક જવાબદારીઓ, અંગત અને સામાજિક વચનબદ્ધતા ાટે ચોક્કસ સમય પોતાના જીવનમાં ફાળવવો પડે છે, તેવી જ રીતે ચેતનામાં ડે ઊંડે ધર્મચેતના આપણા ચૈતન્યમાં તીવ્ર સ્વરૂપે જાગવી જોઈએ કે કુદરત, કૃતિ સાથે આત્મીયતાભર્યો સંબંધ કેમ બંધાય.

આ સંબંધની વિશેષતા એ છે કે તે કશું પ્રાપ્ત કરવા માટે નથી, કેવળ ાનંદ માટે છે. તરવા જઈએ તો કાંઈ મેળવવા જતા નથી, માત્ર આનંદ ાટે જઈએ છીએ. પ્રકૃતિ સાથેનો આત્મીય સંબંધ પણ જીવવાનો છે, એક કારની પ્રતિક્રિયા છે, પ્રત્યક્ષ સામનો છે, જીવંત સંપર્ક છે. તે આપણી

જરૂરિયાત છે. તીવ્ર ઠંડીમાં જેમ સૂર્યપ્રકાશમાં ઊભા રહીએ છીએ તે ધાર્મિકતા એ જીવવાની વસ્તુ છે. તેનો સંબંધ માનસિક સ્તરે વિચારો, સિદ્ધાં સાથે નથી. તેનાથી તો કેવળ અસમતુલા પેદા થાય છે. કોઈ પ્રકાર વિલાસિતા કે દમન નહિ પણ મારા જીવનની સુસંવાદિતા અર્થે જે મા જીવનની તંદુરસ્તી છે, તેને માટે વૈજ્ઞાનિક સંયમ, વૈજ્ઞાનિક સ્વૈચ્છિક સંયમ વૈજ્ઞાનિક મધ્યમ પ્રકારનો સંયમ, શોભનીય સંયમ હોવો જરૂરી છે. આ પ્રકારના સંબંધની ખૂબી જ એ છે કે તે સ્વયંસ્ફુરિત અને સાહજિક છે.

શારીરિક ઊર્જાની સુસંવાદિતા

માની લઈએ કે અહીં એકત્રિત આપણે સૌ આવી તીવ્ર ઝંખનાથી પ્રેરા આગળ વધવા માંગીએ તો ક્યાંથી શરૂઆત કરીશું ? આપણા પિંડમાં બ્રહ્માંડ લઘુ સ્વરૂપે - લઘુ આવૃત્તિરૂપે હાજર જ છે. તેમ બ્રહ્માંડની જેમ ઊર્જાઓની સુસંવાદિતા છે કે નહિ. પંચમહાભૂતો પૃથ્વી, પાણી, આકાશ અગ્નિ, વાયુ વગેરેનો સુમેળ છે ? આવા સુમેળમાં જ, સુસંવાદી સંબંધોમ જ ભવ્યતા રહેલી છે. જીવશાસ્ત્રની દૃષ્ટિએ, વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ આપણે તેમ જ અન્ય સર્વેમાં સમાન વૃત્તિઓ જોવા મળે છે અને તેમાં ઊ રહેલી છે.

તમે એ જોયું છે કે જ્યારે ભૂખ લાગે અને તમે ખરેખર ક્ષુધાતુર થાઓ ત્યારે તમારા શરીરને કેવી અસર પહોંચાડે છે. આવું જ તરસ, જાતીય વૃત્તિ ઊંઘનું પણ છે. સમગ્ર શરીરને તે હચમચાવી દે છે. એ માનસિક શક્તિ નથી એ તર્કપ્રેરિત નથી. એ સર્વસામાન્ય, સાહજિક છે. એમાં ઇચ્છાશક્તિને કો સ્થાન નથી. આ વૃત્તિઓ જૈવિક દુનિયાની પૂંજી છે. વૃક્ષોને તરસ લાગે છે પક્ષીને તરસ લાગે છે. પૃથ્વી પણ તરસી બને છે. પાણી માટે તલસે છે. આ કોઈ કવિતા નથી પણ જીવન છે અને એ જીવન એ જ તો એક કવિતા છે

આપણા શરીરનું સ્વાસ્થ્ય કેવા પ્રકારના ખોરાકનો આનંદથી ઉપભો કરે છે ? સ્વાદ કે પરંપરાગત સ્વાદ અને સુગંધ નહિ કિંતુ આપણા શરીર કેવા ખોરાકની સાચે જ જરૂર છે ? કોઈ પ્રાકૃતિક ચિકિત્સાની દૃષ્ટિએ, આયુર્વે કે હોમિયોપથી સાથે આનો કોઈ સંબંધ નથી. કોઈ પ્રકારના ચિકિત્સાશાસ

ાથે એને કાંઈ લાગતું-વળગતું નથી, પરંતુ આપણી ખોરાકની બાબતમાં કેવી ષ્ટિ છે ? આપણે કેવા પ્રકારના આહારથી શરીરનું પોષણ કરીએ છીએ ? ાહાર પ્રતિ આપણું કેવું વલણ છે ? શું આપણે શરીરને વધુ પડતા ખોરાકથી ાંસી દઈએ છીએ ? શું આપણે તેને આહારની બાબતમાં ઊભું રાખીએ ીએ ? નિમ્ન પોષણ આપીએ છીએ ? આપણે તો સહેજ ક્રોધે ભરાઈએ ોયે જમતાં નથી. સહેજ વ્યથિત છીએ માટે આપણે ઊંઘ લેતા નથી. મારા ારીર સાથે મારે કેવો સંબંધ છે અને ત્યાંથી જ શરૂઆત કરી આપણે આપણા ા દૈહિક આવાસમાં વ્યવસ્થાનું નિર્માણ કરીએ.

સારું શિક્ષણ, ઊંઘ, જાતીય વૃત્તિ, ખોરાક કે વ્યાયામ પ્રતિ નવો ાભિગમ આપશે. તમે કેવી રીતે બેસો છો, કેવી રીતે ઊભા રહો છો ? કેવી ીતે ચાલો છો, કેવી રીતે શરીરને વ્યાયામ આપો છો ? આ શરીરની અંદર ણાં સ્વસંચાલિત કામ કરતાં એવાં તંત્રો - ક્રિયાપદ્ધતિ (System) હોય . આ બધાં તંત્રોને પૂરતો વ્યાયામ મળી રહે છે. આ બધાં તંત્રો જેવાં કે ાયુતંત્ર, ગ્રંથિતંત્ર, જ્ઞાનતંતુતંત્ર, રાસાયણિકતંત્ર, શ્વસનતંત્ર, આ બધાંને નર્શક્તિ પ્રાપ્ત કરવાને યોગ્ય તક મળે છે. આપણા શરીરમાં આ વિવિધ ારનાં તંત્રો ગ્રંથિઓમાંથી ઝરતા રસો ખોરાકને રસાયણ અને ખનિજો Minerals) માં પરિવર્તિત કરે છે. શારીરિક - ભૌતિક જીવન કેવું અદ્ભુત, હસ્યમય છે ! જો આપણે સંવાદિતાની શરૂઆત કરવાની હોય તો આ ારીરિક-ભૌતિક જીવન જે જોઈ શકાય છે, અનુભવી શકાય છે, જેમાં ાસમતુલા થાય તો દૂર કરી શકીએ છીએ. ખરેખર, આ શું ધર્મ નથી ? તો છી ધર્મ કોને કહેશો ?

આમ કરવાથી અવૈજ્ઞાનિક અભિગમ દૂર થશે. વળી, તમારો ખોરાક, ાયામ, ઊંઘ આ બધીયે રોજિંદી પ્રક્રિયાઓ વધુ બુદ્ધિપૂર્વકની, વધુ મજપૂર્વકની અને જવાબદારીપૂર્વકની બનશે. આ પ્રક્રિયામાં અતિરેકતા નહિ ાવે. વધુ પડતી ઊંઘ, વધુ પડતો ખોરાક આપોઆપ દૂર થશે. પરાણે ાવાનું, ફરજિયાત જાતીય પ્રવૃત્તિ કે જબરદસ્તીપૂર્વકની નિદ્રાનો સવાલ નહિ કે. આને પરિણામે અતિરેક કે અસમતુલા આપોઆપ દૂર થશે.

મને સમજાશે કે મારા જીવનની તંદુરસ્તી માટે મારે વૈજ્ઞાનિક મિત્રતા,

વૈજ્ઞાનિક સંયમ, સ્વૈચ્છિક સંયમ અને શોભનીય સંયમની જરૂર છે અ
અતિશયતા કે દમનનો અવકાશ નહિ રહે. આ બધુંયે કોઈ શાસ્ત્રોની આજ્ઞ
છે, માટે નહિ કિંતુ મારી પોતાની સમજ છે. મારી પોતાની તીવ્ર ઝંખના અ
જરૂર છે.

વાણી અને ભાષાની શક્તિ

સંવાદ અને લય વિના સુખ કે શાંતિ સંભવી શકે નહિ, સુસંવાદ
તંદુરસ્તી-સ્વાસ્થ્યનો પ્રાણ છે અને સુગંધ પણ. આ શરીરના ભૌતિક સ્તર
વાત થઈ, જ્યાં મારા અભિગમમાં ગુણાત્મક ફેરફાર આવ્યો.

આવી જ રીતે વાણી અને ભાષાની પણ શક્તિ છે. હું બોલું ત્યારે મા
શરીરમાં શું થાય છે ? શું તે નાભિમાં કે શિરમોર મસ્તકમાં આપણે ક્યારે
એ પૂછયું છે કે મારા શરીરમાં અવાજ ક્યાં રહે છે. વાણીનો વાસ ક્યાં
અને તે શબ્દમાં પરિવર્તિત થઈ મુખ વાટે કેવી રીતે સરી પડે છે ? આ
શીખવાનું છે, આ જ તપાસવાનું છે, આ જ તો ખોજ છે.

આથી તો વાણી, અવાજની શક્તિ વિશે આદર થશે અને તમે તે
દુરુપયોગ નહિ કરો. બોલવું એ વિનિમય છે. વાણી એ ભાગીદારી છે. વાણ
દ્વારા આપણે હકીકતનું બયાન કરીએ છીએ. આપણા અંતરંગ હેતુની ર
અભિવ્યક્તિ છે. તે અંદર અને બાહ્ય વચ્ચેનો સેતુ છે. શું આપણે તે
જવાબદારીપૂર્વક ઉપયોગ કરીએ છીએ કે ગમે તેમ અવ્યવસ્થિત રીતે
દિવસભરની ગપસપ અને વગર વિચાર્યે, જરૂર વગર બોલે રાખીએ છીએ
શું આપણે તેનો દુરુપયોગ નથી કરતા ? જીવન માટે આદર એ જીવવાન
વસ્તુ છે.

આપણે બેસીને બોલીએ.

> नादात्मकम् जगत् सर्वम् ।
>
> नादरुपः स्वयं विष्णुः । नादरूपो महेश्वरः ।
> नादात्मकं परा शक्तिः । नादात्मकं जगत्त्रयम् ।

વાણી, નાદ એ જ સર્વ જગત છે. નાદ એ જ સ્વયં વિષ્ણુ છે. નાદ મહેશ્વ

છે. નાદ એ જ પરાશક્તિ છે. નાદ એ તો સમગ્ર ત્રિલોક છે.

આપણે શું કરીએ છીએ. આપણે કદીયે વિચાર્યું છે કે કેવી ઋક્ષતાથી આપણે વાણીની શક્તિ અને શબ્દો દ્વારા અભિવ્યક્તિનો જીવનમાં દુરુપયોગ અને અયોગ્ય રીતે ઉપયોગ કર્યો છે ! એ શારીરિક સ્તરે જ અવ્યવસ્થા, અશાંતિ હોય તો માનસિક સ્તર જે સૂક્ષ્મ, અદશ્ય, ન જોઈ શકાય, ન આમતેમ ફેરવી શકાય તેવું છે. ત્યાં તો વ્યવસ્થા સંભવી જ કેવી રીતે શકે ?

આથી, જ્યારે હું વાણીની શક્તિને સુસંવાદિત બનાવવા માગું ત્યારે હું નરી હકીકત બયાન કરું છું. મારા કથનમાં હું મારા ગમા-અણગમાને વચ્ચે લાવતો નથી. સામાન્ય લોકો તેને સત્યપ્રિયતા કહે છે, હું તેને હકીકત સાથેનું સાનુકૂલન કહું છું. જ્યારે કાંઈ વર્ણન કરતાં હોય ત્યારે તેમાં તમે લાગણી, ગમા કે અણગમા વગેરેનું મીઠું, મરચું ભભરાવો ત્યારે તે અસત્ય બને છે અને જૂઠાણું કે ખોટી રજૂઆત એ આંતરિક લક્ષ્યાંક કે હેતુઓ સાથે પ્રતિકૂલન બને છે. જો તમે એવા શબ્દોનો ઉપયોગ કરો જેથી તમારા ગમા-અણગમાથી તમારા આંતરિક હેતુઓ ઢંકાઈ જાય અને અપ્રગટ રહે અથવા દૂષિત થાય તો તે વાણીનો ગેરઉપયોગ દુરુપયોગ ગણાય. તેથી જ હું મારા શાબ્દિકરણ સાથેના સંબંધોને મારા જીવનમાં કે એવા વિશાલ ફલક ઉપર સ્થાપીશ કે તે તાર્કિક કે વૈજ્ઞાનિક સ્તરે પહોંચાડી શકું.

આવતી સદીમાં કેવળ વૈજ્ઞાનિક આધ્યાત્મિકતા જ પ્રમાણભૂત બનવાની છે: લાગણીપટુતા, વક્તૃત્વ કે વૈચારિક પ્રખરતા ટકવાની નથી. જે વિજ્ઞાન કે તર્કની કસોટીએ પાર ઊતરશે તે જ રહેશે. બાકીના ખ્યાલો, પદ્ધતિઓ કે વૈચારિક માળખાં એ એક ઇતિહાસનો એક ભાગ કે પૂર્વજોનાં શાબ્દિક સ્મૃતિ-ચિહ્નો બની રહેશે. આમ, એક નવા જ પ્રકારની ક્રિયાશીલતા જરૂરી બનશે અને ચાલો આપણે આપણી જાતથી જ શરૂઆત કરીએ.

વિચારની શક્તિ

હવે, એક કપરા ક્ષેત્રમાં પદાર્પણ કરીએ. જૈવિકથી મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર તરફ ગતિ કરીએ. આપણે જાણીએ છીએ કે આપણું અસ્તિત્વ હજારો વર્ષ જૂનું છે. આપણું મગજ સમગ્ર માનવજાત દ્વારા કેળવાયેલું છે, તાલીમ પામ્યું

છે અને અનુસંધાનોથી ઘેરાયેલું છે કે જેથી મજ્જાતંત્ર, પ્લાઝમા કે તેથીયે ઊંડે હાડકાંના અંતરંગ પદાર્થની ભીતરમાં એવા એક પ્રકારના બાહ્ય ટાપટીપ અને ઉપરછલ્લી સંસ્કારિતા સાથે તેનું અનુસંધાન થઈ ગયું છે. એટલે પ્રાકૃતિક વૃત્તિઓ જે રીતે જૈવિક તંત્રમાં ઘર કરી બેઠી છે તેવી જ રીતે અંતરંગ મનમાં, વૈચારિક શક્તિ પેસી ગઈ છે. આ બધી જૂની યાદો, વિચારો, જ્ઞાન, અનુભવ વગેરેનો જે જથ્થો આપણા જ્ઞાત, અજ્ઞાત કે અર્ધજ્ઞાત એવી ચેતનામાં ભરાયેલો પડ્યો છે, તેનું શું કરીશું ? મુશ્કેલી એ છે કે દશ્યમાન નથી. તેને જોઈ શકતા નથી.

તમે જેમ, કલેજું, યકૃત, પેનક્રિયાસ, અન્ય ગ્રંથિઓ - ફેફસાં, હૃદય વગેરેને જોઈ શકો છો, તેમ મનને જોઈ શકતા નથી. મન એ એક જ એવા પ્રકારનું અવયવ છે. હજારો વર્ષોનાં અનુસંધાનોનો આવો એક ભંડાર તે મન છે, જે સમગ્ર શરીરમાં પથરાયેલો છે. છેક મસ્તકથી લઈ પગની પાની સુધી બધે જ મન છે. વિચાર, યાદ, અનુભવ આ બધાયની શક્તિ ત્યાં છે જ. હવે, આવા વિશાળ ક્ષેત્રમાં લયબદ્ધતા કેવી રીતે લાવી શકાય ?

હું ના જ પાડીશ. એ અઘરું કામ છે અને તેથી જે સહેલાઈથી પ્રાપ્ત થાય તે જ પ્રમાણે અનુસરવાનું પસંદ કરીશ. જેમ કે, ઝડપી તૈયાર થતો ખોરાક (Fast food), તાત્કાલિક તૈયાર થતી કૉફી (Instant Coffee), તૈયાર સીવેલાં કપડાં (Readymade Garments) અને તૈયાર થઈ ચૂકેલો સર્વમાન્ય ધર્મ (Ready Made Religion) આ કેવળ મજાક નથી. આ એક કરુણ વાસ્તવિકતા છે. આજની વ્યાપારગ્રસ્ત દુનિયામાં અને વ્યાપારગ્રસ્ત લોકોને આવી જ સરળ અને ઝડપી આધ્યાત્મિકતા જોઈએ છે. જો તે વગર પરિશ્રમે પ્રાપ્ત થાય, તૈયાર રાંધેલી મળે, કોઈ માથે હાથ મૂકે અને હું તેનો અનુભવ કરી શકું તો મને ખરેખર સુખ પ્રાપ્ત થાય. જીવવું માત્ર એક ભાર-રૂપ બની ગયું છે અને પ્રગતિના નામે આપણે ટૂંકા રસ્તા શોધી રહ્યા છીએ. મિત્રો, આ કેવળ ટીકા નથી. આ એક શાબ્દિક સ્વરૂપે રજૂ થતી વેદના છે, જે મિત્રો સાથે સહભાગી બની અભિવ્યક્ત થઈ છે. ધર્મ અને ધાર્મિકતાનું વ્યાપારીકરણ ના થઈ શકે. તેને બીબાંઢાળ નિયમોમાં ઢાળી ના શકાય. તે લાદી તો ન જ શકાય. તેનો પ્રચાર - પ્રસાર પણ ના થઈ શકે. ધર્મ અને

ાર્મિકતા એ આગવી રીતે વૈયક્તિક છે. વ્યક્તિ વ્યક્તિએ તે ભિન્ન છે. જેમ ેક ફૂલ એ બીજા ફૂલનું કેવળ પુનરાવર્તન નથી, તેવી જ રીતે એક સત્ય મને તથ્ય એ પુનરાવર્તન નથી.

ાનની ગતિનું અવલોકન

હવે, મારી જે શક્તિ સમગ્ર શરીરમાં વ્યાપી ગયેલી છે તેનો પરિચય ાળવવો છે. તેને શોધવી છે. તો પછી અહીં પ્રસ્તુત બને છે શીખવાની અને ેરીક્ષણની પ્રક્રિયા.

તો શીખવા, નિરીક્ષણ કરવા થોડોક સમય ફાળવવો જ પડશે. થોડોક ામય અવલોકન માટે બેસવું જ રહ્યું. તમે શરીર સાથે એક પ્રકારનો વૈજ્ઞાનિક ાંબંધ બાંધ્યો છે, યોગ્ય ખોરાક, યોગ્ય વ્યાયામ, યોગ્ય નિદ્રા, સંયમ અને ામ્યકતા દ્વારા શરીરને હવે કેળવ્યું છે કે તમે શરીરને સુખદાયક એવા આસનમાં રોડરજ્જુને સીધી રાખી, ટટ્ટાર રાખી, એવી રીતે ગોઠવાઈ શકશો કે જેથી ામારી શ્વાસોશ્વાસની પ્રક્રિયાના લયમાં કોઈ પ્રકારનો અવરોધ પેદા ન થાય. ત્યારે તમે સીધા ટટ્ટાર બેસો કે ઊભા રહો ત્યારે શ્વાસ અંદર લેવાની કે બહાર કવાની પ્રક્રિયા લયબદ્ધ ચાલે. કોઈ આંચકા કે અસ્થિરતા ન જણાય. આમ, ામે સુયોગ્ય રીતે બેસો છો. શરીર પણ ધરતી સાથે સંબંધ પ્રસ્થાપિત કરી લે ે. શરીરને અક્કડ કે જડ બનાવ્યા વગર શાંતિથી ગોઠવાવ છો.

જીવન એ હળવાશનું હલનચલન છે. કોઈ તણાવ કે દબાણનું નહિ. ોઈ સંઘર્ષ કે વિરોધનું પણ નહિ. હવે, તમે જૈવિક વૃત્તિઓ સાથે લયબદ્ધ ાંબંધ પ્રસ્થાપિત કર્યો છે; એટલે શરીર પણ કદાચ સહકાર આપશે જ. તમે ોઈ શાંત ખૂણામાં બેસી જજો. જો કોઈ એવું સ્થાન કે બાગ અથવા વાડી ના ોય તો કોઈ અગાશી કે ઝરૂખામાં, ચાળીસ કે પિસ્તાળીસ મિનિટ એકાંતમાં વસ્થ રીતે તમારી જાત સાથે ગોઠવાઈ જુઓ કે મન કેવી ગતિ કરે છે અને ; શું ઊભરી આવે છે. તમારે એ ધ્યાનથી જોવાનું છે.

તમે જોઈ શકશો કે મન કેવું અવ્યવસ્થિત, અસ્તવ્યસ્ત ગતિ કરે છે. એ ૂતકાળમાં સરી પડે છે, ગઈકાલ કે ગયા માસ કે વર્ષ તરફ અથવા ભવિષ્યની ોઈ કલ્પનામાં. ભવિષ્ય કોઈ ચોક્કસ પાસું નથી, પરંતુ મન ભૂતકાળથી

ભવિષ્ય તરફ જાય છે એ નક્કી. એક વિષયથી બીજા વિષય ઉપર, એક યાદથી બીજી યાદ તરફ. તમારે એનું ધ્યાનપૂર્વક અવલોકન કરવાનું છે. જ્યાં સુધી એ મનની અવ્યવસ્થા, અસ્તવ્યસ્તતા, અંધાધૂંધી તમે સીધી રીતે જોઈ નહિ શકો ત્યાં સુધી સ્વતંત્રતા, મુક્તિ માટે કોઈ ઝંખના નહિ થાય.

મનની અંદર પડેલી વિગતો સપાટી ઉપર ઊભરી આવે છે અને મારી દૃષ્ટિ સમક્ષ ઉઘાડી (ખુલ્લાં) થાય છે. મારો અહમ્ ઘવાય છે, કારણ મને મારો ગુસ્સો દેખાય છે, મારી ઈર્ષાનું ભાન થાય છે. મારી વાસના હું જોઈ શકું છું. મારી ઇચ્છા-આકાંક્ષાઓ જણાય છે. મારાં સારાં, નરસાં બધાં જ પાસાં મને દેખાય છે અને બધું જ છતું થાય છે. હું વિચારમાં પડી જઉં છું. આ શું મારા પિતા તરફથી ઊતરી આવ્યું છે ? શું માતાને કારણે છે ? શું શિક્ષક આને માટે જવાબદાર છે ?

આંતરિક સંશોધન, વિશ્લેષણ, અર્થઘટન શરૂ થાય છે. અર્થઘટન માટે ઘણાં પુસ્તકો છે, જેમાં વિવિધ અર્થઘટન કરવાની રીતો પ્રતિપાદિત કરવામાં આવી છે. ફ્રોઇડ, એડલર અને માર્ટિનની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ તેમાં દર્શાવેલી છે. આમ, બૌદ્ધિક અર્થઘટન ચાલ્યા કરે છે, પરંતુ આપણે તેની વાત કરતા નથી. પ્રતિક્રિયા વગરનું કેવળ નિરીક્ષણ, મૂલ્યાંકન વગરનું નિરીક્ષણ, કોઈ નિર્ણયવિહીન નિરીક્ષણ એ તો માત્ર દમનની પ્રક્રિયા, તપની જ પ્રક્રિયા, કેવળ મગજની તપશ્ચર્યા, જેનો કોઈ વિશેષ અર્થ નહિ. જો હું એ ઊઘડેલા માનસિક પટારાને સમજપૂર્વક જોઉં અને ઊઘડવા દઉં તો એ અર્ધો, પોણો કલાક જે હું ગાળું છું, તે ત્યાર પછીની મારી ઑફિસની વાતચીત, પતિ કે પત્ની સાથેની વાતચીત એક નવી જ દિશા, નવું જ પાસું બને છે. રોજિંદી ચીલાચાલુ પ્રક્રિયામાં નવી દિશા ઉમેરાય છે. હું હવે સભાનતાપૂર્વક જાણું છું કે હું શું બોલું છું અને જે બોલું છું તે બોલવાની રીત વિશે પણ સભાન બનું છું. તેથી, હું ગુસ્સામાં હોઉં અને ગુસ્સો ફાટવાની તૈયારીમાં હોય ત્યારે સભાન છું કે હું ક્રોધની પકડમાં છું.

અવલોકન હવે પરિચિત પ્રક્રિયા થવાથી, તેનો સીધો અનુભવ થવાથી, હવે હું પૂરતો સભાન છું કે હું ઈર્ષાની પકડમાં છું. હું મહત્ત્વાકાંક્ષાનો ભોગ બન્યો છું. મારામાં અધીરાઈ ઊભરી રહી છે. હવે, સંબંધોમાં એક નવું જોર,

નવી શક્તિ આવે છે. આપણે પરિવર્તન માટે ઉતાવળા નથી. આપણે એ વિવિધ આક્રમણોને નાબૂદ કરવા અધીરા નથી. આમ, તેની એકાંતમાં સભાનતા, સંબંધોમાં, સંબંધોની વચ્ચે પણ તેની વિશિષ્ટ જાણ અને સભાનતા. આમ તો દિવસમાં દસ વાર એક યા બીજા પ્રકારની લાગણીના ભોગ બનવાની કે કોઈ વિચાર કે ખ્યાલથી અશાંત બનવાની સ્થિતિ. પરિણામે સાચી નિરાશા હૃદયમાં વ્યાપે છે. તે લાગણીને કારણે નહિ, પરંતુ તેને લીધે થતી નિરાશા કે અસ્તવ્યસ્તતાથી હવે મને સમજાય છે કે મારા ક્રોધ ભરેલા શબ્દો, મારી અધીરાઈ, મારી દોષારોપણની ક્રિયા, મારાં વહેમ હવે મને દેખાય છે, જણાય છે, સમજાય છે. મારા સંબંધોની તે શું હાલત કરે છે, તેનું પણ ભાન થાય છે. આ પ્રકારની વક્રતા કે અસમતુલા મારા હૃદયમાં અસમતુલા પેદા કરે છે. અને તેમાંથી મુક્ત થવાની, તે અંધકારથી બચવાની તીવ્ર ઈચ્છા જાગે છે. કેવળ પ્રવચન સાંભળવાથી, વ્યાખ્યાન કે ચર્ચા-સંવાદથી એ તીવ્ર ઝંખનાની જ્યોત જાગતી નથી.

મુક્તિની સાચી ઝંખના

આમ, ધ્યાનપૂર્વકનું અવલોકન, જાણકારી, સમજદારીમાં પરિવર્તિત થાય છે અને તેમાંથી ઉદ્‌ભવે છે, મુક્તિની તીવ્ર ઝંખના. આ ઝંખના કોઈ સિદ્ધાંત કે ખ્યાલનું પરિણામ નથી. એ કોઈ પ્રકારની પ્રતિક્રિયા પણ નથી. આથી, તે ઝંખના પોતાની આગવી રીતે ગતિમાન થશે. જ્યારે પણ આપણે કોઈ પ્રતિક્રિયારૂપે ધર્મ કે આધ્યાત્મિકતા તરફ વળીએ છીએ ત્યારે આપણી ગતિના કારણરૂપ તે પ્રતિક્રિયા હોય છે અને તે પ્રતિક્રિયા શમી જાય ત્યારે મુક્તિ માટેની તીવ્રતા કે ઊંડાણ અદૃશ્ય થઈ જાય છે. જો હું કોઈ મહત્ત્વાકાંક્ષા પ્રેરિત હોઉં તો તે મહત્ત્વાકાંક્ષા પૂરી થતાં કે તેમાં હતાશા સાંપડતાં હું તે ઝંખનાથી પાછો પડું છું. એટલે જ એ ધ્યાન રાખવું ઘટે કે તમારી ઝંખના તમારી દૃષ્ટિ અને સમજમાંથી ઉદ્‌ભવેલી હોવી જોઈએ. હવે, પરિસ્થિતિમાંથી ખરેખર દિલગીરી વ્યાપી છે અને તેથી જ ઝંખના ઉત્પન્ન થઈ છે. મેં જોઈ છે, એ વારંવાર ઉદ્‌ભવતી અસમતુલા અને અસ્થાયી, ગાંડપણ સર્જતી અસમતુલા, મારી માનસિક રોગસર્જિત અસમતુલા અને એ જોવાથી જ તીવ્ર ઝંખના મુક્તિ માટે સર્જાઈ છે. માણસ શું કરે છે તે જોવા જેવું છે. આપણા દેશમાં જન્મેલો માણસ-

તેને શાસ્ત્રો સુપ્રાપ્ય હોય છે. વળી, નીતિશાસ્ત્ર, ધર્મ, આધ્યાત્મિકતા, આધ્યાત્મિક શિસ્ત વગેરે અંગેનાં પુસ્તકોમાંથી તે પસંદ કરે છે અને અપનાવે છે. આપણે સામાન્ય માણસો આ પ્રમાણે જીવીએ છીએ, તેથી, હું નક્કી કરું છું, મનોમન, કે હવે હું આમ કરીશ, તેમ કરીશ અને મારા મનને શિસ્તપૂર્ણ બનાવીશ. આમ, માનસિક પ્રયોગ શરૂ થાય છે. વ્રતો અને પ્રતિજ્ઞાઓ લેવાય છે કે અમુક દિવસો મૌન પાળીશ, ઉપવાસ કરીશ, ત્યાગ કરીશ. આમ, વિવિધ પ્રકારની શિસ્તપ્રેરિત તપશ્ચર્યાના પ્રયોગ થાય છે.

મનને આપણે નિયંત્રણમાં લાવી, મનની પ્રવૃત્તિ ઉપર કાબૂ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખીએ છીએ. કિંતુ આપણે જ મન છીએ, તેથી, આપણો અહમ્ વશમાં કરનાર અને વશ થનાર એમ બેવડી ભૂમિકા સ્વીકારવાનું પસંદ કરવામાં સંકોચ કરે છે. જેમ વધારે મનને વશમાં લાવવા પ્રયત્ન કરીએ તેમ મગજ, આખું મન આનંદ અનુભવવાનું ઓછું કરે છે, કારણ મનને આ બેવડી ભૂમિકાનો સંબંધ પસંદ નથી. અને પ્રયોગ, પ્રયત્નનું નવતર મૂલ્ય ઘટતાં અંદરથી નાપસંદગી, વિરોધ પેદા થાય છે. બાહ્ય વશ થવાનો આચાર અને આંતરિક આવા આચારનો વિરોધ. અંદરથી હું ધૂંધવાતો હોઉં અને બહારથી તેના ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન આદરું છું. આમ, મારી અને મારી અંદર જે થઈ રહ્યું છે, તેનો વિરોધ જન્મે છે. મારા અહમ્ અને મારી અંદરની લાગણી વચ્ચે ફાટ પેદા થાય છે.

ભારતમાં નિર્ણયો, સંકલ્પો, વ્રતો, પ્રતિજ્ઞાઓ લેવામાં આવ્યા છે. મધ્યપૂર્વમાં અને ખ્રિસ્તી દુનિયામાં પણ અને પૂર્વના દેશોમાં તથા બૌદ્ધ દેશોમાં એ જ પ્રમાણે બન્યું છે અને ત્યાં જ, પછી છોડવું, ત્યજવું, દમન કરવું, કચડી નાખવું - આ રમત શરૂ થાય છે. દુન્યવી લોકો સુખના પણ અતિરેક ભર્યા માનસિક દબાવમાં રાચે છે. દમન, કચડવું, ત્યજવું આ બધી બાલિશ રમતથી અંતરંગ સંકોચ પામે છે અને લૂખું પડી જાય છે. રૂક્ષ બની જાય અથવા સંઘર્ષ, દુઃખ અને યાતના અનુભવે છે.

જ્યારે માણસને આ સમજાય છે, ખરેખર સમજાય તો આવા પ્રયત્નો સ્વાભાવિકતા તરફ દોરી જતા નથી. સંવાદિતા, સુમેળ તરફ પણ નહિ અને

ધર્મ એટલે ક્લેશમુક્તિ, માનસિક યાતનામાંથી છુટકારો.

એટલે જ પતંજલિ કહે છે : क्लेशमुक्तिः कैवल्यम् । બુદ્ધ પણ એ જ કહે છે : दुःखनिवृत्तिः कैवल्यम् । આમ, માનસિક યાતનાનો અંત ન આવે તો પ્રયત્ન રહિતતા કે શરણાગતિ, મથામણની પૂર્ણાહુતિ સંભવે છે.

આપણને સમજાયું છે, જીવન સ્વસર્જિત છે. તેમાં અંદરની વ્યવસ્થિતતા છે, આંતરસંબંધ છે અને એક પ્રકારનો લય, સુમેળ, સુસંવાદિતા છે. તો પછી અંદર આ ગરબડ કેમ છે ? જો સૂર્યમાળાઓ, આંતરગ્રહ તંત્રમાં લયબદ્ધતા હોય, વિવિધ ઋતુઓની લયબદ્ધ ગતિ હોય તો પછી શરીરમાં આવું કેમ ?

અહીં આપણે શીખવાનું શરૂ થાય છે. જૈવિક વૃત્તિઓ, વિચારની શક્તિ, લાગણીઓનું ઊર્મિતંત્ર, આ બધાં જ આપણાં સાધનો છે. એ જ આપણાં સાથી, પણ હવે શારીરિક સ્તરે શોધ શરૂ થાય છે અને આપણે જોઈ શક્યા છીએ કે વર્ષોનું જરીપુરાણું અનુસંધાન, એ નિયંત્રણ સ્વીકારતું નથી કે નિયમોના પાલનનો ઇન્કાર કરે છે.

આપણી અંદર શું બની રહ્યું છે તે સમજાયા પછી આપણે એ સ્થિતિએ પહોંચ્યા છીએ કે આપણા શરીરની અંદર વર્ષો જૂના રૂઢ થયેલા સંસ્કારોની ગતિ અને આપણી ઇચ્છા બંને વચ્ચે એકરૂપતા નથી. ઇચ્છા, સંકલ્પ, પ્રતિજ્ઞા વ્રતો બધુંયે રૂઢ થયેલા, ઘર કરી ગયેલા વિચારો, સંસ્કારોથી પરાસ્ત થાય છે. અજ્ઞાત અને અર્ધજ્ઞાત મનમાં ઠરીઠામ થઈ ચૂકેલા ખ્યાલોથી, જડ બની ચૂકેલા સંસ્કારોથી. આથી, તમે નિરાશ થાવ છો કે હતાશ અને સ્વાભાવિક રીતે બોલી ઊઠો છો - 'આમાં કાંઈ થઈ શકે તેમ નથી' અથવા પ્રયત્ન રહિતતાના પથ ઉપર અટવાયા કરો છો.

•

૩. જીવન દિવ્ય છે

જ્યારે તમે વાર્તાલાપ સાંભળતા હતા ત્યારે કેવળ જૂના જ્ઞાનની વૃદ્ધિ અને સ્મૃતિમાં ઉમેરો થયો છે કે સમૂચી, સમગ્ર પ્રક્રિયા થઈ છે ? કેવળ સાંભળવાનું નહિ પણ પૂરા મનથી, પૂરા વ્યક્તિત્વને તેમાં ઓતપ્રોત કરી જે માનસિક પ્રક્રિયા અને ચેતાતંત્રની વાત કરવામાં આવી તેની કામગીરી, રચના અને મનોવૈજ્ઞાનિક હકીકતો તથા માનસિક કાર્ય કરવાની પદ્ધતિની વિશદતાથી છણાવટ કરવામાં આવી તે બધાંય અંગે તમને માનસિક દર્શન થયું છે ? મનોવૈજ્ઞાનિક સત્યોનું દર્શન અને સાંભળવાની ક્રિયાને છૂટાં પાડી શકાય નહિ. દર્શન સિવાય સાંભળવાનું વૃથા છે. ગમે તે વાર્તાલાપ કે પ્રવચનો સાંભળો કે પુસ્તકો વાંચો જેમાં મુક્ત આત્માઓના ઉપદેશની વાત કરવામાં આવી હોય તે બધુંય નરી માનસિક ઉત્તેજના બની રહે છે. એક બૌદ્ધિક વ્યાયામ અને લાગણીસભર મનોરંજન.

તેથી, વાંચવું અને માનસિક અંદરની પ્રક્રિયાનું દર્શન કરવું, સાંભળવું અને સાથોસાથ તે માનસિક પ્રક્રિયાને ધ્યાનપૂર્વક જોવી એ બધુંય સાથે સાથે થવું જોઈએ. જેથી, જે સત્યનું દર્શન થાય તે આપણા વ્યક્તિત્વનો, અસ્તિત્વનો અંતરંગ હિસ્સો બની જાય, માત્ર કોઈએ કોઈ પ્રકારના સત્ય તરફ માત્ર ધ્યાન દોર્યું હોય તેવું ન રહેવું જોઈએ. આમ, સત્ય જ્યારે અસ્તિત્વનો હિસ્સો બને ત્યારે તે અસ્તિત્વને પોષક અને પ્રેરક બને છે, અન્યથા નહિ.

તપાસની શરૂઆત

સહેજ જુદા દૃષ્ટિકોણથી મારી સાથે શીખનારના જીવનને જોવા, સમજવા

ું અનુરોધ કરું છું. આપણામાંથી જે લોકો ભારતમાં જ જન્મ્યા છે, તેઓ ણે છે કે આપણા પૂર્વજોએ પુરાણા કાળમાં તેમના પોતાના મુખ્ય ધ્યેય તરીકે ત્યની ખોજ, તથ્યની શોધ બનાવી તેમના પોતાના જીવનને એક યોગશાળામાં ફેરવી નાખ્યું હતું. તેઓની શોધ, પ્રયોગો, પરિણામ, તારણો ુસ્તકોમાં સંઘરાયેલાં છે. જો તમે આ દેશમાં જન્મ્યા હોવ અને અહીં જ મારો ઉછેર થયો હોય તો ધર્મ કે આધ્યાત્મિકતા બાબત સાંભળવામાંથી કે ા વિશે વાંચવામાંથી બાકાત રહી શકો જ નહિ. આપણે સૌ જે કુટુંબોમાં ન્મ્યા છીએ, તે કુટુંબોને પોતાની પરંપરાઓ હોય છે. નૈતિક પરંપરાઓ, ાર્મિક રીતરિવાજો, કુલાચારો, જ્ઞાતિની પરંપરાઓ કે જે-તે વર્ગની રંપરાઓ, આ બધી પરંપરાઓમાં જ આપણો જન્મ થયો છે.

દેવ, દેવીઓની મૂર્તિઓ કોઈક ખંડમાં કે ઘરના કોઈ ખૂણામાં રાખવામાં ાવી હોય છે. ત્યાં તેની પૂજા થાય છે. મંત્રોનું ઉચ્ચારણ થાય છે, ક્રિયાકાંડ ણ ચાલ્યા કરે છે. આ ભારતીય જીવનની પદ્ધતિ છે. હું શું કરું છું ? યારેક, પાંચ, પચીસ કે પચાસ વર્ષની ઉંમરે આ બધાયનો અર્થ હું સમજવા ચ્છું છું. આવી એક ઝંખના પેદા થાય છે. મને આ અંગે વિચારો સ્ફુરે છે. મ ? કેવી રીતે ? શા માટે ? એ જવા દઈએ તોપણ આવી ઝંખના થાય છે, ે એક મહત્ત્વની બાબત છે. જેને આવી ઇચ્છા થાય છે, તેવા ભાગ્યશાળી ોકો તે અંગે પ્રશ્નો ઉઠાવે છે.

ાલાચાલુ પરંપરા અંગે પ્રશ્નો

સામાન્ય રીતે, કોઈને પણ સ્વાભાવિક રીતે વિચાર આવે કે મારા ઘરમાં ા મૂર્તિઓ કોની છે અને શા માટે છે ? મારાં માતાપિતા શા માટે આ ર્તિઓનું પૂજન-અર્ચન કરે છે ? શા માટે આટલો સમય તેઓ મંત્ર કે જપ રવામાં ગાળે છે ? જીવન સાથે એનો શો સંબંધ છે ? હું જો તેઓને પૂછું તો કેશે અમારાં માતાપિતાને અમે આમ કરતાં જોયાં છે અને આમ કરવાનું કેવામાં આવ્યું છે. આનાથી મને કાંઈ મદદ મળતી નથી. અમારા કુટુંબમાં ા પ્રકારની પ્રથા છે. અમે એ પ્રમાણે કર્યું છે અને પુત્ર કે પુત્રી તરીકે તમારી મ કરવાની ફરજ છે. આ એમનો રસ્તો છે. તમે એમને ફરજ તો ના પાડી કો કે તેઓ સમજે અને સમજાવે અને હું આ તબક્કે આવી પહોંચ્યો છું. હું

શાળા, કૉલેજમાં, વિશ્વવિદ્યાલયમાં ભણ્યો છું. મેં વિજ્ઞાન, ઈજનેરી અ
માનવશાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો છે, તેથી, હવે મારે વિચારવાનું રહે છે
શીખવાની જે એક કડી હતી, તે મારે માટે રહી નથી. તેથી, મારે તો પુસ્તક
દ્વારા એ જાણવું રહ્યું કે આ મૂર્તિઓ મને યાદ દેવડાવે છે કે આવી દિવ
વિભૂતિઓ હતી. જે પૂજન, અર્ચન કરતું હોય તેને પૂછશો તો જણાશે કે
તેઓ પથ્થર કે ધાતુની ત્રણ ઈંચની મૂર્તિની પૂજા કરતા નથી, પરંતુ કો
માનવશક્તિ અને વિચારથી પર એવી કોઈ 'શક્તિ'નું પ્રતીક છે, આ કારણે
જ તે પૂજનીય ગણાય છે.

તેઓ કહેશે કે તે શક્તિ 'અંતર્યામી, ઘટ ઘટ વાસી' છે. સર્વશક્તિમાન
સર્વત્ર હાજર અને સઘળું જાણનાર છે. એ નાનકડી પ્રતિમા સર્વવ્યાપી, સર્વ
હાજર શક્તિના પ્રતીકરૂપે છે. મારાં માતાપિતા, પતિ કે પત્નીના આ શબ્દોથ
શું મને સત્યનું દર્શન થાય છે ? તેઓ તો એમ જ કહે છે કે તેઓ પથ્થર
ધાતુની પૂજા કરતાં નથી. તેઓ જે ભજન, કીર્તન, મંત્ર વગેરે કરે છે, તેનાથ
પણ મને તે જ સમજાય છે. હું સત્ય શીખું છું કે આ પ્રતિમા એ એક પ્રતી
છે. ભક્તિયોગમાં આવા પ્રતીકની શા માટે જરૂર ઊભી થઈ. આ એક જૂન
દેશ છે અને તેમાં જે કાંઈ છે તે ઘણા જૂના પ્રયોગ અને શોધનો પરિપાક છે
હું એકદમ તેને બાજુએ મૂકતો નથી અને બીજી બાજુ તેને કોઈ પ્રમાણ તરી
સ્વીકારતો નથી. મારા સ્વીકારવાથી પણ તે કાંઈ 'સત્ય' બની જતું નથી.
કોઈ સત્ય કે રહસ્ય પ્રગટ કરતું નથી. એટલે તે એક યંત્રવત્, પરંપરાગ
ચાલી આવતી વસ્તુ છે, જે તમને સમજાતી નથી. છતાં પાલન કરો છો ત
વિચાર કરીએ કે પૂર્વજોને માટે એ પ્રતીકની જરૂર શાથી ઊભી થઈ.

કદાચ એવું હોય કે તેઓ, અભણ લોકોની જરૂરિયાતને સંતોષવ
માગતા હોય કે તેઓ ઊર્મિશીલ સમાજની જરૂરિયાન પૂરી કરવા ઇચ્છતા હો
કે પછી તે સમાજની રોજિંદી પ્રવૃત્તિનો દિવ્યતા સાથે સંબંધ કે સુમેળ ન
એવું સમજતા હોય. તે સમાજ પરમ જ્ઞાનની જાગૃતિ કે સભાનતામાં જીવ
શકવા અસમર્થ હોય. આવા કોઈ તત્ત્વથી આપણે વીંટળાયેલા છીએ. આપ
તેનો જ હિસ્સો છીએ. તેમાંથી જ આપણો ઉદ્ભવ છે અને તેમાં જ આપ
જીવી રહ્યા છીએ, આમતેમ ફરી રહ્યા છીએ, આવું તત્ત્વ અને સત્ય કદા

તેઓ જાણતા હોય તોપણ તે પ્રમાણે તદનુસાર તેમનું આચરણ નથી. તેમની ક્રિયાઓ, રોજિંદી પ્રવૃત્તિનું તે સત્ય સાથે અનુસંધાન ન થવાથી દિવસમાં એક કે બે વાર તે પ્રતીક અથવા પ્રતિમા આગળ બેસે છે અને પૂજા કરે છે.

શીખવાનો રસ્તો

શીખવાનો એક રસ્તો એ છે કે સર્વશક્તિમાન, સર્વવ્યાપી, પરમ શક્તિનું સત્ય કેવળ જાણીએ નહિ, સ્વીકારીએ નહિ પણ ભક્તિયોગનું તથ્ય, સત્ત્વ એવું ઊંડાણથી અંતરમાં ઊતરી જાય કે તે બાબત, સદા, સર્વદા, પ્રતિક્ષણ હું જાગૃત બનું, સભાન બનું તો મારે કોઈ પ્રતિમા, પ્રતીકની અનિવાર્યતા કે આવશ્યકતા ઊભી થાય નહિ. સદા હરદમ

यतः सर्वं, यस्मिन सर्वं, यः सर्वं सर्वदृक् तथा ।

Which means

That from which everything has emanated

That in which all is contained, the allness, then wholeness is contained.

That which has taken the garb of allness and simultaneously that is the perceiver.

It is the seer the knower the understander.

स्वात्मानं नमाम्यहम् ।

That is the essence of my being.

I bow down to that essence.

તમે સમજી શકો છોને કે તમે પરંપરાની ઊંડાણમાં ઊતરી જુઓ કે પરંપરાની પાછળ છુપાયેલું રહસ્ય તમને જે રીતે અસર કરે છે અને કેવી રીતે તમારે માટે પ્રતિમા પાછળનું સાચું રહસ્ય, જ્ઞાન, આત્મસાત્ થયું છે અને હવે પ્રતિમા તમારે માટે ગૌણ બની ગઈ છે. બલકે બિનજરૂરી પણ. એમાં હવે પ્રતિમાના સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન પણ ઉદ્ભવતો નથી. પ્રતિમાની પૂજા ના કરશો એમ કહેવાની પણ આવશ્યકતા નથી. એ કેવળ પ્રતીક છે,

એમ બોલવાનો પણ સવાલ પેદા થતો નથી. મહત્ત્વનું એ છે કે તમે પરંપરા પાછળનું સાચું રહસ્ય સમજો અને તમે પોતે વ્યક્તિગત રીતે સત્ય, તથ્ય સમજ્યા છો અને પચાવ્યું છે.

આ રીતે, દરેક પરંપરાને વિશે તપાસ આદરો અને પૂછતા રહો કે એની પાછળ શું રહસ્ય રહેલું છે. શા માટે તમે મંત્રનો જાપ કરો છો ? મંત્રનો જાપ શા માટે થાય છે ? અવાજની શક્તિનો કેવી રીતે અને કેવો ઉપયોગ કરો છો ? અવાજમાં પ્રકાશ સમાવિષ્ટ છે. નાદ અને અગ્નિને છૂટા પાડી શકાતા નથી, પણ તેઓ આંતરિક બદલાવની સંભાવના ધરાવે છે અને તેનો યજ્ઞ અને હોમ વગેરેમાં મંત્ર ભણતી વખતે ઉપયોગ કરવામાં આવે છે.

તમારે એ અવાજની શક્તિનો ઉપયોગ કરવો છે ? તમારે એ શક્તિને તમારી આસપાસ ફેલાવી, તેમાં વીંટળાઈ જઈ કોઈ ઇલમ તરીકે ઉપયોગ કરવો છે ? આપણે પૂર્વજોએ આવા જ કોઈ ખ્યાલથી નાદશક્તિના ઉપયોગ અર્થે તેઓનું જીવન વીતાવ્યું છે.

આ પ્રકારે પ્રશ્ન ખડો કરી, નમ્રતાભરી નિર્ભયતા પ્રાપ્ત કરી કાંઈક શીખવાની અને શીખવા માટે એક પ્રકારની તત્પરતા, વિશિષ્ટ શક્તિ પ્રાપ્ત કરી છે, તો પછી એ મંત્રો શા માટે છે અને તેની પાછળ શું રહસ્ય છે, તે જાણી શક્યા છે, તે પામી ગયા છે. કદાચ હું તમારે સ્થાને હોઉં તો તે માટે પ્રયોગ પણ આદરું અને આવો પ્રયોગ મેં આદર્યો પણ હતો. તેહરી નજીકની એક ગુફા જેમાં સ્વામી રામતીર્થ રહ્યા હતા. તે ગુફામાં ત્રણ માસ રહી નાદ-શક્તિની અસર સમજવા પ્રયત્ન આદર્યો હતો અને તમે જાણો છો, એ નાદશક્તિનું રહસ્ય મજ્જાતંત્ર અને રાસાયણિક તંત્ર ઉપર કેવી અસર કરે છે, તે જોવું હતું.

આ શક્તિને તમે સારવાર અર્થે ચિકિત્સા માટે ઉપયોગ કરી શકો, કિંતુ તે મંત્ર, નાદશક્તિનું પુનરાવર્તન, વારંવાર થવાથી ભલે તે સારવારમાં ઉપયોગી બને પણ તે મગજને, મગજની શક્તિને મંદ બનાવે છે. મગજની શક્તિની ધાર બુઠ્ઠી થઈ જાય છે, ભલે તેનાથી શાંતિનો આભાસ પેદા થાય તોપણ ગતિશીલતા ઓછી થાય છે. આ પ્રતીતિ થતાં જ વિમલાએ એ ગુફા

ોડી, કારણ એ નાદશક્તિ કેવળ મગજની જ નહિ પણ પૂરી અસ્તિત્વની જસ્વિતા અને સંવેદનશીલતાને મંદ પાડી દે છે. એ એક પ્રકારની માનસિક ેપ્નોટીઝમ જેવી પ્રક્રિયા છે અને પોતાની જાતને સ્વસૂચનને આધીન બનાવી વા જેવું છે. જે શાંતિ તેમાંથી પેદા થાય છે, તેની બીજી આડઅસરો પણ , જે નુકસાન પહોંચાડે છે. આમ, પ્રયત્ન કરી એવું તારણ નીકળે કે આ ાદની શક્તિ, નાદ પ્રકારની શક્તિ સિવાયની બીજી કોઈ રીત છે ? અન્ય ાઈ રસ્તો છે ? આમ, શોધ આગળ ચાલે છે.

ાપની સૌથી મહત્ત્વની અગ્રેસર કઈ પ્રાથમિકતા છે ?

આમ, જિજ્ઞાસુ કેવી રીતે આગળ વધે છે તે જોઈએ. સમાજ એવી ભારે ાનુસંધિત પરિસ્થિતિથી ઘેરાયેલો છે કે સાધકે પોતાની સાધનાનો રસ્તો પોતે કોતરી કાઢવો પડશે. અલબત્ત, સત્યની ખોજ એ જ તેનું મુખ્ય લક્ષ્ય હોય ાને જીવનને સમજવું એ જ તેની અગ્રતા હોય, પરંતુ એટલું ધ્યાન રાખવું ટે કે સત્ય જો એક વાર લાધ્યું તો તે સત્ય તેનો પીછો નહિ છોડે. આ એક ખમી રમત છે. સત્ય એવું વળગશે કે તમારે એ સત્યને છોડવું હશે તોય હિ છૂટે. બલકે એ તમને છોડશે નહિ અને એક પ્રકારનો અજંપો ઊભો રશે. એનું સાતત્ય તમને ચીલાચાલુ જિંદગી નહિ જીવવા દે. તમને જાણે નેગાર હોય એવો અહેસાસ થશે. તમને તમારી જાતની દ્વિમુખી પ્રતિભા ચશે. તમે સત્યની મીમાંસા કરો, બૌદ્ધિક છણાવટ કરો અને કાંઈક જુદું , વિરોધી જીવન જીવો, તમારા આચાર ભિન્ન બને અને એ પરિસ્થિતિને ે ઘનીભૂત થવા દો તો તમે દ્વિમુખી વ્યક્તિત્વ, ભિન્ન બલકે વિચ્છિન્ન ક્તિત્વવાળી વ્યક્તિ બનશો અને એ સાચે જ આપત્તિરૂપ બનશે.

જો સત્ય સાથેનો સંસ્પર્શ, તથ્ય સાથે તાદાત્મ્ય, તથ્ય સાથે તદ્રૂપતા અને વનની દિવ્યતા સાથે આત્મીયતા, આ જ તમારે માટે અગ્રીમતા ધરાવતાં ય, આંતરયાત્રાનું પ્રસ્થાન આદરો, આત્મખોજનું અભિયાન શરૂ કરો નહિ જીવનમાં તમારે માટે ધર્મ એ દંભનું નવું મંડાણ થશે. જે તકલીફોથી ાયેલા છો, તેમાં ઉમેરો થશે. જો સત્તાની ખોજ અને આચરણ માટે ગ્રીમતા ન હોય તો આવશે, ઉત્કટતા, ઉત્સુકતા નથી અથવા જીવનશક્તિમાં ઈક કમી છે એમ સમજવું, કારણ અમારી પાકી સમજ છે, એમ કહ્યા પછી

પણ તમે યંત્રવત્, વિધિવિધાન પ્રચૂર જીવન, પરંપરાઓનું રીતિરિવાજ વળગણ રાખીને જ, દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી પણ ચક્ષુહિન જેવી જિંદગ વિતાવશો.

સત્યનું આચરણ

તેથી, એ પ્રશ્ન તમારી જાતને પૂછવો અતિ આવશ્યક છે કે સત્ય પ્રા થયા પછી શું ? સત્ય જાણ્યા પછી મેં શું કરવા વિચાર્યું છે ? હું તેનું આચરા કરવાનો છું ? મારી આસપાસ જેવું જીવન મારી આજુબાજુના લોકો જીવે તેવું જ જીવન જીવવું છે ? તેઓ સહકાર ના આપે, વિરોધ કરે તો ભયરહિ 'એકલો જાને 'રે'ની ભાવના કેળવી શકશો ? એકાકી સત્યમય જીવ જીવવાની તાકાત તમારામાં છે ?

આને માટેનું ઉત્તમ ઉદાહરણ શ્રીરામકૃષ્ણ પરમહંસનું છે. ગંગાકિનારાન કોઈ એક ગામડામાં ગરીબ ઘરમાં ઉછરેલો અભણ બાળક દક્ષિણેશ્વરન મંદિરમાં આવે છે અને પૂજારી તરીકે જીવન જીવે છે. કાલી મંદિરના પૂજારીને સત્યનું દર્શન થતાં જ 'મા આમી જંત્રો, તુમી જંત્રી' પોકારી ઉ છે અને દિવ્ય તત્ત્વના હાથનું એક સાધનમાત્ર છે, એ વાતની પ્રતીતિ થા છે અને દિવ્ય પ્રતીક એવી માની મૂર્તિમાં પરમ સત્યનું દર્શન થાય છે. ભાન થતાં જ તેના બધા સંબંધો બદલાઈ જાય છે. પોતાની સુંદર ભાર્યા પણ તેને માતાનાં દર્શન થાય છે.

એને સુધારવા, એનામાં પરિવર્તન આણવા, મથુરબાબુ જેવા હિતે તેને વેશ્યા પાસે લઈ જાય છે, પણ એ તો એ વેશ્યામાં પણ માતાની જ પ્રતી કરે છે. આ કોઈ ઘેલછા નથી, પણ ક્રાંતિકારી પરિવર્તન છે. સત્યની ખો આચરણના અભાવમાં જોખમરૂપ બની જાય છે.

શ્રીપરમહંસની વાત છોડો, ભાવનગર જિલ્લાના સમઢિયાળા ગામ સ્ત્રી ગંગા અને તેનો પતિ કાળુભા રહેતાં હતાં. ગંગાને સત્યનું દર્શન થ જ બંનેનું જીવન બદલાઈ ગયું. ગંગા સતી પોકારી ઊઠ્યાં, " 'હું' અને 'મ એ તો મનનું છે એ કારણ, પાનબાઈ, એ મન જો ધણી મટી જાય તો, રેમ તમને 'બાવન બાર' રે."

એ જે કરી શક્યાં તે આપણે કેમ નહિ ! નાગર કોમના નાનકડા નરસિંહ ને કૃષ્ણમય બની ગયેલી મંગલ મધુર મૂર્તિ મીરાં જે કરી શક્યાં તે આપણે ાટે કેમ શક્ય બનતું નથી. વાત સાવ સ્પષ્ટ છે. આપણે તે માટેની કિંમત કવવા તૈયાર નથી.

આપણે સત્યથી દૂર ભાગીએ છીએ, આપણને જીવનનો એક ભય હોય . આપણે ભૂલી જઈએ છીએ કે સત્ય એ જ મોટામાં મોટું સંરક્ષણ છે. ાપણને સ્વતંત્રતાનો પણ ભય લાગે છે, જીવનનો પણ ભય લાગે છે અને ર્મનો પણ.

સદીઓ પહેલાં કેરાલાના શંકર નામના નાના બાળકે પાંચ વર્ષની ઉંમરે ન્યસ્તની વાત માતા સમક્ષ કહી ત્યારે આખીય કેરળનો સમાજ ખળભળી ઠ્યો હતો અને નાનકડા એ બાળકે બહાદુરીપૂર્વક જવાબ આપ્યો હતો કે સમયે વિરાજી શકાય, અંદરનો વૈરાગ્ય આવે તે જ સમયે પ્રવ્રજ્યા પણ ઈ શકાય, પરંતુ માતાના નિધન સમયે શંકરાચાર્યને તેની કિંમત ચૂકવવી ડી હતી. મરેલી માતાના શબને ઊંચકવા કોઈ તૈયાર ન હતું અને સ્મશાન હે તેને કટકા કરી લઈ જવા પડ્યા હતા. આવાં ઘણાંયે ઉદાહરણ ભારતના તિહાસમાં છે. મહર્ષિ રમણ, જે. કૃષ્ણમૂર્તિ વગેરે અને બધાંયે જ કિંમત કવવી પડી છે.

એટલે પરંપરા કેવળ છોડવાની પણ નથી કે આંધળા બની તેનો સ્વીકાર ણ કરવાનો નથી. તેને સમજવી આવશ્યક છે. પરંપરામાં રહેલા સત્યને, ની પાછળ છુપાયેલા સત્યને સમજી લેવું જરૂરી છે.

આપણને આપણી સમજ ઉપર પૂરતો વિશ્વાસ હોતો નથી. એ સ્વીકારવા ટલી નિર્ભયતાનો પણ આપણામાં અભાવ હોય છે. આપણે ખચકાઈએ ીએ. ક્યાંક ભૂલ હશે તો ! ચાલો એક માનસિક સલામતી ખાતર, બધાં ેર છે તેમ કર્યે રાખીએ અને ટોળાંમાંના જ એક બનીને રહીએ. સામાજિક ને મનોવૈજ્ઞાનિક સલામતી આપણે માટે અગત્યની બની જાય છે, સત્ય હિ. કેવળ આપણી માન્યતા હોય છે કે આપણને સત્ય ખપે છે.

આંતર દ્વિધા

આપણામાંથી ઘણા વેદાંતનાં પુસ્તકો વાંચીએ છીએ. સત્સંગમાં હાજર આપીએ છીએ. વેદાંતવિષયક વ્યાખ્યાનો સાંભળી ઊર્મિતંત્રમાં સ્પંદનો જાઃ છે. શાસ્ત્રોની પ્રશંસા કરીએ છીએ, પરંતુ જીવીએ છીએ પરંપરાઅનુસાર આપણે માનીએ છીએ કે આપણને સત્યની આવશ્યકતા છે, પણ એ કેવ માન્યતા છે, કારણ આપણે પરંપરા ત્યજી શકતા નથી. આપણામાંથી સૌ કોઃ શું આમ જ નથી કહેતા, કે મારે એક ઉંમરલાયક છોકરો છે અને માઃ છોકરીની જરૂર પણ છે, પણ છોકરી તો મારી જ્ઞાતિની જ હોવી જોઈએ અથવા તો મારી છોકરી માટે છોકરાની પરંતુ છોકરો તો જ્ઞાતિનો જ હોવં જોઈએ. અને પાછા સત્સંગમાં કે આશ્રમમાં તો એમ જ કહીશું, 'ब्रह्म सत जगत् मिथ्या ।' 'जीवो ब्रह्मैव नापरः । सर्वं खलु इदं ब्रह्म ।' આ તો પોથીમાંન રીંગણાં જેવું જ. કહેવાનું કાંઈક અને રોજિંદા જીવનમાં આચરવાનું કાંઈક રાષ્ટ્રીયતાનો પાયો જ હિંદુત્વ. એ જ આપણો આધાર. પંદર કરોડ મુસ્લિમોન તો બીજા દરજ્જાનાં જ નાગરિકત્વમાં શા માટે પરિવર્તિત નહિ કરવાના. બર એ જ આપણી માન્યતા.

વેદાંતનો આની સાથે મેળ ક્યાંથી ખાય ? આપણે આધુનિક બનવા માઃ ચાલુ ફેશન અનુસાર આધ્યાત્મિક માન્યતા - પરંતુ જીવનના આચાર સાથ તેને કોઈ લેવાદેવા નહિ. યુરોપમાં જ્યારે સાંસ્કૃતિક ઉત્થાન (Renaissance શરૂ થયું અને ધાર્મિક માન્યતાઓ અને કલ્પનો (myths) વિશે ચર્ચા અન નવેસરથી વિચારવાનો પ્રસંગ આવ્યો ત્યારે લડાઈ ઝઘડા અને ખૂનામરકી શ: થઈ ગઈ. જુઓ, આપણે જીવનમાં કેવી રમત રમીએ છીએ - જોઈએ દ ધર્મ અને ધાર્મિકતા અને આચરીએ છીએ આત્માની છેતરપિંડી - આ દ આપણી રમત.

બૌદ્ધિક રીતે સ્વીકાર કરીએ છીએ, હા, મને કબૂલ છે અને વહેવારમ મારાં સગાંવહાલાંને ખોટું લાગશે. મારા ઉપર મને પરનાતના છોકરા માટે કાંઈ વાંધો નથી, પરંતુ મારી પત્ની, મારા પતિ, મારાં સગાંવહાલાં ! એટલે જીવનમાં જ વિરોધાભાસ છે, એટલું જ નહિ પણ એક પ્રકારની એવ આંતરદ્વિધા આપણામાં છે, જેનો આપણે બચાવ કરીએ છીએ.

જ્યારે મેં પારદર્શક પ્રામાણિકતા, દયાવિહીન કડક પ્રામાણિકતાની વાત કરી ત્યારે મારા મનમાં આ જ ખેલ હતો. ધર્મને નામે ચાલતી છેતરપિંડીની રમત !

આપણે ધર્મ અને ધાર્મિકતા બાબત ખરેખર ગંભીર છીએ ખરા ? જીવનમાં હરપ્રકારની સંભાવના માટે આપણી તૈયારી છે ?

આશ્રમવ્યવસ્થા, એ ભારતીય સમાજ, હિંદુ સમાજમાં કેવી રૂઢ થયેલી પરંપરા છે ! તેમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ એવા ચાર આશ્રમોની વાત કરવામાં આવી છે, પરંતુ ચતુર્થ આશ્રમમાં, સંન્યાસી તરીકે જીવવાની તૈયારી દર્શાવી છે ? આપણે પરંપરા સાથે પણ કેવી કેવી સમજૂતી કરી લીધી છે !

આપણે મનોવૈજ્ઞાનિક રીતે જે અનુકૂળ છે તે અપનાવીએ છીએ અને બાકીનું બધું કોરે મૂકીએ છીએ. તર્કયુક્ત અનુસરણ કરવું હોય તો બધા જ પ્રકારની વિશિષ્ટ ઓળખોનો ત્યાગ કરવો જ રહ્યો. મારું ઘર, મારી મિલકત, મારું કુટુંબ, મારાં બાળકો, હું અને તું, મારું અને તારું સઘળાંનો. આપણે કહીએ જ છીએ : 'नामाय स्वाहा, रूपाय स्वाहा, कुलाय स्वाहा, गुणाय स्वाहा ।' વિરજા હોમમાં તો આપણે જ આપણું શ્રાદ્ધ કરીએ છીએ. આટલી હદે જવાની આપણી તૈયારી છે ? બિલકુલ નહિ.

જે. કૃષ્ણમૂર્તિ જેવા કહે છે કે 'સાઠ વર્ષે, એવી રીતે કુટુંબમાં જીવો કે જાણે તમે ગુજરી ગયા છો.' સંન્યાસ વિશે પ્રેરવાનો આ એક વિશિષ્ટ રસ્તો અપનાવતા. કોઈ ઓળખ નહિ, કાંઈ પોતાપણું નહિ. તમારો તેમના ઉપર કોઈ અધિકાર નહિ, આપણે 'સત્ય' સાથે બાંધછોડ કરી શકીએ નહિ, સત્યને હળવાશથી ન લેવાય.

હવે, સહેજ જુદા દષ્ટિકોણથી જોઈએ. હું મનોવિજ્ઞાન અંગે પુસ્તકો વાંચું છું. મનોવૈજ્ઞાનિક વાર્તાલાપો સાંભળવા આપણે જઈએ છીએ અને બૌદ્ધિક રીતે, સૈદ્ધાંતિક રીતે. આમ સમજણની શરૂઆત થાય છે. મગજમાં તે પ્રસરે છે અને ત્યારબાદ અસ્તિત્વના એકેએક અંશમાં ફેલાય છે. પરંતુ શબ્દથી તેની શરૂઆત થાય છે. આમ, મન એ આવાં અનુસંધાનોનો જ શંભુમેળો છે.

અહમ્ એ એક ખ્યાલ છે. અહમ્ - હું એક ખ્યાલ છે. હવે, વીસમી સદીના મધ્ય વૈજ્ઞાનિકો, મનોવૈજ્ઞાનિકો, શિક્ષકો જેમણે જીવનનાં ઊંડાં સત્યો વિશે વાતો કરી છે કે વૈયક્તિક અહમ્ જેવું કાંઈ છે જ નહિ, વૈયક્તિક હું હોતો જ નથી. અંગત હું હોતો જ નથી. એક પ્રક્રિયા, પદ્ધતિ છે, જે જુદાં જુદાં ઘટકોથી ક્રિયાશીલ થાય છે - મનોવૈજ્ઞાનિક, માનસિક કે જ્ઞાનતંતુજન્ય.

ક્યારે કોઈક કાંઈક કહે અને હું ગુસ્સે થઉં છું. જ્યારે મને દુઃખ લાગે એવું કાંઈક કહે એટલે હું ધૂંઆપૂંઆ થઉં. હું સમજું છું કે તે એક પ્રતિક્રિયા છે. હું જાણું છું, છતાંયે મારો કક્કો ખરો કરવા, મારો અધિકાર જમાવવા, હું ગુસ્સે થઈ જ જાઉં છું. અને કોઈ કહે કાલે તો તમે એમ કહેતા હતા, બધા વચ્ચે સુફિયાણી વાત કરતા હતા અને આજે આ પ્રતિક્રિયા કેમ ! હું જવાબ આપું છું, આ મારી ટેવ છે, સ્વભાવ છે, બહુ જૂની ટેવ છે અને એનું દુઃખ કે વ્યથા પણ મારી જાતને થવા દેતો નથી. હું ઢાંકપિછોડો કરી મારી જાતનો બચાવ કરું છું. ખરું કે નહિ ?

અને આવું આપણે દરેક બાબત કરીએ છીએ. મનોવિજ્ઞાન, ધર્મ અને બધી જ બાબતો વિશે. હવે લાખ રૂપિયાનો, પાયાનો કોઈ સવાલ હોય તો એ છે કે મારે આમાંથી બહાર નીકળવું છે ? જો નિશ્ચય પાકો હોય તો રીત આપોઆપ મળશે. સાચી જિજ્ઞાસા અને તે માટે મજબૂત પાયો હોવો જોઈએ.

જીવનની દિવ્યતા વિશે સંસ્પર્શ

આપણા આ વાર્તાલાપ, પ્રવચનના સંસ્પર્શથી એવું જરૂર શીખી શકીએ કે ધાર્મિકતા, ધર્મનો પાયો નિર્ભયતા છે.

બિનસલામતીની લાગણી મેં અનુભવી નથી. જ્યારે પણ સત્યમય જીવન જીવવા કટિબદ્ધ થાવ ત્યારે દિવ્યતા તમારું રક્ષણ કરશે. કોઈ વિશિષ્ટ માનવીય રૂપ ધારણ કરીને નહિ પણ દિવ્ય અને આધિદૈવિક જીવનની ભવ્ય રીતે. સલામતી અને રક્ષણ જરૂર જ મળે છે અને તમને ખ્યાલ પણ ન હોય કે ક્યાંથી પ્રાપ્ત થાય છે. એ રીતે, જો સાચી, ઉત્કટ તમન્ના, દિવ્ય જીવન સાથેના સંસ્પર્શની જાગે, એ પરમ ચેતના સાથે જે વિશ્વભરમાં પથરાયેલી છે અને એને તમે તમારી સુરક્ષા, સલામતીની પૂરી જવાબદારી સોંપી દઈ શકો.

કેવળ એક તક આપો તો ભારતીય પરંપરામાં તે આત્મનિવેદન - સમર્પણ તરીકે ઓળખાય છે, જ્યાં તમારો અહમ્ ઓગળી જાય છે, પરંતુ આવી પરંપરાયુક્ત ભાષા આધુનિક યુવાનને પસંદ જ નથી. 'સમર્પણ શા માટે' એ પોકારી ઊઠશે. તો સમર્પણ ના કરશો, પરંતુ એ પરમ ચેતના, પરમ તત્ત્વને જવાબદારી સોંપી દો, એક તક આપો.

સમર્પણ, શ્રદ્ધા અને એ પ્રકારની ભાષા એ એક ગર્ભિત પરંપરા છે. એમાં અનેક પ્રકારની અર્થછાયા સમાવિષ્ટ છે. અંગ્રેજીમાં 'Faith' તરીકે ઓળખાય છે. સંસ્કૃતમાં એ 'શ્રદ્ધા' કહેવાય છે. જે સત્યમાં વિશ્વાસ જાગે, જેની સાચી સમજ પેદા થાય એમાં સંપૂર્ણ રીતે ઓતપ્રોત થઈ જાવ એ શ્રદ્ધા કહેવાય. 'વિશ્વાસ'માં શ્રદ્ધાનો પૂરો ભાવ આવતો નથી. કિંતુ મને એ સત્ય સમજાયું છે કે આ સંપૂર્ણ, સમગ્ર જીવન, બધાં માનવીય સર્જન તો નથી જ. એ માનવીય વિચારોનો પરિપાક નથી. માનવના ખ્યાલો, સિદ્ધાંતોનું એ પરિણામ નથી. એ એક સ્વયંભૂ, સ્વસર્જિત ઘટના છે અને એમાંથી જ બધાંનો ઉદ્ભવ થયો છે અને એમાં જ જીવે છે અને હું પણ એમાંથી જ ઉત્પન્ન થઈ, એમાં જ જીવું છું તો પછી હું એકલો ક્યાં છું ? ભયનો સવાલ જ ક્યાં પેદા થાય છે ?

જે રીતે માછલી પાણીમાં, પાણીમાંથી ઉત્પન્ન થાય છે અને એમાં જ જીવે છે, તેમ જ આપણે પરમ સત્ય, ચૈતન્ય, દિવ્યતાનું જ સર્જન છીએ. શું હું એ જ નથી કહેતી કે જીવન પોતે જ દિવ્યતા છે, તથતા છે ? એટલે કે સત્યમાં જ જો દટાયેલા રહીએ તો જ એ સાચો વિશ્વાસ કે શ્રદ્ધા બને છે અને એ જ્યારે ઘટે છે, સ્વ, અહમ્‌ને ખબર જ પડે છે કે એને કયા ક્ષેત્રે કાર્ય કરવાનું છે અને ક્યાં તેની ક્રિયા નિરર્થક છે. સ્વ, અહમ્, ભૌતિક, ઐહિક, પદાર્થના સ્તરે, સામાજિક સ્તરે ભલે ક્રિયાશીલ રહે, પણ દિવ્ય સ્તરે, રહસ્યમય જીવન સ્તરે, ગૂઢ - નિગૂઢમાં તે પ્રયત્ન ત્યજી દે છે. માનસિક સ્તરે પ્રયત્ન ત્યજી દેવાની ક્રિયાને જ સમર્પણ કહે છે. એ જ નિવેદન છે, સમર્પણ છે.

તમે 'અહમ્ વિહીનતા'ને બહુ ગૂઢ ન બનાવશો. જ્યારે અહમ્ બિન ક્રિયાશીલ, ક્રિયાવિહીન બને છે ત્યારે અહમ્‌નો નાશ થતો નથી, પરંતુ અહમ્ હવે ચેતનાનું કેંદ્ર ન બનતાં અક્રિયાશીલ બને છે. હવે, દૃષ્ટિનું કેંદ્રબિંદુ અહમ્

નથી, તમારી પ્રતિક્રિયાઓનો પણ આધારસ્થંભ નથી. અને જ્યારે (અક્રિયાશીલ ભૂગર્ભમાં (Abeyance) બની જાય છે ત્યારે પરમ ચેતના, પર: તત્ત્વ તમારા અસ્તિત્વનો હવાલો સંભાળે છે. જે પોતે સર્વમાં સંપૂર્ણપ઼ પથરાયેલો છે, સમાયેલો છે અને એથી જ તે તમારા અસ્તિત્વ ઉપર કબજ઼ મેળવી, તમારો હવાલો લઈ લે છે. તમારી બધી ઈંદ્રિયો એના દ્વારા કાર્ય ક઼ છે, એને માટે કાર્ય કરે છે, ત્યારે દિવ્યતા, દિવ્યકૃપાનું અવતરણ તે વ્યક્તિ ઉપર થાય છે.

આધુનિક ભાષામાં વૈયક્તિક ચેતના, દિવ્ય ચેતનામાં ભળી જાય છે તેની સાથે એકરૂપ થઈ જાય છે. એટલે કે અત્યંત આધુનિક મનોવૈજ્ઞાનિ. ભાષામાં અહમ્‌ની ભૂમિકામાંથી 'તથતા', 'સમગ્રતા'ની ભૂમિકામાં વ્યક્તિ઼ પાર્શ્વ પરિવર્તન (Dimensional Transformation) થાય છે. એક હનુમાન કૂદકો જ સર્જાય છે.

આમ, અનુસંધાનોથી ભારે લદાયેલી ચેતના, પરંપરા, રીતરિવા઼ વગેરેથી મુક્ત થઈ - તથતામાં, સમગ્રતામાં પ્રસ્થાપિત થાય છે એ જોવાનં પ્રયત્ન કર્યો છે.

•

૪. ધાર્મિકતાનો અર્ક - ધર્મનો મર્મ

શબ્દો, એ વહેવાર સંપર્ક માટેનું સંપૂર્ણ માધ્યમ નથી, કારણ તેના દ્વારા ાર્થછાયા સ્પષ્ટ થતી નથી. આથી જ બિનશાબ્દિક સંપર્ક ઉપર આધાર રાખવો ડે છે. જે મૌનમાં જ, મૌન દ્વારા થાય છે. જડ બની ગયેલા શબ્દોનું માધ્યમ પ્રાન મૌન લે છે.

આપણું અહીં મુખ્ય કાર્ય-લક્ષ્ય એ છે કે ધર્મના સ્વભાવ વિશે, ાર્મિકતાના મર્મ વિશે સમજીએ અને એ બાબતમાં સમજપૂર્વક ભાગીદારી રી રોજિંદી ગડમથલની સાથે, એ ધાર્મિકતાને જીવનમાં ઉતારીએ. આ બધું ાપણે સામાન્ય માણસ તરીકે વિવિધ જવાબદારીઓ અને બાંયધરીઓની ાથે સાથે કરવાનું છે.

એટલું તો આપણે જાણીએ છીએ કે ધાર્મિકતા એટલે જીવનના પરમ ત્ય સાથે સંસ્પર્શમાં રહેવું. તમે તેને સત્ય, વાસ્તવિકતા કે દિવ્યતા કહી શકો. મે તે પરમ સત્યને યથાર્થતા, દિવ્યતા, પરમ પ્રજ્ઞા, દિવ્યચેતના, તથતાના ામે ઓળખાવી શકો, પરંતુ આ બધાંય નામોનો ઉપયોગ કર્યા છતાંય, ાપણને ખબર પડે છે, પરમ સત્યને ચોક્કસ નામ આપી શકાય તેમ નથી. જ્ઞાનિકો આજે કહે છે કે પદાર્થની અંદર, બહાર, નીચે, બધેય ઊર્જા છે અને ર્જાની આગળ, પાછળ, અંદર, બહાર, નીચે, શૂન્યતાનો વાસ છે. વળી, ન્યતામાં જ-જીવનની શૂન્યતામાં જ જીવનનું ગૂઢ રહસ્ય છુપાયેલું છે.

ભારતીય મિત્રો આગળ એ કહેવાની છૂટ લઉં કે હજારો વર્ષો પૂર્વે વૈદિક

યુગમાં પણ ચેતનાનું વિજ્ઞાન આગળ પડતું હતું, સૌથી મોખરે, આધિપત્ય ધરાવતું. પૌર્વાત્ય ગોળાર્ધમાં આ પ્રદેશમાં, ત્યારે જ ઋગ્વેદ લખાયેલો.

ઋગ્વેદના દસમા મંડળમાં नासदीय સૂક્તમાં કહેવામાં આવ્યું છે : 'न तत्र सत् आसित्, न असत् आसित् ।' જીવનની સર્જનાત્મકતામાંથી સર્જન થયું તે પહેલાં ત્યાં સત્ય કે અસત્ય કાંઈ જ ન હતું. ન હતું મૃત્યુ કે અમરતા, ન રાત્રિ કે દિવસ. વેદો એ સંસ્કૃત ભાષામાં લખાયેલી શ્રેષ્ઠ કવિતા છે, જેનો અભ્યાસ કરવાની તસ્દી આધુનિક યુગમાં ભાગ્યે જ કોઈ લે છે. એટલે એવું લાગે છે કે વીસમી સદીમાં વૈજ્ઞાનિકો, ભૌતિક વિજ્ઞાન તજ્જ્ઞો જૂના ઋષિઓ જે કહી ગયા છે તેનું જ વિવરણ કરી રહ્યા છે.

દિવ્યતાને મંદિરોમાં - પૂજા સ્થાનકોમાં જ કેદ

પરમ સત્યને શબ્દોમાં બાંધી શકાય નહિ. આપણા આશ્વાસન માટે અને દિવ્યતા સાથે મનોવૈજ્ઞાનિક સંપર્ક સ્થાપિત કરવા આપણે શબ્દો પ્રયોજીએ છીએ, પરંતુ એ તો આપણા મનોવૈજ્ઞાનિક સંતોષની જરૂરિયાતના સંબંધ પૂરતું, પરંતુ દિવ્ય ચૈતન્ય, પરમ સત્ય, અસ્તિત્વના મૂલાધાર તરીકે, પાયાની વાસ્તવિકતા શબ્દોમાં તો બંધાય નહિ અને વર્ણન કરી શકાય તેમ નથી.

શબ્દોમાં તો એટલું જ કહી શકાય કે એ દિવ્ય તત્ત્વ, સર્વત્ર અને સર્વવ્યાપી છે, પદાર્થનો નાનામાં નાનો કણ તેના સિવાયનો નથી. જો આ સત્ય શાબ્દિક રીતે, બૌદ્ધિક રીતે પૂરેપૂરું સમજાય તો એનું અસ્તિત્વ આપણી આસપાસ પણ હોય જ એ સ્વીકાર્યા વગર ચાલે ખરું ! છતાંયે માનવજાતને કોણ જાણે પણ આ સત્ય સંપૂર્ણપણે સ્વીકૃત નથી, તે આ સર્વવ્યાપકતાની વાત માનવા તૈયાર નથી. કદાચ માનવજાતને તે કઠે છે. એટલે જ આ દૈવી તત્ત્વને અમુક ક્ષેત્ર પૂરતું જ સીમિત કરવા ઇચ્છે છે.

આ ઈશ્વરી તત્ત્વ, દિવ્ય તત્ત્વ, મંદિર, મસ્જિદ, ગિરજાઘર (ચર્ચ) યહૂદીઓના ધર્મસ્થાનોમાં કે ગુરુદ્વારામાં જ સીમિત રહે. આ સત્ય, આ તત્ત્વ આપણાં ઘરોમાં ઝાંખે કે આપણા વ્યવસાયનાં સ્થાનકોમાં પ્રવેશી આપણને કઠે તેવા પ્રશ્નો પૂછે કે આપણે ત્યાં શું કરીએ છીએ એ આપણે પસંદ કરતા નથી. આપણે જે સ્થાનોમાં તેમને સ્થાપી, એક, બે કે પાંચ વાર પૂજા કરીએ

અને આપણે જે ધાર્મિક વિધિ કે પ્રસાદ ચઢાવીએ તેનાથી તે તત્ત્વે સંતોષ માનવો જોઈએ. આ સમજવા જેવી વાત છે. આ કટાક્ષ નથી, પણ કરુણ પરિસ્થિતિ છે. માનવજાતની કાંઈક ભૂલ થઈ લાગે છે. સંસ્કૃતિ કે સભ્યતાના વિકાસમાં કાંઈ આડે રસ્તે ચઢી ગયા લાગે છે.

સાચે જ દુનિયાના દરેક ભાગમાં માનવજાતે દૈવીતત્ત્વના હલનચલનને મર્યાદિત કરી દીધું છે. આ દૈવી તત્ત્વે મારા અંગત જીવનમાં માથું મારવું ના જોઈએ. મારા ખાનગી જીવન પ્રત્યે દૈવીતત્ત્વે આદર રાખવો ઘટે, પરંતુ પરમ તત્ત્વ સર્વવ્યાપી હોવાથી એમ બનતું નથી. ધાર્મિક થવું અઘરું બની જાય છે, કારણ કે ઈશ્વરી તત્ત્વથી કે દિવ્યતાથી ભાગી છૂટવું શક્ય જ નથી. આપણે તે પરમ તત્ત્વ, સર્વ જેને દૃષ્ટિગોચર છે એવા સંવેદનશીલ તત્ત્વ, પરમ પ્રજ્ઞા, પરમ ચૈતન્ય, પરમ બ્રહ્મ, અલ્લા, ઓમકાર, સત્‌નામથી કશું જ છૂપું રાખી શકતા નથી. આપણી મુશ્કેલી એ છે કે આપણે એ પરમ તત્ત્વની સતત હાજરીથી છટકી શકતા નથી. એ પરમ તત્ત્વ પોતાની જાતને મંદિર પૂરતા સીમિત રાખે તો તે આપણને ચાલી શકે; એટલે આપણે મનફાવે તેમ નાચીએ, મહત્ત્વાકાંક્ષાને અનુસરીએ, ઈર્ષા, ક્રોધને આધીન થઈએ ત્યારે આપણે એવું ઇચ્છીએ કે આપણી અંદર રહેલું એ પરમ તત્ત્વ ચૂપકીદી સેવી, શાંત બેસી રહે અને કાનમાં પણ છાનોમાનો ઠપકો ન આપે કે આપણે કાંઈ ખોટું કરી રહ્યા છીએ, અનિચ્છનીય કરી રહ્યા છીએ, કારણ કે એનાથી જ આંતર-વેદનાની શરૂઆત થાય છે. આમ, ઈશ્વરી તત્ત્વ જ દુઃખની શરૂઆત કરે છે અને અંદરથી જાણે ડંખે છે.

ભયથી ડરી આપણે જ્યારે જૂઠું બોલીએ, મહત્ત્વકાંક્ષા સંતોષવા ખોટું આચરીએ, લોભ કે લાલસાને કારણે અસત્યનો આશરો લઈએ ત્યારે પરમ પ્રજ્ઞાને, પરમાત્મા, માતા, પિતા કે જે કોઈ નામથી તેને સંબોધીએ તે દખલ કરે, માથું મારે તે આપણને ગમતું નથી. આપણે જાણીએ છીએ કે આપણું આચરણ ખોટું જ છે, પરંતુ તે પરમ તત્ત્વ મારામાં માથું મારી, દખલ કરે અને મારે માટે અસુખકર બને, તે પણ આપણને ગમતું નથી.

દૈવની સર્વવ્યાપકતા

તમે કોઈ એવા મિત્ર સાથે બેઠા હોવ, જે તદ્દન અજ્ઞાત હોય, જેનું કોઈ

નામ ન હોય અને તે મિત્ર જો સત્ય છુપાવે કે સંતાડે, ખાસ કરીને એવું સત્ય, જેની આપણને ખોજ હોય, જે સત્ય બાબત આપણે વિશેષરૂપે જાણવા માગતાં હોઈએ, એવું જ 'સનાતન સત્ય'નું છે. એ સત્યની હાજરી, કેવળ એનું અસ્તિત્વ નહિ પણ સતત હાજરી, રક્તના દરેક ટીપામાં, પદાર્થના દરેક અણુમાં, અરે ! પ્રાણીની આંખમાં, વૃક્ષની એ સ્થિરતામાં, આપણા મિત્ર, સાથીદારોની આંખમાં, વર્તનમાં અને શબ્દોમાં છે જ. સદૈવ, સતત ધાર્મિકતા આ જ અપેક્ષા રાખે છે. ધાર્મિકતાને એની જ જરૂર છે કે એ સનાતન સત્યની, દિવ્ય તત્ત્વની સાર્વત્રિક હાજરી, સાર્વત્રિક શક્તિ, સાર્વત્રિક જ્ઞાનની ખબર રહે, ઓળખ રહે અને તેનું સતત ભાન રહે.

એની વ્યાખ્યા ના થઈ શકે તેમ છતાં એ છે જ. આપણને એનો અનુભવ થાય છે. કદાચ આપણને એ ખૂંચે તોપણ એનો અહેસાસ થાય જ છે. દરેકની પાસે એટલી સંવેદના હોય જ છે. આપણા ભાગ્યમાં જ છે. એટલે તો ગીતામાં કહ્યું છે, હે અર્જુન 'ઈશ્વર સર્વભૂતોમાં, તેમના હૃદયમાં, રહે છે જ. એ ચૈતન્ય, ઊર્જા, પરમ પ્રજ્ઞા, એ સર્વવ્યાપી, જીવનમર્મ, સમય અને કાળના પરિઘમાં આવી ચૂકેલ છે. ઈશ્વરના સ્વરૂપે તે સતત આપણી સાથે છે. હાજર છે. જ્યારે પણ ગતિ, હલનચલન કે શક્તિનું દર્શન થાય એ પ્રજ્ઞાના પાયારૂપ ચેતના છે જ. એટલે જ તો ઈશ્વર માટે કહેવાય છે, 'ईशते राजते सर्वत्र इति ईश्वरः ।' ઈશાવાસ્યમમાં એ જ તો કહ્યું છે : ईशावास्यम् इदं सर्वम् यत् किञ्च जगत्यां जगत् ।

ધાર્મિકતા વિશે વિચાર કરનાર સૌએ જીવનની આ હકીકત, જીવનનું આ સત્ય, જીવનનું આ તથ્ય, તેની સાથે કેમ કાયમ-સતત રહી શકાય એ જ વિચારવું રહ્યું.

જો આ સત્ય આપણે સ્વીકારીએ તો ઈશ્વરની ખોજ એ શબ્દો અર્થહિન શું નથી બની જતા ? જે છુપાયેલું છે તે શોધવું પડે. જે હાજર જ છે તેની શોધ કરવાની ક્યાં રહે છે !

રાજસ્થાનના મંદાર ગામની વાત છે, ત્યાં વસતા એક ખેડૂતે તેને અમેરિકાથી આવેલા એ વિદ્વાન મિત્રે જે પ્રશ્નો પૂછયા અને જે સરળ રીતે તેણે

.ના ઉત્તર આપ્યા તે સમગ્ર ભારતની અને ભારતના એક અદના ખેડૂતની .નોવૃત્તિનું સુંદર દર્શન કરાવે છે. તેને પૂછવામાં આવ્યું કે તે ઈશ્વરમાં માને ૰ અને તેણે સૂર્ય તરફ આંગળી ચીંધી અને ઉત્તર આપ્યો, 'શું તમારે સૂર્યમાં .નવાની આવશ્યકતા રહે છે ?' વિદ્વાન પ્રાધ્યાપકને પૂરો સંતોષ ના થયો, ણે નીચા વળી થોડીક મૂઠી ભરી માટી લીધી અને કહ્યું, 'આ તો તદ્દન નિર્જીવ ૰. શું હવે પણ તમે ઈશ્વરમાં માનો છો ?' તે પ્રાધ્યાપક હાથમાં લીધેલી માટી ીચે નાખે તે પહેલાં જ કહ્યું, 'શું તમે મારી ધરતી માતાને મૃત ગણશો ? એ ૭વંત છે. મારે માટે તો ખરા જ.' વિદ્વાન પ્રાધ્યાપકને તેનો જવાબ મળી ગયો.

આપણે જે જોઈ શકીએ છીએ તેને માનવાનો સવાલ ઊભો થતો નથી. ાને જે દેખાય છે, સ્પષ્ટ છે એને શોધવાનું રહેતું નથી. કિંતુ આપણે તે ાજરીને ટાળવાનો રસ્તો ખોળી કાઢ્યો છે. જો આપણે તે રમત છોડી દઈએ ો ઈશ્વરને, દિવ્યતાને શોધવી પડતી નથી. તેને મેળવવાની નથી. તે તમારી ંદર છે. તમારો જન્મ તે દિવ્યતામાંથી જ થયો છે. માછલીને પાણીની શોધ રવાની રહે છે ? તેને તે લેવા જવું પડે છે ? તેને તે પ્રાપ્ત કરવાનું રહે છે ? માછલીનો જન્મ જ પાણીથી થયો છે. આપણે પણ આમ જ દિવ્યતામાંથી દા થયા છીએ. એ દૃષ્ટિ, ચૈતન્ય, બ્રહ્મમાં જ આપણી ઉત્પત્તિ છે. એટલે જ ા આપણા ઋષિઓએ એમની ભાષામાં કહ્યું કે, 'सर्वं खलु इदं ब्रह्म' ।

આપણે તેમાંથી જન્મ્યા છીએ, તેમાં જ આપણી ઉત્પત્તિ છે અને તેની ાથે આપણે રહેવાનું છે, તેમાં જ રહેવાનું છે. તે જ દિવ્ય કુટુંબમાં આપણો ન્મ છે અને તેમાં જ રહેવાનું છે. એ જ આપણો સમાજ છે. તેમાં જ રહેવાનું . આપણે પ્રકૃતિને ભૂલી જઈએ છીએ. પ્રકૃતિથી જ દિવ્યતાએ પોતાની જાવટ કરી છે. ઐક્યે વિવિધતાના પરિવેશનું પરિધાન કર્યું છે. એકતાએ ાનેકતાનું સ્વરૂપ ધારણ કર્યું છે. આપણે જગતને દિવ્યતાથી છૂટું પાડવા ગમે પ્રયત્ન કરીએ, આકારને નિરાકારથી ભિન્ન રાખવા માગીએ, પદાર્થને પરમ ત્ત્વથી વિખૂટું કરવા માગીએ તોપણ કરી શકીએ નહિ. તે બે વચ્ચે અભેદ, વિભાજકતા છે. ટુકડા થઈ શકે તેમ જ નથી. આ હકીકત સ્વીકારીને હવે ા આગળ વધીશું ?

કેમ આગળ વધીશું ?

પદાર્થમાં જ દિવ્યતા છે. પદાર્થના સ્તરે પણ દિવ્યતાનું અસ્તિત્વ છે, તો પછી આપણે તે સ્તરે પદાર્થના સ્તરે કેવી રીતે વહેવાર કરીશું ? આપણી ઇંદ્રિયો દ્વારા ? આપણા આંતર, બાહ્ય સંવેદનના અવયવો દ્વારા ? તે અવયવો દ્વારા જ પદાર્થની દિવ્યતાના સંપર્કમાં આવીએ છીએ. આપણને તેનો પરિચય, તે દિવ્યતાનો ખ્યાલ કેવી રીતે આવે ?

પ્રથમ તે પરિચય શક્તિ સ્વરૂપે, ઊર્જા સ્વરૂપે થાય છે. પૃથ્વીમાં રહેલી એ સર્જનશક્તિનો પરિચય થાય છે. આપણે તે વિશે વાંચ્યું છે, સાંભળ્યું છે, તેથી, પૂરા વિશ્વાસથી આપણે તેમાં બીજ વાવીએ છીએ. જરા સમજવા જેવું છે. જો આપણને પૂરી શ્રદ્ધા ના હોય, જો ખેડૂતને ધરતીની ઉત્પાદકતામાં વિશ્વાસ ના હોય, ધરતીમાં રહેલી વિવિધ પ્રકારની ઊર્જામાં પાકી શ્રદ્ધા ના હોય તો આપણે બીજ વાવીએ ખરાં ? તો આપણે ખેતી કરતાં જ ના હોત. આપણને ધરતીમાં અપાર શ્રદ્ધા છે. પાણીમાં અતૂટ વિશ્વાસ છે. તેથી તો બીજને આપણે પાણી પાઈએ છીએ. તમને સૂર્યમાં પણ પાકો વિશ્વાસ છે, સૂર્ય ઉપર જે અપાર ભરોસો છે, તેને કારણે તો આપણે ઉનાળામાં સૂર્ય ધરતીને બરોબર તપાવે ત્યાં સુધી બીજ વાવવાની રાહ જોઈએ છીએ. વર્ષાઋતુના પણ તમે આભારી છો કે વરસાદ આવીને તમારા ખેતરને, જ્યાં તમે બીજ વાવ્યાં છે, તે ભાગને તરબતર કરી દે છે.

તો આપણે દિવ્યતાનો સ્વીકાર કરીએ છીએ - શક્તિ, ઊર્જાના સ્વરૂપે સૂર્યની ઊર્જાનો જ દાખલો લઈએ. તબીબી વિજ્ઞાન હવે આપણને જણાવે છે કે સૂર્યનાં કિરણોમાં ખનિજ પદાર્થો, (મિનરલ) વિટામિન રહેલાં છે. તેમ સાત રંગો સમાયેલા છે. બધાનું જ વિશ્લેષણ થઈ ચૂક્યું છે. તેથી સૂર્યકિરણોમાં જ દિવ્યતા રહેલી છે. તેનો ખ્યાલ મેળવવો સહેલો છે. દિવ્યતામ જ સર્જનશીલતા સમાયેલી છે. બિનશરતી સર્જનશીલતા, અખૂટ સર્જનશીલતા તેને જ આપણે ચૈતન્ય અથવા ચિતીશક્તિ કહીએ છીએ. તેથી, આપણે દિવ્યતાને શક્તિસ્વરૂપે ઓળખીએ છીએ. આ વિવિધ પ્રકારની શક્તિઓનો એક જ શક્તિસ્રોતમાંથી આવિષ્કાર થાય છે. સૂર્યમાંથી જે સૂર્યકિરણો નીકળે છે અને તેમાંથી સાતરંગો પ્રગટે છે તે રીતે જ. ચંદ્રનાં કિરણોમાં પણ

(Nectarious) અદ્ભુત શક્તિ છે, જે પાકને, છોડને, વૃક્ષને વિવિધ રંગે રંગે છે. જેમ સૂર્ય પોષણનું કામ કરે છે, તેમ ચંદ્ર પણ તેવા જ પ્રકારનો સહકારી અને પૂરક ફાળો આપે છે. શક્તિઓ પૃથક્, પૃથક્ પણ સ્રોત એક. આમ, આપણે જાણીએ છીએ કે વિવિધ શક્તિઓનું સ્રોત તો એક જ હોય છે.

હવે જો આપણને સમજાયું હોય કે પદાર્થ નિર્જીવ નથી; પૃથ્વી, અવકાશ, સૂર્ય, ચંદ્ર આ બધાયે આપણા સાથીદારો છે, તેઓનું વ્યક્તિત્વ છે. કેવળ અસ્તિત્વ નહિ, આપણે તે બધાનાં સાથી છીએ, તો પછી તે બધા માટે આપણને આદર જાગશે. અત્યાર સુધી આપણે આ સાથીઓને લૂંટવાનું કાર્ય કર્યું છે, કારણ તેમની દિવ્યતાની આપણને જાણ જ ન હતી. આપણે આપણા શરીરનો, મંદિરનો, ગિરજાઘરોનો દુરુપયોગ જ કર્યા છે, કારણ શરીરમાં પણ બ્રહ્માંડની જેમ જ દિવ્યતા છે.

આપણે શરીરનો અને તેમાં રહેલી શક્તિઓનો ગેરઉપયોગ, દુરુપયોગ કરવા પ્રયત્નશીલ રહીએ છીએ અને પછી રોગ, માંદગી, બેચેની, યાતના વગેરે સ્વરૂપે તે દુરુપયોગની કિંમત ચૂકવીએ છીએ. તેથી, આપણે પદાર્થ અને ભૌતિક જગત પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ કેળવવો રહ્યો. આલબર્ટ સ્કવાઇટઝર આ નવા પ્રકારના અભિગમને 'જીવન પ્રત્યે આદર' એ નામે ઓળખાવે છે. તેથી, પદાર્થ પ્રત્યે આદર, ભૌતિક જગત પ્રત્યે માનની ભાવના સેવીશું. તેથી, દુરુપયોગ, ગેરઉપયોગ કે અધિકતર ઉપયોગથી સાવધાનીપૂર્વક દૂર રહીશું.

જો ખરેખર આદર હોય તો તેમાં પ્રેમની સલુકાઈ હશે. આથી, ભૌતિક સ્તરે દિવ્યતાનો સંપર્ક ભૌતિક સ્તરે તમારા પદાર્થમાત્ર સાથેના સંસ્પર્શની નવી દિશા તરફ ઇશારો કરે છે. એક વખત તમને ભાન થાય કે દિવ્યતાથી તેને અલગ કરી શકાય તેમ નથી, પછી એમાં કાંઈ વિશેષ દુન્યવી, કાંઈ અલગ ધાર્મિક, કાંઈ અધિક દિવ્ય, કાંઈ અધિક ભૌતિક કે આધ્યાત્મિક રહેતું નથી. પછી તે અનેક પ્રકારની ઊર્જાઓનો પરસ્પર સંપર્ક, પરસ્પર આંતરસંબંધોનો રાસ બની રહે છે અને વિવિધ આકાર અને રંગો ધારણ કરે છે. એ બધુંય અરસપરસ એકબીજામાં ભળી જાય છે. આથી, મારી પ્રત્યેક ઇંદ્રિય દ્વારા, ભૌતિક જગત સાથેનો સંબંધ પરિવર્તિત થઈ જાય છે. હું કાંઈ પણ સુંદર જોઉં તો મારામાં આદરની લાગણી પેદા થશે. એકદમ એવી રીતે તૂટી નહિ પડું કે

ક્યારેય તેના ઉપર માલિકીહક ધરાવી, કબજો મેળવવા પ્રયત્ન નહિ કરું. જ્યાં જરૂર હોય, ઉપયોગ હોય ત્યાં જીવન માટે જરૂરી હોય તેટલો ઉપયોગ કરીશ. ફૂલ પણ હું આદરપૂર્વક ચૂંટીશ. ફળ પણ આદરપૂર્વક તોડીશ. શાકભાજી, વનસ્પતિ પ્રત્યે આદર રાખીશ અને કૃતજ્ઞતાપૂર્વક જરૂર જેટલો જ ઉપયોગ કરીશ. હવે, ખ્યાલ આવશે કે સંયમ અને મિતઉપયોગ એ ધાર્મિકતાનો મર્મ છે. ભૌતિક સ્તરે, સંગ્રહ, માલિકી, કબજો કે લોભની લાગણી રહેશે નહિ. આ ભૌતિક સ્તરે ધાર્મિકતા છે.

વળી, બીજું એ પણ છે કે ભૌતિક કે ભોગના સ્તરે જગતની પ્રકૃતિની સુંદરતા તેના પરિવર્તનમાં છે. એટલે કે અપરિવર્તન, સ્થિરતાની છાતી ઉપર પરિવર્તનનું, અસ્થિરતાનું એક અનોખું નૃત્ય છે. આ નૃત્ય વૃદ્ધિ, વિનાશ અને મૃત્યુનું છે. એને જ તો આપણે અંત કહીએ છીએ. અનંતની છાતી ઉપર અંત થતી ભૌતિક દુનિયાનો નાચ. જુઓ, પૃથ્વી સ્થિર છે, અચલ છે, તેના ઉપર આપણે ચાલીએ છીએ. નદીનો પટ સ્થિર છે, તેની ઉપર પાણીનો પ્રવાહ ખળખળ વહી જાય છે. જે અટલ, અચલ, સ્થિર છે તે જ તથતા (isness) છે. તે મૂળ સત્ય છે. જેના ઉપર નાશવંત ખીલે છે, વિકસે છે અને સમાઈ જાય છે. આખોયે આવિષ્કાર અને અંતનો રાસ છે. પ્રગટ થવું અને સમાઈ જવું એવું એક ચક્ર છે. કશાનો સંપૂર્ણ વિનાશ નથી. આપે જોયું હશે કે સંપૂર્ણ વૈદિક સાહિત્યમાં વિનાશ, સંપૂર્ણ નાશ, એ દુર્ઘટના માટે કોઈ શબ્દ જ નથી. કેવળ રૂપાંતર, ગુણાંતરની વાત છે, પણ સંપૂર્ણ નાશ એવી દુર્ઘટનાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી ઘટના તરીકે ઉલ્લેખ નથી. અંત કે વિનાશ જેવી વાતનું અસ્તિત્વ જ નથી. દ્વૈત છે જ નહિ. બધું જ પરિવર્તનશીલ છે. આમાંથી શું શીખવાનું મળે છે ?

અનાસક્તિ (Non Attachment)

સનાતન સત્ય, દિવ્ય તત્ત્વ આ બદલાતા, પરિવર્તન પામતા, વૃદ્ધિ કરતા, કરમાતા, કથળતી સ્થિતિવાળા, મૃત્યુવંત, વિનાશી એવાં સૃષ્ટિનાં વિવિધ રૂપો દ્વારા મને શું શીખવે છે ? આપણે જો ખુલ્લા મને, સ્વીકાર કરવાની માનસિક ભૂમિકા ધરાવતા હોઈએ તો એ એમ જ કહેતા સંભળાશે : 'આ નાશવંત એવા પ્રાણીઓ, માનવ. માનવેતર એનાં ઉપર આસક્ત ન થશો,

(જીવાય તેટલું સાથે જીવો, આનંદ માણો, ક્રિયા-પ્રતિક્રિયા જરૂર કરતાં રહો ણ તેને ચીપકશો નહિ. તેના ઉપર એવા આસક્ત ના થશો કે તમે તેના ાવાય નિરાધાર બની જાવ, કારણ એ આધાર રાખીને જીવવાની વૃત્તિ તમને :ખી કરશે.' દુનિયા અને દુનિયાના પદાર્થો તો બદલાતા રહેશે. ભૌતિક જગત રિવર્તન પામશે જ. માનવમન અને તેના વિવિધ ભાવો પણ બદલાતા રહેશે. મે તેને વળગીને જીવશો નહિ.

મનોવૈજ્ઞાનિક આધાર એ જ આસક્તિ છે. મનોવૈજ્ઞાનિક યાતના એ ાસક્તિ-આધાર જેવી ફળદ્રુપ ભૂમિ માટે ખૂબ ઝંખતી જ હોય છે. તમે જીવો, વતંત્રતા પ્રતિ આદર રાખીને ભલે તમે પ્રતિક્રિયા કરો, ભાગીદારી કરો અને ાવ અને ભાવનાની આપ-લે કરો, પરંતુ તમે જો આનંદના અતિરેકમાં ોવાઈ જશો, અણગમા અને તિરસ્કારના વમળમાં અટવાઈ જશો તો તમારો ૌતિક જગત સાથે સાચો સંબંધ, યોગ્ય સંબંધ શક્ય જ નહિ બને. તમે ાગણી, આસક્તિના ભાવમાં અટવાઈ જશો, અપેક્ષાઓ અને લાગણીના ાધારમાં જ ડૂબી જશો. તમારું જીવન જ લટકી જશે. બાકી, જેને તમે આધાર ાનો છો, તે બધું બદલાઈ જશે. તે તેની ગતિએ ચાલ્યા જ કરશે.

આ બદલાતી, વિનાશ પામતી એવી વસ્તુ ઉપર આધારિત જીવનપદ્ધતિ ાપનાવવાનું મેં તો બાળપણથી જ અતાર્કિક, અબૌદ્ધિક માન્યું છે. સંબંધમાં જ્ઞાનિકતા હોવી જોઈએ. એમાં પ્રેમની, સંયમની તપશ્ચર્યા હોવી જરૂરી છે. વળ લાલસા, લોભ-વિલાસની ચરમસીમા નહિ.

ારીરિક સ્તરે સંસ્પર્શ

આપણે એવી આધ્યાત્મિકતાની વાત કરીએ છીએ જેમાં વૈજ્ઞાનિકતા હોય. ર્મ, આધ્યાત્મિકતા, નૈતિકતા આ બધાયમાં વૈજ્ઞાનિકતા હોવી ઘટે. વૈજ્ઞાનિક ગમાં એક નવો જ માહોલ હશે. આથી જ જૂનાં મૂલ્યો, માન્યતાઓ, લ્યાંકનની રીતો, માપદંડો, આચારસંહિતા બધું જ ભાંગી પડ્યું છે. તમે તેમને મારા લાકડીના ટેકા રૂપી માન્યતાઓ, જૂની અનુપયોગી વિચારધારા આપો, ણ એ અતાર્કિક વિચારહીન રૂઢિઓ, રિવાજોની તેઓ તર્કસંગત કસોટી કરશે, જ્ઞાનિક પરીક્ષણ કરશે અને તેના ઉપર સંશોધન કરશે. ભૌતિક, શારીરિક

સ્તરે તમે દિવ્યતાના સંસ્પર્શમાં રહેશો. જો તમે આ શક્તિઓને ઓળખી યોગ પ્રતિક્રિયાઓ, આસક્તિ કે દ્વેષ સિવાય કરશો તો મૂળભૂત તથ્ય તો છે જ અ આવું મૂળભૂત વાસ્તવિક તથ્ય કોઈ અભૌતિક કે ભાવવાહી, ગુણાત્મક ઈશ્વરી સત્તાના સિદ્ધાંત ઉપર અવલંબિત નથી. હકીકતમાં અહીં દિવ્ય, ઈશ્વરમયત છે જ. એની સતત હાજરી વિશે આપણે સભાન બનવું પડશે. અને તેની સા જીવતાં શીખવું પડશે. આપણે આપણી ઇંદ્રિયોને કેળવવી પડશે અને આ વા યોગનું વિજ્ઞાન કરે છે. સુયોગ્ય રીતે પાર પાડે છે. તેને માટે જ યોગ અ યોગની શિક્ષા - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા વગે દ્વારા કરે છે, જેને અષ્ટાંગમાર્ગ કહે છે અને તે દ્વારા ઇંદ્રિયોને સ્તરે શુદ્ધિ માર્ગે. જે ઇંદ્રિયોના સ્તરે થાય છે, તે જ માનસિક સ્તરે અને શાબ્દિક સ્તરે પ કરે છે. આમ, સંતુલન, સમતા શારીરિક સ્તરે સ્થપાય છે અને એથી જ કહેવા છે. 'समत्वं योग उच्यते' સમ્યક્તા, કેવળ મગજમાં કે ગુણાત્મક ભાવવાહ દૃષ્ટિએ મનમાં નહિ, કેવળ સૈદ્ધાંતિક સ્વરૂપે પણ અહીં ઇંદ્રિય સ્તરે પણ હ વર્તન અને વર્તણૂક મન કે ઇચ્છાના સભાન પ્રયત્નથી નહિ અને કોઈ પ્રકારન આચારસંહિતા દ્વારા પણ નહિ.

સમજૂતી, હકીકત, સત્ય, તથ્ય, દિવ્યની વ્યાપક હાજરીથી એક નવ જ વૃત્તિ, નવી ગુણવત્તા, એક નવા જ પ્રકારની વર્તનભાત ઇંદ્રિય સ્તરે નિર્મા થશે અને અત્યંત સ્વાભાવિક રીતે આશ્ચર્યચકિત કરી દે તેવી વર્તનભાતનું દર્શ થશે. એકનાથને આ દિવ્યતાનાં દર્શન તરસ્યા ગર્દભમાં થયાં અને રામેશ્વ માટે લઈ જવાનું પાણી તેણે તેના ગળામાં રેડી દીધું. એ કોઈ ચમત્કારિક વર્ત કે અજાયબી નહિ પણ દિવ્યતા, પરમ સત્યનું દર્શન હતું. જેથી, રામેશ્વરન મંદિર અને એક સામાન્ય ગર્દભ જ્યાં હતો તે સામાન્ય વચ્ચે કોઈ તફાવત હતો, પણ સત્ય સાથે એકાકાર થવું, એકરૂપ થવું એ સાચો અને પ્રામાણિ આચાર છે, કેવળ વિચાર નહિ.

મૌખિક સ્તરે સંસ્પર્શ

મૌખિક સ્તરે, શાબ્દિક સ્તરે પરમ દિવ્ય તત્ત્વ સાથે સંસ્પર્શ કેળવ એટલે શું ? વહેવારમાં, રોજિંદા, રોજબરોજના જીવનમાં ધાર્મિકતા કેળવ છે, વહેવારગત બનાવવી છે. તો ચાલો, મૂળમાંથી જ શરૂ કરીએ.

શાબ્દિક હથિયાર તરીકે નહિ - પણ અતિ પરિચિત એવા શાબ્દિક ચ્ચારણથી શરૂ કરીએ - Ahimsa Pratishthayam, Tat Sannidhou 'airagyaha' શાબ્દિક સ્તરે, એમ કહીશ કે શબ્દો દ્વારા, બોલવાની છટા ારા, અવાજના ઊંચા સ્તર દ્વારા કે સ્વરભાર કે ઉચ્ચારણ દ્વારા પ્રહારિત થવાનું પસંદ કરીશ નહિ તો પછી હું શબ્દોનો ઉપયોગ કોઈના ઉપર આક્રમણ રવા, કોઈની લાગણી દૂભવવા, કોઈનું અપમાન કરવા કે કોઈને નીચું દેખાડવા ાટે કરીશ નહિ. અવાજની ઊર્જા એક પવિત્ર શક્તિ છે. મારામાં રહેલી વ્યતાનો જ એ આવિષ્કાર છે. હું તેનો વિઘાતક ઉપયોગ કેવી રીતે કરું ? ાસ કરીને જ્યારે તેની જરૂર ના હોય ત્યારે. હવે બોલાતી ભાષા અને શાબ્દિક ચ્ચારણ સાથેનો સંસ્પર્શ પરિવર્તિત થાય છે. નાદ, અવાજ, શબ્દબ્રહ્મ, ધ્વનિ ાને જે શરીરના ભાગમાં તે સંગ્રહિત થયો છે, તે બધી બાબતો પ્રત્યેનો જે ાદરભાવ જાગે છે, તેને કારણે બોલવામાં સંયમ આવે છે.

તેથી, અતિકું બોલવું, ફરજિયાત બોલવાનું સાહજિક રીતે અદશ્ય થાય . આમ, વાણીનું કેળવાવાનું શરૂ થાય છે ! સમજાય છેને ! ભલે તમે તેને ાધના કહો, સ્વશિક્ષણ કહો કે ગમે તે નામ આપો. નામનું કોઈ મહત્ત્વ નથી. ઈ કઈ રીતે કરે તે તેની સંવેદનશીલતા ઉપર આધાર રાખે છે. એવો કોઈ ડબેસલાક નિયમ ન હોઈ શકે કે દરેકે અમુક કલાક મૌન પાળવું. તમે સમજી કો છો કે એવા કોઈ નિયમની જરૂર પણ નથી. આપણે સૌ શિક્ષિત છીએ. વાબદાર માણસો છીએ. આપણને ધાર્મિક જીવનની ઝંખના હોય તો, જો ાચી ઝંખના, ઇચ્છા, તીવ્રતા હોય તો શાબ્દિક સ્તરે તો નાદશક્તિ ઉપર ાભાવિક કાબૂ અને સંયમ તે શક્તિના સદ્ભાવને કારણે આવશે. મને લાગે કે એકંદરે આપણામાંથી મોટા ભાગના વાણીનો વધુ પડતો ઉપયોગ કરવાની વથી પીડાઈએ છીએ. એક વાક્યમાં જે અભિવ્યક્ત થાય, તેને સ્થાને આપણે ાર વાક્યો વાપરીએ છીએ. તેથી, મૌખિક સ્તરે, ભાષાની સાથે, શબ્દોના પયોગની બાબતમાં પરિવર્તન આવશે.

આપણે એવા ઘણા માણસોના સંપર્કમાં આવ્યા છીએ, જેને વારંવાર એમ કેવાની જરૂર પડે, લગભગ દિવસમાં દસ વાર કહેવું પડે, 'મારો એવું કેવાનો ઇરાદો ન હતો.' એનો અર્થ એવો ઘટાવી શકાય કે જે-તે વ્યક્તિ

બોલતી વખતે શું બોલે છે તે પ્રત્યે સભાન ન હતી. જે તમારો ઇરાદો ન હોય તેવું શા માટે બોલો છો ? આપણે સમજવું જોઈએ કે બીજાની વાત છોડો આપણે આપણી જાતને છેતરી રહ્યા છીએ. એ બહુ ભારે પડે તેવી, ઘણું ઘણું ભારે પડે તેવા પ્રકારની આત્મવંચના છે. તેનાથી મનમાં અંતરંગને નુકસાન પહોંચે છે અને આપણી ચેતનાને દૂષિત અને ખરાબ બનાવે છે, પરંતુ જેઓ એવી બેકાળજીપૂર્વક વાણીનો ઉપયોગ કરે છે, તેઓ તો પાછા પૂરા આરામથી એમ કહે છે, 'મારો તેવો ઇરાદો જ ન હતો, એ તો મેં ગુસ્સામાં કહ્યું હશે મારી અસમતુલા કે ક્ષણિક બેધ્યાન, બેકાબૂ મનોનિર્બળતામાં બન્યું હશે. પાટા ઉપરથી ઊતરી જવું જેવી મનોનિર્બળતા ઉપયોગ કરવા યોગ્ય શબ્દપ્રયોગ નથી, કારણ ભારતીય રેલવે માટે પાટા ઉપરથી ઊતરી જવાનું બહું સામાન્ય બની ગયું છે. આપણે માનવો પણ રેલવેની જેમ પાટા ઉપરથી ઊતરી જતા હોઈએ છીએ. સમજાય છેને ! તેથી, આપણે વાણીનો, જે બહુ ગજબની અજાયબી છે, તેનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. જો આપણી પાસે એ શાબ્દિક શક્તિ ના હોય તો આપણી પાસે સંગીત, નાટકો ના હોત અરે ! સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્રો, પ્રાકૃતિક શાસ્ત્રો પણ ના હોત આપણને વાચા-વાણી, નાદ પરત્વે ગૌરવ હોવું ઘટે. આ વાત થોડી વિગતે એટલા માટે કહી કે 'નાદ' સર્જન પાછળનો મૂળભૂત સિદ્ધાંત છે. કેવળ શબ્દ નહિ પણ 'નાદ' જેમાં અગ્નિ, પ્રકાશના સિદ્ધાંત પણ સમાયેલા છે.

અવાજ, ધ્વનિ એ મૌનનો જ વિસ્તાર છે. શાંતિ - શાંતિના ખાલીપ પછીનો પ્રથમ આવિષ્કાર છે. આકાશમાં નાદ સમાવિષ્ટ છે. વૈજ્ઞાનિકો તો એમ પણ કહે છે કે અવકાશ-બંધિયાર, દબાયેલા અવકાશમાંથી જ વિશ્વો પ્રગટ થાય છે. આ તેમની અત્યાધુનિક શોધ છે, જોયું પદાર્થવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને આધિભૌતિક વિજ્ઞાન પરસ્પર કેવાં સકળાયેલાં છે ! એક જ બિંદુ, ભૂમિકા ઉપર તેઓ એકત્રિત થાય છે.

આથી, હું કહું છું કે શબ્દને માન આપવું તે દિવ્ય તત્ત્વ, સર્જકતા, જે એમાં સમાવિષ્ટ છે તેને માન આપવું. આકાશમાં જ નાદ સમાવિષ્ટ છે, સત્ય દ્વારા જ વાણી સંશોધિત થાય છે. સત્ય, વિશ્વાસ એ વાણીને શુદ્ધ કરે છે. જો આપણે આપણી સમજશક્તિ પ્રતિ વિશ્વાસઘાત છેતરામણ ના કરીએ તો

ધાર્મિકતા સહજ બને, ઘણી સરળ બને. પછી બધી જ બાબતો સહેલી બને.

વિચારપ્રક્રિયાનું નિરીક્ષણ

આપણે આગળ વધીએ. મૂળ તત્ત્વ સાથે ઓતપ્રોત રહેવું, અસ્તિત્વના સ્રોત સાથે ખૂંપી જવું એનો અર્થ કેવળ ભાવમય નહિ પણ એ ભાવમયતાને આચારમાં ઉતારવાનો છે. તે બુદ્ધિથી સમજી, સિદ્ધાંતને, વિચારને કેવળ સ્મરણ શક્તિના ખજાનામાં ઠાંસી દેવામાં નહિ, પણ જીવવામાં છે. જીવન જીવવા માટે છે અને જીવવાની પ્રક્રિયામાં જ જીવનની પરિપૂર્ણતા છે. પછી ભલે તે સુખદાયી બને કે દુઃખદાયી. માન, ગૌરવ કે ગૌરવહિનતા. જ્યારે માનસિક સ્તરની વાત કરીએ ત્યારે મને સમજાય છે કે માનસિક સ્તરનો ખ્યાલ, વિચાર-સંરચના એ એક માનવજાતનું જ આગવું સર્જન છે.

જૈવિક, ભૌતિક, શાબ્દિક શક્તિ આપણે સમગ્ર વિશ્વ સાથે એકસરખી રીતે, સમાનરૂપે ધરાવીએ છીએ, પણ હવે આપણે માનવજાતનું જ સર્જન એવી વિચાર સંરચના, મન, માનસિક વિચાર, પ્રક્રિયાનો વિચાર કરીએ છીએ, જોકે એ માનવજાતનું જ એક સર્જન હોવા છતાં ખૂબ કીમતી છે, અમૂલ્ય છે. આપણે સૌ તેનું જ સર્જન છીએ. સૌ પ્રથમ હું અહમ્ - હું, વિચાર-સંરચનાને આદર આપીશ. ભલે ગમે તે નામથી તેને ઓળખીએ પણ તેનું બારીક નિરીક્ષણ કરી તેનો પરિચય કેળવીશ. હું તેને બરોબર ઓળખીશ. માત્ર તેને માનીને બેસી નહિ રહું. જેવી રીતે ધાર્મિક માન્યતા હોય છે તેવી જ મનોવૈજ્ઞાનિક માન્યતા હોય છે. મનોવૈજ્ઞાનિક Credulity ધાર્મિક કે Theological માન્યતાઓ જેટલી ભયકારક હોય છે તેટલી જ ભયજનક મનોવૈજ્ઞાનિક માન્યતા હોય છે.

નિરીક્ષણ દ્વારા મને જે દોષ કે નબળાઈ જણાય કે જે કાંઈ ઉત્કૃષ્ટતા જણાય અથવા અસમતુલાઓ જણાય, અગર વક્રતાઓ નજરે ચડે તો તેની સાથેના સંબંધ બાબતની ગતિશીલતામાં હું બહુ જવાબદારીપૂર્વક વર્તીશ, ખાસ કરીને શરૂઆતમાં જેથી વિચારસંરચનામાં રહેલી વક્રતા, નબળાઈ કે દષ્ટિ-વિપરીતતાને કારણે મારું વર્તન કોઈ રીતે દૂષિત ના થાય કે અસમતુલા ના સર્જાય. એ બધું છે જ. તે મારા ધ્યાનમાં આવ્યું છે, જેથી, જ્યારે તે એકદમ

ઉપર તરી આવે ત્યારે હું સાવધાન રહીશ. હજી આ પ્રયત્નની પરિસ્થિતિ છે, સભાન થવાનો સમય છે, જાગ્રત બનવાનો સમય છે. તે બધાયની હાજરીથી વાકેફ રહીને આ વક્રતા કે વૈચારિક અસમતુલાને મારા વર્તનને દૂષિત કે ખરાબ નહિ કરવા દઉં.

આને ભારતીય ભાષામાં આપણે 'વિવેક' કહીએ છીએ. અંગ્રેજી ભાષામાં 'Discrimination' - સારાસારનો ભેદ કરવો એવો એક શબ્દ છે, પણ તે 'વિવેક' શબ્દ જેવો અર્થસભર નથી. વિવેક શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ 'विवेक'. સંસ્કૃત ભાષા અંગ્રેજી ભાષા કરતાં ઘણી સમૃદ્ધ છે. કેવળ જૂની છે, એટલે નહિ પણ તે ભાષા ખરેખર સમૃદ્ધ છે.

આથી, હવે બીજા સાથેના વર્તનમાં એક નવી જ જવાબદારીનું ભાન આવે છે. હવે હું મારા વર્તન, અધીરાઈ, અસંતુલનને, એ તો મારો સ્વભાવ છે, ટેવ છે એમ કહી બચાવ કરી શકાય નહિ. હું તેમ નહિ વર્તું, કારણ તેમ કરવું અસામાજિક બને અને આવું બને ત્યારે હું સમજીશ કે શારીરિક સ્તરે, શાબ્દિક સ્તરે કે માનસિક સ્તરે હું જવાબદારી સમજ્યો છું. વિવેકની ભાવનાનો સાહજિક આવિષ્કાર થયો છે. મારી વર્તનભાતના સ્તરમાં ગુણાત્મક ફેરફાર થયો છે. હવે હું કદી બેધ્યાન નહિ બનું. જેથી, કોઈ ખોટો શબ્દ મોંમાંથી ભૂલથીયે સરી પડે. હવે હું કદી બેખબર નહિ બનું, અતિસામાન્ય કે શૂન્યમનસ્ક પણ નહિ રહું, જેથી, મારી નબળાઈ, અસંતુલન મારા પ્રતિચારોને દૂષિત કરે. ટૂંકાણમાં હવે મેં મારી જાતને કેળવી છે.

મૌનનું સ્થાન

જેઓ ખરેખર ધાર્મિકતા પ્રત્યે સજાગ છે, તેઓ વિચારશે કે વિચાર-સંરચના જે રીતે તેનું નહેરીકરણ, ઊર્ધ્વીકરણ થયું છે અને જેને સુયોગ્ય પરંપરા અને અનુસંધાનના ચીલે ચડાવવામાં આવી છે, તેના કરતાં હવે કાંઈ આગળ છે ? હું જરૂર શોધવા પ્રયત્નશીલ રહીશ.

આ બધાય પછી જોઈએ, મૌનનું વ્યક્તિના જીવનમાં શું સ્થાન છે ?

સૌ પ્રથમ માનસિક ગતિ સ્થગિત ન કરવી આવશ્યક છે. વૈચારિક-સંરચના જ્યારે અટકે ત્યારે જ સંવેદનશીલતા દ્વારા જે દૃષ્ટિ સમક્ષ ઊપસી

આવે, સંવેદનશીલતા દ્વારા જ ભાવસ્પંદનો સર્જાય તે દ્વારા જ પારગામી અનુભૂતિ થઈ શકે. અન્યથા નહિ, એટલે હવે મારે મારી જાતને એવી કેળવવી પડે કે જ્યારે બધા પ્રકારની માનસિક ગતિશીલતા અકર્મણ્ય બની રહે.

આ જરા મુશ્કેલ વાત છે. અહમ્ વિચારે છે કે મૌનમાં શું થાય છે, લાવ જરા જોઉં. લાવો જરા શાંતિનો અનુભવ કરું, જ્યાં કાંઈ પ્રાપ્ત થવાનું ન હોય, તેવું કાંઈ પણ કરવા, કરાવવામાં, કરવા દેવામાં અહમ્‌ને કોઈ રસ નથી હોતો, કાંઈ નવી સિદ્ધિ, નવતર પ્રાપ્તિ, ઇંદ્રિયાતીત અનુભૂતિ, અલૌકિક અનુભવ વગેરે. એને મૌનમાં રસ નથી પડતો. એને તો એવી કાંઈક પ્રયુક્તિઓ, સૂત્રો, એકાગ્રતા માટેની કોઈ પદ્ધતિ એવા બધામાં રસ હોય છે, જેના દ્વારા, જે-તે પ્રકારના પ્રયત્નને અંતે પોતાનું, પોતાની માલિકીનું, પોતાની પાસે કાંઈ એવું વિશિષ્ટ હોય, પરંતુ આવું કાંઈ વૈચારિક ગતિના બંધ થવાથી મળતું ના હોય તો અહમ્, હું, મને, મારું, પોતાપણું ધરાવતું અસ્તિત્વ એટલા વખત પૂરતું અકર્મણ્ય, અનસ્તિત્વની સ્થિતિમાં રહે છે. એ મૃતપ્રાય બની જાય છે.

આપણને ભૌતિક મૃત્યુનો એટલો ભય નથી લાગતો જેટલો અહમ્‌ના મૃત્યુનો લાગે છે. અહમ્‌ના મૃત્યુબાદ 'હું'ના અનસ્તિત્વની જે સ્થિતિ આવે છે તેને કારણે મૌનનો ડર લાગે છે. ખુશનસીબે જો મૌનનો ખાલીપો, આંતરિક ખાલીપો વ્યાપી જાય તો અંદરની મનોવૈચારિક ગતિશીલતાના અભાવમાં એક પ્રકારની ગૂંગળામણ થાય છે, કારણ આપણે સતત ખ્યાલો, વિચારો, શબ્દોની ગતિશીલતાથી ટેવાઈ ગયા હોઈએ છીએ. આપણે તણાવ-દબાવથી ટેવાયેલા હોઈએ છીએ. માનસિક ગતિશીલતા અટકી જતાં, એક પ્રકારની સમગ્રતયા હળવાશ, સંપૂર્ણ નિશ્ચિંતતા અનુભવાય છે, કારણ કશું જ ઘટતું નથી, બનતું નથી. આમ કશું જ ન થવાને કારણે માણસને પોતે, તણાવ, અવાજ, વૈચારિક તણાવની કે અવાજની ગેરહાજરીથી આ મને શું થઈ રહ્યું છે, એવું લાગે છે. પણ શું થાય છે, એ વળી તમારે શા માટે જાણવું જોઈએ ? જે થાય છે તે થવા દો. પણ ના, આપણે તો જે થાય છે તેનું અર્થઘટન કરવું છે, વિશ્લેષાણ કરવું છે કે આ અનુભવોના વિશ્લેષણથી ધાર્મિકતાનું માપ કાઢી શકાય. આવી વૈચારિક ગતિશીલતાના અટકી જવાથી મારામાં કોઈ સિદ્ધિ આવશે, કોઈ વિશેષ શક્તિ આવશે ? આપણો આ

પ્રકારનો વિશ્લેષણનો રસ જરૂર અધાર્મિક છે, દરેક પ્રકારના ઊર્મિજન્ય, આનંદના અનુભવમાં ત્રણ બાબત હોય જ છે. અનુભવ, અનુભવવાની પ્રક્રિયા અને અનુભવ કરનાર આવું જ કાંઈ માનસિક સ્તરે, અલૌકિક, અગમ્ય અનુભવમાં પણ હોય જ એવું માની લઈએ છીએ. માનસિક અનુભૂતિમાં પણ આ ત્રણ બાબતો હોય જ, એમ તે માની ભૌતિક અનુભૂતિના વિસ્તાર સ્વરૂપે જ માનસિક સ્તરના અનુભવોને પણ મૂલવીએ છીએ.

મનની જો આંતરિક શક્તિનો વિકાસ કરવો હોય તો નિહિત શક્તિને ખીલવવી હોય તો એવી સિદ્ધિ જે અલૌકિક હોય, શક્તિપાત, કુંડલિની જાગૃતિ વગેરે અનુભૂતિઓની આસપાસ મન ભટક્યા કરે છે, ઘૂમ્યા કરે છે.

પરંતુ આ બધાયમાં કોઈ પ્રકારની ધાર્મિકતા નથી હોતી. જેને રસ હોય તે લોકો ભલે આવી પ્રવૃત્તિમાં રાચે, સારવાર માટે, લોકોને મદદ કરવા માટે તેવા પ્રકારની શક્તિ, સિદ્ધિ ખીલવે. એ કદાચ સારું કાર્ય હોય, સામાજિક પ્રવૃત્તિ હોય, પરંતુ એ ધાર્મિક પ્રવૃત્તિ નથી જ. ધાર્મિકતાને આવી પ્રવૃત્તિઓ સાથે કાંઈ લેવા દેવા નથી.

આથી, કશું ન થવાથી, લોકોને એમ લાગે છે. જાણે ક્યાંક ખોવાઈ ગયા. કશું નથી થતું એ હકીકત છે. પણ કોને ? તેમણે એક આગવો અહમ્ ઊભો કર્યો છે, તેને, તેમને, તેઓના આગવા વ્યક્તિત્વને, અસ્તિત્વને કાંઈ થતું નથી. બધા અલગ વિભાગોમાંથી તેઓ સમગ્રમાં પાછા ફર્યા છે. તેમની વિભક્તતા વિલીન થઈ છે. હું મને, હું - તમે આ બધાંયે अस्मत् - युष्मत् પ્રત્યયોના ભેદભાવ અદૃશ્ય થયા છે. આમ, ટૂંકા ગાળાની વિભક્તતાની ભાવના, જુદાપણાની લાગણી દૂર થતાં મૃત્યુ જેવો આભાસ થાય છે અને લોકો ગભરાય છે.

આમાં કોઈ અહમ્‌નું મૃત્યુ થયું નથી, પરંતુ ચેતનાના કેંદ્રસ્થાને હવે અહમ્ નથી. એ અકર્મણ્ય બન્યો છે. બાકી, અહમ્‌નો નાશ થયો નથી. ચૈતન્યનું એક નવું પાસું ઊપસી રહ્યું છે, પરંતુ એને વખત લાગે છે. એટલે જો મૂળભૂત સત્ય, તથતા, અસ્તિત્વમય સત્ત્વ સાથે ભળી જવું હોય, તેની સાથે એકરૂપ

થવું હોય તો આ મૌનની ઊંડી સુરંગમાંથી પસાર થવું જ પડે. આ મૌનની લાંબી સુરંગ એક આવશ્યક તબક્કો છે. મનની પેલે પાર, મગજને પેલે છેડે શું છે તે જાણવાની તીવ્ર ઇચ્છા હોય તો મૌનનો આ તબક્કો જરૂરી છે અને મહત્ત્વનો પણ.

પરંતુ આ મૌન કાંઈ પરમ લક્ષ્ય નથી, કારણ જો તમે મૌનને એટલે કે સમગ્ર નિશ્ચિત હળવાશને, અસ્તિત્વની સમગ્રતાને એક ક્રિયાશીલ પાસું બનાવો તો ઘણી શક્તિઓનો વિકાસ એ પાસામાં થાય છે. એક પ્રકારની અસાધારણતા, કરિશ્માની શક્તિ પેદા થાય છે અને જો વ્યક્તિમાં આવી શક્તિઓ પ્રતિ એક પ્રકારની જિજ્ઞાસા કે કોઈ પણ પ્રકારે એ શક્તિઓનો ઉપયોગ કરવાનો લોભ પેદા ન થાય અને પરમ તથ્ય સાથેના જોડાણની ઇચ્છા હોય, તીવ્ર ઝંખના હોય તો મૌન દ્વારા વિકસેલી એ શક્તિઓ પણ શાંત થઈ જાય છે, કારણ માનસિક સ્તરે પણ ગતિશીલતા શાંત થઈ જાય છે.

આપણી જાતને પુનર્શિક્ષિત કરવી.

સારા કે માઠા, ગમે તે પ્રકારના નસીબને લીધે આપણે ઈશ્વરી તત્ત્વથી છૂટી શકતા નથી. એ કેવળ આપણી આસપાસ નથી, પણ આપણી અંદર પણ છે. તે સર્વત્ર છે. એટલે આપણે સર્વવ્યાપક દિવ્યતા સાથે મેળ બેસાડવો જ રહ્યો. એ દિવ્ય તત્ત્વથી, ખાનગી એવા કશાય માટે આપણે પ્રયત્ન પણ ના કરી શકીએ કે આશા પણ ના રાખી શકીએ. તમને જે ફાવે તે કરો, જ્યારે જે રીતે ફાવે તે કરો પણ એ પરમ પ્રજ્ઞા, દિવ્ય તત્ત્વથી અજાણ ન રહી શકો. એની નજર બહાર કશુંયે ના હોય. તમે એ પરમ સત્યને, ઈશ્વરી તત્ત્વને માણસની અંગતતામાંથી ક્યારેય, કોઈ રીતે ખાસ નિશ્ચિત કરેલા સ્થાને હાંકી કાઢી ન શકો. કોઈ નિશ્ચિત સ્થાને ધકેલી ના શકો, કેદ ન જ રાખી શકો.

ઑસ્ટ્રેલિયાની મુલાકાત મેં છ-એક વખત લીધી છે. ત્યાં આગળ એવાં અલગ સંસ્થાનો હતાં. ભારતમાં પણ આદિવાસી, જૂની જનજાતિઓ માટે આવાં અલગ સ્થાનો રાખ્યાં છે. ધર્મને નામે પણ એવાં સુફિયાણાં રહેઠાણો બનાવ્યાં છે અને ઈશ્વરીય તત્ત્વોને ત્યાં જ મર્યાદિત, સીમિત કરી દીધાં છે. કમનસીબે તે ઈશ્વરી તત્ત્વો એવાં બંડખોર છે, ન સુધરે તેવાં છે. પદાર્થ તરફ

નજર કરો અને તે ત્યાં છે. શક્તિ તરફ વળો અને ત્યાં પણ તે છે જ. અરે, તમારા શરીર તરફ ફરો, ત્યાં પણ તે ખરાં જ. તેથી, પુનર્શિક્ષણ કરતી વખતે આપણે ઘણી અગાઉ શીખેલી વસ્તુઓ ભૂલવી પડશે. દૃષ્ટિથી શરૂ કરી, પરિચય, ઓળખ, સાચી સમજ અને પછી સંબંધ. તેથી જ તો પુનર્શિક્ષણની વાત કરવી પડી. ત્રણે સ્તરે, ઇંદ્રિય સ્તરે, શાબ્દિક સ્તરે અને માનસિક સ્તરે. જે લોકો તેની પણ પાર જવા માગતા હોય, તેની વાત કરી. એવાં પારગામી જે સંશોધન કરી, સમય, અવકાશ, સ્થળની પાર, મગજ અને વિચારની પણ પાર, અને માપનવાળા સર્વે માનવસર્જિત વ્યાપારોથી પાર, માનવસર્જિત ખ્યાલોથી પેલે પાર, જેના ઉપર આધારિત આપણે પોષાયા છીએ અને જેનાથી આપણે જીવ્યા છીએ. આપણે આ બધાયને વટાવ્યાં છે, જે એક ગજબનાક ઘટના છે. અને એ બધુંય વટાવ્યા બાદ તમે બદલાયા વગર રહી જ ના શકો.

એટલે જો આખરી પરિવર્તન, ફેરફાર, સામૂહિક સમગ્રતયા ક્રાંતિ અને શાંતિની પણ ઊંડાણથી ખોજ કરી, તેમાં રહેલી શક્તિ, તેનાથી મળતી સિદ્ધિઓ બધુંયે અટકાવવું જરૂરી બનશે.

•

૫. ધર્મના બે અભિગમો

હવે, આપણે ધર્મ પ્રતિ બે અભિગમો વિશે વિચારવાનું રહેશે : પારંપરિક અને બિનપારંપરિક-જીવનમાં આ બંને અભિગમોની અસર. દૈનિક જીવનમાં તેનો ફલિતાર્થ અને જે અભિગમ પ્રમાણે જીવવા માગતા હોઈએ તે માટેની સજ્જતા.

ભારતમાં આપણે સંપ્રદાય-પ્રથા (Convention) પ્રણાલિકા અને પરંપરા (Tradition) વચ્ચે તફાવત કરવો પડશે. ભારતની સાંસ્કૃતિક પરંપરા એ વૈદિક પરંપરા છે. ભારત એક પુરાણો દેશ છે અને વેદ તેનો મનોગત પાયો છે. ચાર વેદો અને પાંચસો જેટલાં ઉપનિષદો અને ષડ્દર્શન, એટલે કે તત્ત્વજ્ઞાનની છ વિવિધ ભારતીય શાખાઓ આ બધું ભારતીય પરંપરામાં ગણી શકાય. રામાયણ, મહાભારત, ભગવદ્ગીતા એ તેનો ઊર્મિમુલક પાયો ગણી શકાય. અને તેનો સમાવેશ ભારતીય સાંસ્કૃતિક પાયામાં થાય. વેદ, ઉપનિષદ અને ષડ્દર્શનનું અર્થઘટન આદિ શંકરાચાર્ય, માધવાચાર્ય, નિમ્બાર્ક તેમ જ વલ્લભાચાર્ય જેવા અતિ વિદ્વાન, અગ્ર, જીવન્મુક્ત વિદ્વાનો દ્વારા થયું છે અને તેઓના અર્થઘટનના આધારે જુદા જુદા સંપ્રદાયોનો ઉદ્ભવ થયો છે.

એટલે પરંપરાગત અભિગમ એટલે વેદ, ઉપનિષદ અને ષડ્દર્શનનો આધાર અને તેમાંથી ગમે તે એકની પસંદગી. જ્યારે આપણે સંપ્રદાયની વાત કરીએ ત્યારે મૂળ વેદ કે ઉપનિષદની વાત નહિ, પણ ટીકા, વિવરણોમાં થયેલા અર્થઘટનની વાત કરીએ છીએ. આ સંપ્રદાય-પ્રથા, પ્રણાલિકા અને પરંપરા વચ્ચેના ભેદને બરોબર પારખી લેવો પડશે.

પરંપરાગત અભિગમ

પરંપરાગત અને સાંપ્રદાયિક અભિગમનો અર્થ એ થાય કે તમે પરમ સત્ય અંગેના કોઈ એક સિદ્ધાંતને સ્વીકારો છો અને તેને આધારે પરમ સત્યના સ્વભાવ વિશે દ્વૈત, અદ્વૈત, મર્યાદિત દ્વૈત વગેરે અંગેના સિદ્ધાંતને માન્ય રાખો છો. એનો અર્થ એ કે તમે અર્થઘટનની અધિકૃતતા, અર્થઘટન કરનારની અધિકૃતતા અને જીવતાં તેમ જ નિધન પામેલા ટીકાકારોની વૈદિક સાહિત્ય વિશેની અધિકૃતતાને સ્વીકારો છો.

તમે સિદ્ધાંતનો બૌદ્ધિક સ્વીકાર કરો છો, એનો અર્થ એ થયો કે મેં અદ્વૈતના સિદ્ધાંતના સ્વીકાર દ્વારા મારું ધ્યેય, મંજિલ નક્કી કરી નાખ્યાં અને પરમ સત્ય તે કેવું છે, તે અંગેના નિર્ણયને સ્વીકારી લીધો. હવે, દ્વૈત કે અદ્વૈત ગમે તે સ્વીકારું તોપણ મારો નિર્ણય મારી માન્યતા દ્વારા બંધાઈ ગયો. તમારા મનમાં તે નિશ્ચિત થઈ ગયો. હવે, તમારે તે શોધવાનું ક્યાં રહ્યું. પરંપરાગત અભિગમ એટલે પરમ સત્યના સ્વભાવ વિશેના કોઈ સિદ્ધાંતનો સ્વીકાર.

આમ, પરંપરાગત અભિગમમાં તમે અર્થઘટન કરનારની અધિકૃતતા સ્વીકારો છો. તેણે જે પદ્ધતિ, પ્રયુક્તિ અપનાવી તેને પણ સ્વીકારો છો. એટલે કે પરંપરાગત અભિગમ એટલે ત્રિવિધ સ્વીકાર. ટીકાકાર કે અર્થઘટન કરનાર, અર્થઘટનનો તેમ જ તેણે અપનાવેલ પદ્ધતિ કે પ્રયુક્તિનો સ્વીકાર.

આમ, ભારતીય મનોગત પ્રક્રિયા ચાલે છે, તે પરમ સત્ય બાબત ઘણા ભારથી તથા સિદ્ધાંતોથી લદાયેલી છે. એ સિદ્ધાંતોનાં જાતજાતનાં અર્થઘટનો, તેની ઊર્મિજન્ય અસર ખાસ કરીને વ્યક્તિત્વ ઉપર, જે વ્યક્તિ જે તે સંપ્રદાય, માન્યતા સ્વીકારીને ચાલે છે. ભારતીય પરંપરામાં ધાર્મિક થવું એટલે આવી કોઈ પણ સંપ્રદાયની ચીલાચાલુ માન્યતા વગેરે સર્વે પ્રણાલિકાઓનો સ્વીકાર. ભારતની ધાર્મિક વ્યક્તિ આજ ફેશન પરસ્ત ધાર્મિકતા સ્વીકારી આગળ વધે છે.

આનાથી તમને બૌદ્ધિક સલામતી મળે છે. તમારે તમારી બુદ્ધિનો ઉપયોગ કરવાનો રહેતો નથી. તમારી સંવેદનશીલતાને હવે ક્યાં કાંઈ નવું અનુભવવાનું છે. કશું જ રહેતું નથી. કોઈ જ કસરત નહિ, તકલીફ નહિ, તસ્દી નહિ -

અભિગમના સ્વીકાર, અસ્વીકાર, સહમતી, અસહમતી, અલગતા કે જોડાણનો કે તેની સામે બંડ જગાવવાનો કે ક્રાંતિ કરવાનો કોઈ ખ્યાલ જ નથી. બિનપરંપરાગત અભિગમ તે કેવળ એક નિર્ભય જિજ્ઞાસુ તરીકે પૂરી નમ્રતાથી - કાંઈ નવું જાણવાનો, શીખવાનો અને નવું ખોળી કાઢવાનો જ પ્રયત્ન છે. કોઈ જો કેવળ શોધ કરવા નીકળે, કશીક ચોક્કસ વસ્તુની શોધ કરવા નીકળે તો તે મનસ્વી, ઉદ્ધત બની શકે, કારણ તેને ખબર છે કે તે શું શોધી રહ્યો છે, પણ માત્ર એક નવું જાણવા તપાસ કરવા નીકળનાર પાસે અતિશય નમ્રતા હોય છે. કારણ એની શરૂઆત જ 'હું કાંઈ જાણતો નથી, મારે કાંઈક જાણવું છે, સમજવું છે.' એ ભાવથી કરે છે.

પરંપરાગત અભિગમ, જે અધિકૃતતાથી શરૂઆત કરે છે અને સ્વતંત્રતા અને મુક્તિ-અંતે, મુસાફરીને અંતે આપવાની ખાતરી આપે છે તેણે જ ગુરુભાવનાની જરૂરિયાતનો, અનિવાર્યતાનો પ્રચાર, પ્રસાર કર્યો છે. તમે ગુરુ સિવાય આધ્યાત્મિકતાના ઊંડાણમાં ડૂબકી મારી જ ના શકો. ગુરુને શરણે જવું, ગુરુનું શરણ સ્વીકારવું અનિવાર્ય રીતે આવશ્યક છે, તે સિવાય મુક્તિ અસંભવ છે. આ ગુરુની આવશ્યકતા અનેકાનેક વખત ભારતીય સમાજમાં ભારપૂર્વક કહેવામાં આવી છે.

હવે, આપણે યુરોપ, અમેરિકા અને અન્ય દેશોમાં પણ અભારતીયોની મનોગત ભાવનાઓને એ જ અધિકૃતતાના ખ્યાલથી, સામિપ્ય, સહમતી અને પુનરાવર્તન વગેરે ખ્યાલોનો નિકાસ કર્યો છે અને બદલામાં તેમના અર્થશાસ્ત્રીય સિદ્ધાંતો, પ્રાદ્યોગિક પ્રયુક્તિઓ આયાત કરી છે. આપણે ફોગટમાં નિકાસ કરી નથી, નિકાસના બદલામાં આયાત કરી લીધી છે. આપણે એમની માન્યતા, સિદ્ધાંત સ્વીકારી જ લીધો છે કે પ્રગતિ એટલે પ્રાદ્યોગિક પ્રગતિ. આપણે વ્યાપાર અને વાણિજય અંગેના અર્થશાસ્ત્રીય સિદ્ધાંતો પણ સ્વીકાર્યા છે. સામાજિક સહજીવન અને સ્નેહભર્યો સહવાસ, ભાગીદારીને બદલે નફાતોટાની વાત પણ અપનાવી લીધી છે. મૈત્રી અને સહકારને બદલે વૈયક્તિકતા એ આપણે અપનાવવાનું ઉચિત માન્યું છે. રૂબરૂ સંપર્ક અને વિનિયોગ સ્થાન સામનો એ પણ વાત આપણે સ્વીકારી છે. આમ અદલો બદલો ચાલ્યા કરે છે.

બિનસાંપ્રદાયિક અભિગમ

હું હવે ઘેર જઈને એક યાત્રીની માફક સત્ય અને દૈવી તત્ત્વ વિશે જિજ્ઞાસુની જેમ યાત્રા સ્વીકારીશ. હવે, ખરેખર હું એ જાણવા યત્ન કરીશ કે હું ક્યાં ઊભો છું ? ધર્મ અને ધાર્મિકતામાં મારું સ્થાન ક્યાં છે ? આથી, અજ્ઞાત વિશે ભય કે અનંતતા વિશે ભય, જીવનની અજ્ઞાતતા અને અસીમતા મારો રસ્તો, આપણો રસ્તો રોકશે નહિ અને આપણી શોધમાં અવરોધ બની આપણને કોઈ રીતે હતાશ કરશે નહિ.

આનો અર્થ એ કે નિર્ભયતા, મનોઅંતર્ગત નિર્ભયતા, બૌદ્ધિક નિર્ભયતા, ઊર્મિવિષયક નિર્ભયતા જરૂરી છે. એ આપણી શોધનું પ્રથમ અને મહત્ત્વનું સોપાન છે. આપણી યાત્રાને અંતે મુક્તિ કે સ્વતંત્રતા નહિ પણ શોધ, યાત્રા, તપાસને પ્રથમ પગલે સ્વતંત્રતા હોવી જરૂરી છે.

આશા રાખું કે બિનસાંપ્રદાયિક, બિનપરંપરાગત અભિગમમાં જે ઊંડાણ અને વેધકતા છે તે તમે સમજી ચૂક્યા હશો. આનો ગર્ભિત અર્થ એ છે કે દિવ્યતા, મૂળભૂત સત્ય, ઈશ્વરીય તત્ત્વ વગેરે બાબત આખરી તપાસ પૂરી થઈ નથી. હજી એ વિશે આખરી સત્ય ઉચ્ચારવું બાકી છે અને એ અંગે જિજ્ઞાસાભરી તપાસ આપણે ચાલુ રાખવાની છે.

આ ઘણું જ હિંમતભર્યું પગલું છે અને તેનો ફલિતાર્થ સમજી, વિચારી તે સત્યને જાણી, સમજીને તેની પડખે અડીખમ ઊભા રહેવા માટે તૈયારી છે. વિજ્ઞાનની બાબતમાં છેલ્લો નિર્ણય ઉચ્ચારાયો નથી. ઓગણીસમી સદીના પ્રથમ અર્ધશતાબ્દી વખતે ભૌતિક વિજ્ઞાનના જે સિદ્ધાંતો પ્રચલિત હતા તે બધાય બીજી અર્ધશતાબ્દીમાં તો બાજુએ મૂકી દેવામાં આવ્યા હતા. આ જ પ્રમાણે વીસમી સદીની પ્રથમ અર્ધશતાબ્દીમાં જે ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રચલિત હતા તે પણ દ્વિતીય અર્ધશતાબ્દીમાં બાજુએ મૂકી દેવાયા હતા. આમ કરવામાં વૈજ્ઞાનિકને એમ નથી લાગતું કે તે મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન પ્રત્યે કોઈ પ્રકારનો અનાદર દાખવી રહ્યો છે, કારણ કે તે સાપેક્ષતા, આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંતો વિશે વધુ સંશોધન કરી રહ્યો છે કે સમય અંગેના ઍટમના સિદ્ધાંત વિશે કાંઈ વિચારી રહ્યો છે કે વાસ્તવિકતા અંગેના

દૃષ્ટિએ. જીવનથી, સમાજથી દૂર જવાની આ વાત નથી. ભૌતિક રીતે તમે સમાજમાં છો જ, તમારી રોજીરોટી કમાઓ છો અને પરણેલા હોવ તો કુટુંબની સાથે જ, ના પરણેલા હોવ તો તો એકલા છો જ. આપણે ધર્મની, ધર્મની શોધની, ધર્મ અંગેની જિજ્ઞાસા ભરી તપાસની, તે અંગેની ઝંખના માટેની, તેનો પ્રકાર અને પોત વિશેની વાત કરી રહ્યા છીએ અને તે તપાસ અત્યંત સ્વાભાવિકતાથી કરવાની છે.

આવી જ કોઈ જરૂરિયાતને કારણે, સમૂહ સાથે રહી સલામતી મેળવવાની ભાવનાને કારણે જ બૌદ્ધ સાધુઓએ સંઘની સ્થાપના કરી હશે. તથાગત બુદ્ધે તો સ્પષ્ટ કહ્યું હતું, 'आत्मदीपो भव ।' 'Be alight unto yourself.' તું તારો દીવો થજે. મને વ્યક્તિ તરીકે વળગીશ નહિ, કારણ બધું જ ક્ષણિક છે, દુઃખમય છે અને અનિત્ય છે.

सर्वं क्षणिकं, सर्वं दुःखं, सर्वं अनित्यम् ।

આ જેણે કહ્યું હશે તેણે એવું થોડું કલ્પ્યું હતું કે લોકો એમને જ ભગવાન બનાવી દેશે. અનાત્મા (अनत्त) એ બુદ્ધનું મૂળભૂત સૂત્ર હતું. છતાં બુદ્ધને તેઓ ભગવાન બનાવીને રહ્યા. તેણે જે વાર્તાલાપો - સંવાદો - વાણીવિનિમય કર્યો તેને ધર્મ બનાવી, તેનો પ્રચાર-પ્રસાર કર્યો. સિદ્ધાંતો બનાવી તેનો ફેલાવો કર્યો. મહાવીરનું પણ એમ જ થયું. બુદ્ધે નિર્વાણની વાત કરી અને મહાવીરે કૈવલ્યની, પણ નિર્વાણ કે કૈવલ્ય કોને ખપે છે ? કોને નિર્વાણ કે કૈવલ્યની જરૂર છે ?

આથી જણાય છે કે લોકોને મૂળમાં જીવનનો ભય સતાવે છે અને તેમને મનોવૈજ્ઞાનિક જરૂરિયાત - સલામતી, આશરો, સંરક્ષણની છે. કોઈ માર્ગદર્શનની નહિ. માર્ગદર્શન તો પુસ્તકોમાં મળે છે, ઉપદેશોમાં મળે છે, માર્ગદર્શન તો પૂરું પાડવામાં આવ્યું છે. વાર્તાલાપ - વિનિમય પણ થયો છે. આપણે કાંઈક વિશેષ જોઈએ છે. કાંઈક વધારેની આપણને અપેક્ષા છે. આપણે તે સમજવું જોઈએ.

ઈસુ ખ્રિસ્તે જે સંવાદો કર્યા, જે ઉપદેશ આપ્યો, તેમાં ઈસુ ખ્રિસ્તને ચર્ચની ક્યાં જરૂર હતી. તેણે કેવો અદ્‌ભુત ઉપદેશ આપ્યો ! પર્વત ઉપરનો ઉપદેશ,

કેવી સુંદર બોધક કથાઓ કહી. ઈસુએ આ બધું જીવનભર કર્યું, પણ આપ જીવનથી ગભરાઈએ છીએ. જીવન જેવું છે તેમાં જે કાંઈ ઘટી શકે તેનો ડ છે. સમજી લઈએ.

તો પરંપરાઓ કે સંપ્રદાયો પોતાની રીતે કોઈ બંધનો નથી, પણ આપણ વૃત્તિને કારણે બંધનો પેદા થાય છે. તેઓ અવરોધો નથી, પરંતુ આપણે રીતે તેઓનો ઉપયોગ કરીએ છીએ, તેનાથી અવરોધ પેદા થઈ શકે, રુકાવ ઊભી થાય. અડચણ, અવરોધ પેદા થાય.

તો દરેકે પોતાની જાતને પૂછવું જોઈએ : શું કોઈ રુકાવટ વગર, પૂ મનથી જિજ્ઞાસાપૂર્વક આગળ વધવું છે ? મોટા ભાગના ક્યાંય પહોંચી શકત નથી અને જીવનની સંધ્યાએ તેમની પાસે કેવળ શબ્દજાળ કે સિદ્ધાંતોનાં કોચલ જ હોય છે. મનોવૈજ્ઞાનિક થકાવટ, હતાશા, નહિ તો થાક. આ બધુંયે માર માનવભાંડુઓ જે વિવિધ દેશોમાં છે, તે બધાયને જાણે કોરી ખાય છે. દેશોમાં હું, પાંત્રીસ વર્ષ ફરી છું, તે બધાય દેશમાં.

•

૬. સમાધિ

મિત્રો, આજે સમાધિની વાત કરવી છે. જીવનના એક માર્ગ તરીકે, એક વૈકલ્પિક માર્ગ તરીકે, ચેતનાના એક વિશિષ્ટ વૈકલ્પિક પાસા તરીકે.

જે વ્યક્તિએ શારીરિક જરૂરિયાતોનું નિરીક્ષણ કર્યું છે અને શારીરિક જરૂરિયાતોનો અને શારીરિક બંધારણનો અભ્યાસ કર્યો છે, એટલું જ નહિ પણ તે પૂરી કરવાની વ્યવસ્થા સુયોગ્ય અને સમજપૂર્વક કરી છે, તે હવે શારીરિક અને માનસિક જરૂરિયાતોની પારની બાબતો અંગે શીખવા પ્રયત્ન કરશે. મગજ એ શરીરનો એક ભાગ છે અને તમે જેને મન કહો છો તે પણ અનુસંધિત એવી ઊર્જા છે, જે મજ્જાતંત્રમાં રહેલી છે. શરીરમાં રહેલાં રાસાયણિકતંત્રમાં સમાયેલી છે. મન અને શરીરને જુદા પાડવાનો આ પ્રયત્ન નથી, શરીરને મગજથી અલગ કરવાનો પણ ખ્યાલ નથી. આ બધાંયનો સાથે વિચાર કરી રહ્યા છીએ.

આમ, જેણે શારીરિક સ્તરે સારામાં સારી ગોઠવણ પોતાની શક્તિ અનુસાર કરી છે. હવે તે અસ્તિત્વનાં બીજાં પાસાં ઉપર જેને આપણે મનોવૈજ્ઞાનિક અથવા મનની ગતિશીલતા કહીએ તે તરફ ધ્યાન કેંદ્રિત કરે છે. આવી વ્યક્તિ માનસિક ગતિશીલતા નિહાળે છે, અભ્યાસ કરે છે, તપાસ કરે છે અને માનસિક ગતિના પુનરાવર્તનની નોંધ કરે છે. ભૂખ દરરોજ નવી, તાજી હોય છે. ભૂખ, તરસ, ઊંઘ અને જાતીયતા કદી વાસી હોતાં નથી. સિવાય કે તેને કેવળ આનંદના સાધન તરીકે ન ગણવામાં આવે.

જાતીયતા - જાતીયવૃત્તિ એ કાંઈક દિવ્ય તત્ત્વ છે. વૈશ્વિક પ્રજ્ઞાની સર્જનાત્મક શક્તિનો અંશ છે અને તેની પાસેથી લીધી છે એવી ઊર્જા જેના

માનસિક ગતિશીલતાને પડદા પાછળ અટકી જવા કહો છો. અને ક્યારે વૈચારિક સંરચના અને મનોવૈજ્ઞાનિક ગતિશીલતાને સમજાવો છો, 'જો મિત્ર તું મારે માટે સામાજિક જીવનમાં ખૂબ જરૂરી છે. જ્યારે જડ પદાર્થ, લૌકિ દુનિયા, સામાજિક કે આર્થિક માળખા વિશે હું ગૂંથાયેલો હોઉં ત્યારે તું અ તારામાં રહેલ જ્ઞાન, અનુભવ બહુ જ ઉપયોગી છે અને તે માટે હું કૃતજ્ઞ છું પણ અત્યારે એ ગતિ અપ્રસ્તુત છે, બિનજરૂરી છે. તેથી, મને સહકાર આપ તારો સાથ આપ, તમે સમજી શકશો કે એ એક આત્મસૂચનનો પ્રકાર છે મનોવિજ્ઞાનમાં આવાં સૂચન અને આત્મસૂચનો હોય છે. મનોવૈજ્ઞાનિકો અ મનોવિશ્લેષણકારી નિષ્ણાતો માનસિક અસંતુલનમાંથી બચાવવા દર્દી ઉપ આનો ઉપયોગ કરતા હોય છે. આ એક માનસિક ઇંજેક્ષન છે. શરીરના એ ભાગમાંથી લોહી લઈને બીજા ભાગને પહોંચાડવાની પ્રક્રિયા છે.

અને જો મન વિલંબન ન સ્વીકારે તો એની સાથે સંવાદ આરંભ કરો તમારી પોતાની સાથે વાર્તાલાપ કરો. તમે જ્યારે અરીસામાં જુઓ ત્યારે તમાર પ્રતિબિંબ સાથે આંખો દ્વારા વાર્તાલાપ નથી કરતા ? તમે અરીસા સામે બેસ તમારી જાતને, તમારા પહેરવેશને, તમારી વાળની સ્ટાઈલ જુઓ છો અ બીજું પણ. એ આખોય એક પ્રકારનો દૃષ્ટિસંવાદ હતો. એ જ પ્રમાણે મ સાથે વાર્તાલાપ કરો અને તેને સમજાવો. ધીરજથી, શાંતિથી વાત કરો ઉદ્ધતાઈથી તો નહિ જ. એમ કદી ના કહેશો 'હવે તારું અહીં કાંઈ કામ નથી સંતાઈ જા. અહીંથી ખસી જા.' આવી વૃત્તિ કદીયે ન જ રાખશો.

મેં કદીયે કોઈ શક્તિ એટલી અહિંસક નથી જોઈ, જેટલી પ્રેમની સ્નેહની. તમે મનને સમજાવો, પ્રેમથી કે આદરથી, કારણ વિચારસંરચના વૈચારિક ગતિશીલતા એ આપણા હજારો પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલું વર્ષો જૂ સર્જન છે. આપણે સર્જન છીએ. આપણાથી એ વિરાસત સાથે ઉદ્ધત કેવી રી થઈ શકાય ? એના સિવાય આપણે રહી જ ના શકીએ. શારીરિક સ્તરે સમાજમ આપણે માટે એ જરૂરી છે, પણ શાંતિના-ધ્યાનના ક્ષેત્રમાં એનું સ્થાન નથી

સૌ પ્રથમ શરૂઆત કરો શાંતિથી બેસવાની, શરીર સ્થિર રાખો. મ પણ સ્થિર. તમને જો જરૂર લાગે તો સંગીતની ધૂનનો ઉપયોગ કરો અથવ મંત્રની નાદશક્તિનો ઉપયોગ કરી મનને સ્થિર કરો. થોડીક મિનિટો સુ પ્રયત્ન કરો. કશાને જ માનસિક ક્ષેત્રમાંથી દૂર કરવાનો પ્રયત્ન ના કરશો

.હિ તો એ નકારાત્મક પ્રચાર થશે. કશાનો જ તિરસ્કાર ના કરો, કશાનેય .કાત રાખશો નહિ. ધાર્મિકતા એ જીવનની સમગ્રતાનો સરવાળો છે. ?વનની અખિલાઈનો ધાર્મિકતામાં સમાવેશ છે. તેમાં કોઈનીય બાદબાકી ના .લે. થોડાક વ્યવહારુ પણ ધાર્મિકતામાં બનવાની આવશ્યકતા છે.

આમ જો મનને અપમાનિત ના કરો, તેની અવહેલના ના કરો, તેને મે દુશ્મન ના ગણો અને સ્નેહભાવે મસલત કરો, ચર્ચા કરો તો એ આપમેળે ાર્ય વિરક્તિ સ્વીકારશે. અનુસંધિત શક્તિની ગતિશીલતા મંદ થઈ જશે. એ .તિશીલતા બંધ થતાં જ બુદ્ધિ ઉપર ભૂતકાળની પકડ, તમારા સમગ્ર અસ્તિત્વ પરની ભૂતકાળની પકડ દૂર થઈ જશે. જ્યારે મન સ્થિર થશે ત્યારે તે ઢીલું .નશે પણ એ છે તો ખરું જ. મન હવે તમને ગૂંગળાવશે નહિ પણ તેનું ાસ્તિત્વ તો છે જ અને માનસિક ગતિશીલતા વિદાય થશે ત્યારે તમે ભૂતકાળ .થે અને તેની ગજબનાક ગતિથી બંધાયેલા નહિ રહો. સમજી રાખજો કે ર્મ અને આધ્યાત્મિકતા એ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન કે ગણિતશાસ્ત્ર જેટલું ' ચોક્કસ છે.

આધ્યાત્મિકતા એ જીવન જીવવાનું વિજ્ઞાન છે. એને માન્યતા, અંધશ્રદ્ધા, ાદ્ધાંતો સાથે કોઈ લેવાદેવા નથી. જ્યારે માનસિક ગતિશીલતા બંધ થાય છે ારે ચેતનામાં અવકાશ પેદા થાય છે, વિચારોનું ટોળું વિલીન થયું છે, ાંધાધૂંધી અદૃશ્ય થઈ છે. અંધાધૂંધીને કારણે જે તણાવ અને દબાણ હતાં તે ર થયાં છે. જીવનમાં પહેલી વાર તમારા જીવનમાં સંપૂર્ણ હળવાશ આવી . મનોવૈજ્ઞાનિક શારીરિક દૃષ્ટિએ જ્યારે સંપૂર્ણ હળવાશ આવે ત્યારે હું કશુંય વાની રાહ જોતો નથી. મેં મારી જાતને કહ્યું નથી કે બે કલાક મૌનમાં બેસીશ ા શક્તિ કેળવાશે અને તાકાતનો આવિષ્કાર થશે. આ અનુસંધિત ભૂતકાળનું ર્મહીન થવું, ગતિહીન થવું એ જ કાંઈ ધ્યેય માટેનું સાધન નથી. એ પોતાની તે એક સોપાન છે અને જેમ એક પગથિયું ઉપર જાવ, એટલે નીચેનું પગથિયું ાપોઆપ પાછળ રહી જાય છે. તેને ખભા ઉપર લઈ તમે ઉપર ચડતા નથી. ટલે કે અનુસંધિત ભૂતકાળ આપોઆપ વિલીન થઈ જાય છે.

ાન

મૌન દરમિયાન એ સંપૂર્ણ હળવાશમાં કશું જ થવાની, બનવાની, વાટ

જોવાનું દબાણ કે તણાવ રહેતાં નથી. જો વાટ જોવાનું ચાલુ રહે તો થવા અપેક્ષા માટે વાટ જોવાનું ચાલુ રહે છે અને તમે ભૂતકાળની ઝાંખીને પ્રવેશ માટે પાછળનો દરવાજો ખુલ્લો રાખ્યો છે. આગળનો દરવાજો બંધ કરી પાછળનું બારણું એકદમ ખુલ્લું રાખ્યું છે. આનો અર્થ એ થયો કે આપણે પાદ પહેલે પગથિયે, જૈસે થે જેવી સ્થિતિમાં આવી જઈએ છીએ. વાટ જોવા ભાવિના ખ્યાલ અંગેની અધિકૃતતા પણ સમાવિષ્ટ છે. વાટ જોવાથી, ફ પાછા તમે મનોવૈજ્ઞાનિક સમય માટે, તે ભાવિ કલ્પનાને તમે પાછા લા રહ્યા છો. જે થવાનું છે તે થવાનું છે અને થશે જ, પણ આપણી રાહ જોવા કારણે, આપણી અપેક્ષાને પરિણામે ફરી પાછું સમયનું તત્ત્વ પ્રવેશ પામે અને તેની સાથે ભૂતકાળનાં બંધનો.

હવે, તમે જીવનની પ્રયોગશાળામાં છો. તમારે બહુ જ ધ્યેયલક્ષ નિર્ણાયક અને ચોક્કસ થવું જોઈએ. આ યોગ છે. જીવન અને જીવવા મા યોગ છે. એમાં આખુંયે જીવન સંકળાયેલું છે અને ઓતપ્રોત છે. અખિલાઈ સમગ્રતા એ જ એક પાસું છે. તેથી, જ્યારે હળવાશ આવે છે ત્યારે બૌદ્ધિ એકાંતનું આગવું સૌંદર્ય અને અનુસંધિત, મુક્ત ઊર્જા, મુક્ત સંભાવ્યતા, માનવ ચૈતન્યમાં પ્રત્યેક માણસમાં રહેલી છે, તે અભિવ્યક્ત થાય છે. એટ એમ સમજી શકાય કે ધ્યાન એ જીવન સાથે એકલા રહેવાની પ્રક્રિયા, કેવ જૂના સંગ્રહાયેલા સિદ્ધાંતો, સંકળાયેલી વ્યક્તિઓની ઊર્મિજન્ય અસર મનપસંદ, ખાસ સંઘરી રાખેલ યાદો નહિ, પરંતુ કશાય આવરણ સિવાયન ચેતના, નિર્ભેળ ચૈતન્ય. હવે તે બધાં જ ભૂતકાળથી મુક્ત.

એ મૌન, એ અવકાશ, એ વિશાળ અવકાશ, જે કોઈ પણ પ્રકારન વિચારો, ખ્યાલોથી ન દોરાયેલી સ્થિતિ, એ એકાંતમાં બેસો ત્યારે એ તમાર પ્રથમ અનુભવ છે. આ રીતે આવા મૌન, માનસિક અવકાશમાં કદીયે ત તમારી જાતને ધરી દીધી નથી કે તેવો અનુભવ કર્યો નથી.

મૌન એ કેવળ મનનું લક્ષણ નથી. એ માત્ર એક લક્ષણ કે ગુણ નથી સમય અને સ્થળની જેમ એ પણ એક જીવનનું પાસું છે. આઈન્સ્ટાઈને જ્યા ચોથા પાસા તરીકે સમયની વાત કરી ત્યારે લોકો મૂંઝાઈ ગયા હતા, પ આ દેશમાં તો શાંતિ કે અવકાશની જીવનના, માનવચૈતન્યના, માનવજીવનન એક પાસા તરીકે લોકો વાતો કરતા રહ્યા છે.

તમે પૃથ્વીના ચકરાવાને, કક્ષાને તથા ગુરુત્વાકર્ષણને તેમ જ તેમાં સમાયેલા ગુરુત્વાકર્ષણના નિયમને તેની અંદર જડાયેલા આ નિયમના ભાવ, ગુણને ઓળખો છો. તમારી માનસિક કક્ષાના કાર્યકારણ સંબંધને પણ તમે સારી રીતે જાણો છો. તેવી જ રીતે મગજ પણ કામ કરે છે અને અપર મનોવૈજ્ઞાનિક પાસાને પણ વ્યવસ્થિત કરે છે. અખિલાઈપૂર્ણ પાસામાં પણ તે વ્યવસ્થા લાવે છે. બુદ્ધિ એ કેવળ મગજની શક્તિ નથી. તે કોઈ ગ્રંથિવિષયક કે સ્નાયુ આધારિત શક્તિ નથી. એ ભૂતકાલીન સંગ્રહની શક્તિ નથી. એ શક્તિ છે, સમયાતીત વર્તમાનની ધબકતી શક્તિ.

બૌદ્ધિક શક્તિ

એ પ્રકારની ધબકતી શક્તિ શરૂઆતમાં તમે અડધો કલાક કે એક કલાક બેસો ત્યારે તમને તેનો અનુભવ થાય છે. પછી તો એ શક્તિનો અનુભવ તમને ઑફિસમાં, ફેક્ટરીમાં, ઘેર, લોકોની સાથે વાતચીત કરતા હોય ત્યારે પણ થાય છે. એ તમારા અસ્તિત્વનો એક હિસ્સો બની જાય છે. શરૂઆતમાં વિચાર, વૈચારિક સંરચના એ તમારો વાસ હતો, વિશ્રામ હતો. જ્યાં પણ તમે રહેતા ત્યાં તમારો આવાસ એ વૈચારિક ગતિશીલતામાં હતો. તમારી દૃષ્ટિનો સ્રોત એ વૈચારિક સંરચનામાં હતો. તમારી પ્રતિક્રિયાનું મૂળ એ સંરચનામાં હતું. હવે, મૌન એ તમારા અસ્તિત્વનો ભાગ છે. એ મૌનની અખિલાઈ, વિશાળ અખિલાઈ એ તમારું રહેઠાણ છે. એ અવકાશ તમારું સ્થાનક છે. હવે, તમારી આંખો એ શાંતિની અખિલાઈમાંથી જુએ છે. એ શાંતિમાંથી જ સાંભળે છે. સ્વાભાવિક રીતે તમારી દૃષ્ટિ અને પ્રતિક્રિયાની ગુણવત્તામાં આકાશ જમીન જેટલો ફેર પડી જાય છે. એ દૃષ્ટિ અને પ્રતિક્રિયામાં ગજબ ગુણાત્મક ફેરફાર થાય છે.

આપણે પરિવર્તન, ફેરફારની વાત કરીએ છીએ. બદલાવ વિશે વિચારીએ છીએ. જો ધ્યાનથી બદલાવ ના આવે તો એ ધ્યાન શેનું ? અસ્તિત્વના પાસામાં જ પરિવર્તન, એનું નામ ધ્યાન. તમે જો તે શક્તિનું કેંદ્ર શોધવા જશો તો તમે ખોવાઈ જશો, કારણ તેને કોઈ કેંદ્ર જ નથી. જેવી રીતે સમગ્ર બ્રહ્માંડ માનવ આકૃતિમાં લઘુ આવૃત્તિ બની દૃષ્ટિગોચર થાય છે. તેવી રીતે સમગ્ર વૈશ્વિક શક્તિ, બ્રહ્માંડની ઊર્જા, એ મૌનના અવકાશમાં પ્રવેશે છે. તેનાથી મગજ તર થાય છે અને તેને પરિણામે દૃષ્ટિ અને પ્રતિક્રિયામાં

૭. સત્ય માટેનો સંગાથ

ધર્મની ચર્ચા કરીએ ત્યારે એ ચર્ચામાં જે બધાં જોડાય, તેને સત્સંગ તરીકે ઓળખવો ઉચિત ગણાય. આ ચર્ચામાં ભાગ લેનાર સૌએ જીવનતથ્ય, સત્ય, પરમ ચૈતન્ય અને ધર્મના હાર્દ પ્રતિ દૃષ્ટિ રાખી છે.

આ ચર્ચામાં બે પ્રક્રિયા થાય છે. બંને પ્રક્રિયા શીખવાની છે. એક દ્વારા સાંભળેલા, વાંચેલા શબ્દો ધ્યાનથી કાન ઉપર, આંખ ઉપર પડે અને તેને પ્રેમપૂર્વક ઝીલી, આપણી પોતાની જાતને તે કેટલે અંશે, કેવી રીતે લાગુ પડે છે, તે જાણવા, સમજવા દ્વારા શીખવાની પ્રક્રિયા થાય તે. આમ, શીખવાની દ્વિવિધ પ્રક્રિયા થાય છે. શબ્દો ઝીલવાની અને જીવનને લાગુ કરવાની બંનેનું આગવું મહત્ત્વ છે.

બે પ્રકારની મહત્ત્વાકાંક્ષા

મહત્ત્વાકાંક્ષા બે પ્રકારની હોય છે. એક અહમ્‌ના સંતોષ માટે જીવનની સમજ કેળવી, પરિવર્તન કરવાના ચોક્કસ હેતુથી શારીરિક, માનસિક, મનોવૈજ્ઞાનિક સ્તરે ચાલતી પ્રક્રિયા. ત્રણે સ્તરે ઊર્જાની ગતિશીલતા, જાણી, સમજી, પરિવર્તન કરી કાંઈક મેળવવાનો, પ્રાપ્ત કરવાનો, બીજાની તુલનામાં કાંઈ વિશેષ જાણકારી ધરાવવાનો, પોતાની અનુભૂતિ ઉપરની માલિકીનો દાવો રાખવાનો અને એ રીતે અન્ય કરતાં કાંઈક વિશેષ પ્રાપ્ત કરી, અહમ્‌ને સંતોષવાનો અને બીજા કરતાં આ દિશામાં થોડી ઊંચાઈ પ્રાપ્ત કરવાનો, કોઈ

સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ વધારે ગુણ મેળવી, ચડિયાતાપણાના ભાવને સંતોષવાનો વિશેષ આનંદ મળે તે માટેની મહેચ્છા.

બીજી મહત્ત્વાકાંક્ષાનો પ્રકાર જ જુદા સ્તરનો છે. તેમાં નથી કોઈ તુલના, નથી કોઈ પ્રાપ્તિ, નથી કોઈ ચડિયાતાપણું, નથી કોઈ માલિકીપણાનો વિશેષ દાવો. સાથે મળી, સહિયારા પ્રયાસથી, સુખદુઃખની ભાગીદારીનો, શાંતિ, સૌંદર્ય અને સત્ય માટેની ઝંખનાનો. કેવળ આનંદનો અને સમજ - પૂર્વકના પરિવર્તનનો, મૂઠી ઊંચેરા બની સ્વહિત અને પરહિત સાધવાનો નિસ્વાર્થ આનંદ.

પહેલા અને બીજા બંને પ્રકારની મહત્ત્વાકાંક્ષાઓ માનવચેતનામાં સમાંતર ચાલ્યા કરતી હોય છે અને સમજપૂર્વક આપણે બંનેને ન્યાય આપવાનો રહેશે, કારણ બંનેનું અસ્તિત્વ તો છે જ.

પહેલા પ્રકારની મહત્ત્વાકાંક્ષાનો સંબંધ થવા સાથે છે અને બીજાનો સંબંધ હોવા સાથે છે.

સામાજિક જીવનમાં ઊર્મિજન્ય અને બૌદ્ધિક સજ્જતાની ઉપયોગિતા છે, કારણ માણસ એ સામાજિક પ્રાણી છે. સામાજિક જીવન જીવવા માટે, સમાજના સભ્ય થવા માટે, પ્રગતિશીલ સમાજ સાથે કદમ મિલાવવા તેણે કૌશલ્યો હાંસલ કરવાં પડશે. સમાજે ઔદ્યોગિક, પ્રૌદ્યોગિક, ન્યુક્લીઅર તથા સાયબરનેટિક પ્રગતિ સાધી છે. યાંત્રિકતા, આપોઆપ થતી ક્રિયા (Automation) આ બધી વસ્તુઓ સામાજિક માળખાનો ભાગ બની ગઈ છે. આર્થિક, રાજકીય માળખામાં તેણે જીવવાનું છે. એ બધા જ ફેરફારોને અનુરૂપ કૌશલ્યો, સમજી વિચારી હસ્તગત કરવાં પડશે. આધુનિક સમાજની એ માગ છે. બીજા સાથે હરીફાઈની દૃષ્ટિએ નહિ, અન્યની માલમિલકત સાથે સરસાઈની ભાવના છોડીને તમારે વધુ પડતાં મહત્ત્વાકાંક્ષી બન્યા સિવાય પણ સારામાં સારી રીતે જીવવાનું છે.

પરંતુ ધર્મ એ એવું ક્ષેત્ર છે, જ્યાં થવું - મેળવવું, જાણવું, અનુભવવું એ બધું બહુ ઉપયોગી નથી. આ ક્ષેત્રમાં હોવા સાથે સંબંધ છે. થવા (Becoming) સાથે નહિ. અહીં સત્યનો પ્રકાશ, પ્રેમનો પ્રકાશ અને એમાં મસ્ત

ડેવાની ખોજ કરવાની છે. એટલે ધર્મમાં નવા અનુભવો, માદક અનુભવો થી. અહીં તો સમજનો આનંદ છે, સમજનો પ્રકાશ છે, પ્રેમની સુગંધ છે ને શાંતિની ગરિમા છે. તમે છો તેનાથી વિશેષ નવા, ફેરફારવાળા કે ણકાર બનતા નથી.

અહીં તો તમારી બધી જ સંભાવ્ય આંતરિક શક્તિને અંકુર ફૂટે છે, ખીલી ઠે છે. તેથી, તમારું હોવાપણું એક નવી જ રીતે. ખૂલી જાય છે. હોવાપણાનો ાવિષ્કાર નવા માનવ, ઊંચેરા માનવ સ્વરૂપે થાય છે. જે દેખાતો નથી, નુભવાય છે જરૂર.

જે વૈશ્વિક જીવન, પૃથ્વીમાં, મહાસાગરમાં, પર્વતમાં, વૃક્ષમાં, અભિવ્યક્ત ય છે. એવી જ એક અખૂટ સર્જનાત્મકતા, સંભાવ્યતા જે આપણા સૌમાં ષુપ્ત છે અને અવશ્ય છે, તે નવો જ ઓપ ધારણ કરી અભિવ્યક્ત થાય છે.

ાંતરિક અનુસંધાન

આપણે સમાજમાં જન્મીએ છીએ. તેથી, શરીર, મગજ અને તેમાં રહેલી ક્તિ આ બધુંય અનુસંધિત હોય છે. સંસ્કારમય અનુસંધાનથી ગ્રથિત આપણે વી ઉપર ચાલીએ ત્યારથી મનોવૈજ્ઞાનિક સ્તરે અનુસંધાન, સંસ્કારપ્રચુર ઈએ છીએ અને એ વાસ્તવિકતા છે. હકીકત છે. એને આપણે ફેંકી ના શકીએ, એની આપણે અવગણના પણ ના કરી શકીએ. કિંતુ એને પણે પંપાળવી પણ ન જોઈએ, ન તો તેનું પૂજન કરવું યોગ્ય છે. તેને યોગ્ય ી સમજી લેવી ઘટે, આથી ધર્મના માર્ગ ઉપર એક અદના વિદ્યાર્થીની સેયતથી, મારી અંદર રહેલા આ સંસ્કારો, અનુસંધાનોને ઓળખી લેવાં ઈએ.

હું જે કોઈ સમાજમાં, જ્ઞાતિમાં, ધર્મ, જાતિ કે દેશમાં જન્મ્યો હોઉં, તે ી અંતર્મુખ થઈ ત્યાં કયાં કયાં અનુસંધાનો, સંસ્કારો, માન્યતાઓ, વહેમો, ર્તે છે તે જાણવું જોઈએ. તેને પારખીને તે બધાયને વિભાગવાર અલગ ને જે કાંઈ ખોટી માન્યતાઓ કે વહેમો હોય તેને ફગાવી દેવાં જોઈએ. જે પરંપરાઓ બાબત પૂર્વજોએ પોતાના જીવનની પ્રયોગશાળામાં અજમાયશ હોય, મારો તેના ઉપર પ્રયોગ કરી, તેની સત્યતા ચકાસવી જોઈએ. મારે

તે બધી પરંપપરાઓના સંપર્કમાં આવી, પરિચય કેળવી તેની સાથે ક્રિ પ્રતિક્રિયા કરવી આવશ્યક છે. ક્રિયા-પ્રતિક્રિયા વગર પરંપરાની સત્યત પારખું કેવી રીતે થઈ શકે ? આડેધડ અસ્વીકાર કરી તરછોડવું કે આડે સ્વીકાર અયોગ્ય છે. તેથી, શીખવાની તેમ જ નવું શોધવાની પ્રક્રિયા અવરોધ પેદા થશે.

તેથી, બીજી મહત્ત્વની બાબત એ છે કે અનુસંધાનો સાથે ગાઢ પરિ કેળવી, વહેમ કે ખોટી માન્યતા, અંધશ્રદ્ધા વગેરે ફગાવી દઈ, જે પરંપરાઓ જોવા જાણવામાં આવે તેને માટે જાતે પ્રયોગ કરી તેની સત્યતા ચકાસ જોઈએ. જ્યારે હું પ્રયોગ કરું ત્યારે ઊંડાણથી સંશોધન કરું ત્યારે મને તે મર્યાદાઓ પણ જણાશે. જે ખરેખરો તેજસ્વી સંશોધક હશે, તે જ જ્ઞાન મર્યાદાઓ પારખી શકશે અને જ્ઞાનની સ્થગિતતા પણ.

જ્ઞાન સ્થગિત હોય છે. તમે ધર્મ અંગેની બધા સિદ્ધાંતો જાણો, તે તત્ત્વજ્ઞાન જાણો, તેનું મનોવિજ્ઞાન સમજો અને બીજું પણ, તેમ છતાંયે સિદ્ધાંતો, ખ્યાલો, વિચારો, પદ્ધતિ, મૂલ્યોનું માળખું તમને કે તમારી જિંદગી ગુણવત્તામાં, તમારા જીવનસ્તરમાં લેશમાત્ર ફેરફાર ન લાવે એવું બને તેથી, જેઓ અભ્યાસ કરતા નથી કે મગજને કસતા નથી, તેઓ કદાચ વાતની કદર ના કરી શકે કે જ્ઞાનને મર્યાદા છે. એ મર્યાદાઓ જાણવા પ તમારે અભ્યાસ કરવો જોઈએ. કેવળ જ્ઞાનને મર્યાદા છે, એવા પુનરોચ્ચાર કાંઈ વળે નહિ. એનો કાંઈ અર્થ નથી.

આમ, એકવાર જ્ઞાનની મર્યાદાની કદર થશે, સારી રીતે સમજાશે એટ જ્ઞાનમાર્ગે થતી માનસિક તપાસ આપોઆપ બંધ થશે, પરંતુ કેટલાક માણ માટે જ્ઞાનદ્વારા તપાસની પ્રવૃત્તિનો અંત આવતો નથી. જો એક વિચારધારા તેઓ નિષ્ફળ જાય તો તેઓ બીજી વિચારધારા તરફ વળશે. આમ, તેઓ એ વિચારધારાથી બીજી વિચારધારા, એક ધર્મથી બીજા ધર્મ ઉપર અને એ ધર્મશાસ્ત્ર ઉપરથી બીજા ધર્મશાસ્ત્ર તરફ - તેઓ જંપશે નહિ. તુલનાત અભ્યાસ કરશે, વિદ્યાકીય સંશોધન કરશે અને તેમની બુદ્ધિ અને મગજ અલંકૃત કરશે, સજ્જ કરશે. પરંતુ જ્ઞાનમાં પરિવર્તન કરવાની શક્તિ નથ એટલે મને લાગે છે કે પરંપરાની માફક જ્ઞાનની સત્યતાની પણ કસોટી કર

જોઈએ. શાબ્દિક જ્ઞાન, કેવળ સૈદ્ધાંતિક જ્ઞાનને ચકાસવું ઘટે.

તેથી, ·માન્યતા, મૂર્ખતા, વહેમ આ બધું ફગાવી દીધા પછી, પરંપરા ઉપર પ્રયોગ કરી ચકાસ્યા બાદ, જે પરંપરા તપાસ સાથે મેળ ના ખાતી હોય, સુસંવાદી ના હોય, તેને અટકાવતી હોય, અવરોધ પેદા કરતી હોય, અડચણ ઊભી કરતી હોય તેને ધીરજથી બાજુએ હડસેલી દેવી ઘટે. શોધ સાથે અથડામણમાં ન આવે, તેવી પરંપરાઓનું અસ્તિત્વ ભલે રહેવા દઈએ, કારણ કે તેનાથી દૃષ્ટિ પ્રદૂષિત થતી નથી, તે શોધમાં રુકાવટ ઊભી કરતી નથી કે તપાસને અટકાવતી નથી.

હવે, જ્ઞાનની બાબત વિચારીએ. જો એ મેં શોધી કાઢ્યું હોય કે જ્ઞાન મર્યાદિત છે તો માનસિક તપાસ, શાબ્દિક શોધ પૂરી થાય છે. આટલું ધ્યાન રાખવું ઘટે કે જ્ઞાનની આ પ્રવૃત્તિ બંધ ના થાય, ભલે તે થોડો વખત ઉત્તેજના આપે, ત્યાં સુધી શાબ્દિક પ્રવૃત્તિ દ્વારા તપાસ બંધ ના થાય, તેનો અંત ના આવે ત્યાં સુધી ધ્યાન શરૂ થતું નથી.

ચકાસી લેવી જોઈએ જિજ્ઞાસુ તરીકે અનુભવોની સત્યતા પણ આપણને શારીરિક સ્તરે અનુભૂતિ થાય. ઇંદ્રિયો. વિષયોના સંપર્ક દ્વારા ઉત્તેજના પેદા કરે, એ ઉત્તેજના એક વિદ્યુતલક્ષી આવેગને શરીરમાં પેદા કરે, એ આવેગ, ઉત્તેજનાની મગજ પ્રતિક્રિયા કરે - ઉછેરને અનુલક્ષીને. આથી (શારીરિક સ્તરે) ઉત્તેજના અને અનુભૂતિઓને શારીરિક સ્તરે ટાળવી ન જોઈએ. (શારીરિક સ્તરે) આને કારણે વિવેકની ભાવના અને સૌંદર્યલક્ષી ભાવનાનો શારીરિક સ્તરે લાભ થાય છે.

પરંપરાને કારણે મંત્રોચ્ચાર વિશે પ્રયોગ કરવાની, વધુ શોધ કરવાની અને તે અંગેના પ્રયોગો વિશે વધુ સંશોધન કરવાની અને જાણવાની ઇચ્છા થાય. સવિશેષ ભજન, મંત્ર અને જપ બાબત જિજ્ઞાસુ દ્વારા એ અંગે પ્રયોગ ભલે કરાય અને જો એ તપાસ, સંશોધન, ખરેખર સાચા પ્રકારનું હશે તો પ્રત્યેકને જણાશે કે પ્રત્યેક પ્રયોગ એક વિશિષ્ટ અનુભૂતિ આપે છે. આ અનુભૂતિ વ્યક્તિને જે રીતે અનુસંધિત કરવામાં આવે છે, તેનાં આંતરિક રસાયણો, મજ્જાતંત્ર અને મનોવૈજ્ઞાનિક પાસાંને એવી રીતે અનુસંધિત

કરવામાં આવે છે કે તે વ્યક્તિમાં તેમ કરવાની આદતનું માળખું વિકસિત થાય, તેની વર્તનભાતમાં તે ટેવો ઘર કરી જાય, જે રીતે જ્ઞાન, કેવળ સૈદ્ધાંતિક જ્ઞાન વ્યક્તિમાં અનુસંધાનો પેદા કરે છે, તેવું જ આ ભજન, મંત્ર, જપથી થાય છે. પછી તમે તે પ્રકારની ઉત્તેજનાના આદી બની જાવ છો, એ પ્રકારની ટેવો - ઉત્તેજના વગર રહી જ ના શકો. શરૂઆતમાં આ ભક્તિગીતો તમે શબ્દોના ભાવથી અને શબ્દોના આનંદમાં મસ્ત બની ગાવ છો, કારણ એ શબ્દોમાં સંતોના દૈવી સંસ્પર્શની ઝલક હોય છે. તમને આનંદ આવે છે.

તમે તેનાથી શીખો છો, પછી તે ગીતોના રાગ, તાલ, સૂર તમારા ઉપર એવી પકડ જમાવે છે કે તમને એની જરૂર રોજેરોજ પડે અને વર્ષોવર્ષ પણ એ ટકી રહે. મંત્રોચ્ચારનું પણ એવું જ છે. શરૂઆતમાં તમને શાંતિદાયક લાગે છે. તેના નાદ તમારા મજ્જાતંત્રને હળવાશ આપે છે, પણ પછી તમે સ્વસંમોહિત થઈ તેની ટેવની પકડમાં આવી જાવ છો. એ સૂર નાદથી જ તમને શાંતિ ખપે છે. એટલે સમજો કે દરેક પ્રકારના અનુભવ અનુસંધાન અને વર્તનભાતમાં ચોક્કસ ટેવોનું નિર્માણ કરે છે. પરિણામ તમે વર્તમાનના પડકારોને, જેનો તમારે સામનો કરવાનો છે, તેને પહોંચી શકતા નથી. કારણ તમારામાં એ શક્તિ, સ્ફૂર્તિ અને તાજગી આવી કોઈ ટેવોને કારણે રહેતાં નથી.

તેથી, જ્ઞાન તેના નિશ્ચિત ક્ષેત્રમાં, તે જ પ્રમાણે અનુભવ, ઉત્તેજના, અનુભૂતિજન્ય સંવેદના, શારીરિક સ્તરે, પણ ધર્મને માટે એવી માનસિક સજ્જતા જરૂરી છે, જે વિચાર સંરચના, વૈચારિક ગતિશીલતા કે વર્તમાન ભાતમાં પ્રવેશેલી ટેવોથી દૂષિત ના થઈ હોય, રૂંધાઈ ન હોય. આ પ્રકારની મુક્ત માનસિક સજ્જતા જીવન અને આપણી વચ્ચે એક સંસ્પર્શ સર્જાય તે માટે જરૂરી છે. ધર્મ એ એક એવા પ્રકારની બંધનમુક્ત સ્વતંત્રતા છે, જેને કોઈ શરતો, અવરોધો, રુકાવટો નથી લાગુ પડતી. ટેવોનો કડકડાટ પણ નહિ અને સંવેદનાની ઉત્તેજનાની પણ નહિ. જો એકાદ વર્ષ વ્યક્તિ આ જ્ઞાન, પરંપરા, અનુભૂતિ વગેરેની સત્યતા ચકાસવામાં ગાળે તો તેને શીખવાનું મળે. કિંતુ એ ચકાસણી દરમિયાન તે કોઈ રીતે બંધાવો ન જોઈએ અને કોઈ અન્ય વ્યક્તિ ઉપર લાદવા તત્પર ન થવો જોઈએ, પણ કેવળ આનંદ મળે છે માટે કરવા માગતો હોય તો તેને તેમ કરવાની છૂટ છે.

સંગીત એ આનંદનું મૂળ છે. તેનો સ્રોત છે, નૃત્ય પણ આનંદનું સ્રોત). કદાચ કોઈ પૂછે એવું શાથી કહી શકીએ કે ભજન કે મંત્રમાં કેવળ આનંદ ાટે જ પ્રવૃત્ત થઈએ છીએ ? જવાબ સ્પષ્ટ છે કે તેમાંથી કોઈ ફળની આશા ાખતા નથી. જ્યારે એક હજાર જાપ કરીએ તો શું થશે, જો ચોવીસ લાખ ાપ કરીએ તો અમુક થશે. જ્યારે નાદશક્તિને કોઈ સાધનમાં તબદિલ રવામાં આવે તો એ આનંદ ક્યાં રહ્યો ? જો તમે જાપને કોઈ વૈકલ્પિક ઉપચાર દ્ધતિ તરીકે અપનાવતા હોવ તો ભલે આગળ વધો. તેનો સંબંધ ધાર્મિક પાસ સાથે નથી.

યુરોપ, અમેરિકામાં હઠયોગ એક ફેશન ગણાય છે. એનું પોતાનું મૂલ્ય). પણ જો તેનો ઉપયોગ આકૃતિની સુરૂપતા માટે, વૈકલ્પિક ઉપચાર તરીકે રવામાં આવે અને ધ્યાન અને સમાધિના સૌંદર્ય ચૂકી જાય તો એ આખીય ક્રિયા અધૂરી રહે છે. યોગનો ઉપયોગ ચૈતન્યના અન્ય પાસાં માટે સુયોગ્ય ાતે ઉપયોગમાં લેવાતો નથી.

તેથી જ તો આપણે કહીએ છીએ, મનની એ સ્થિતિ, ચૈતન્ય પરંપરાઓ, ૂતકાળ, સંસ્કારો આ બધું જ છે. આપણે તેને કાઢી શકીએ નહિ. આપણે નો સંબંધ જોડી રાખવો પડશે. તેમાંથી શીખવું પડશે, અભ્યાસ કરવો પડશે. માંથી કેટલું જરૂરી છે તે તારવવું પડશે અને કેટલું આપણી તપાસ સાથે મેળ ાય છે, તે પણ શોધવું પડશે.

જ્યારે આપણે એટલું કર્યું કે આપણે આપણા અસ્તિત્વના અનુસંધિત ક્સ્સાને પતાવી દીધો છે, આપણે પ્રાપ્ત કરવાની વૃત્તિ જોઈ લીધી છે અને નો ઉપયોગ સામાજિક આર્થિક ક્ષેત્રમાં થાય તે માટે માર્ગ મોકળો રાખ્યો છે ાને જ્યારે આપણે જ્ઞાન પ્રાપ્ત કરવાની અને અનુભૂતિને શારીરિક સ્તરે પૂરો ાવકાશ આપ્યો છે - સમજપૂર્વક, વૈજ્ઞાનિક ઢબે, તાર્કિક રીતે ત્યારે આપણે ાપણા અનુસંધિત ભાગને પૂરતો અને યોગ્ય ન્યાય આપ્યો છે.

હવે, આપણા અસ્તિત્વના બીજા ભાગની વાત કરીએ, જે અનુસંધિત થી. જ્યારે આપણે ગાઢ નિદ્રામાં હોઈએ ત્યારે શું થાય છે ? એ આપણે ાણતા નથી. આપણાથી અજાણ્યું છે. આપણા અસ્તિત્વનો ન જાણીતો ભાગ

છે. સવારે જ્યારે જાગીએ ત્યારે જ ખબર પડે છે કે આપણા પ્રત્યેક કોષ નવજીવન, નવી શક્તિ પ્રાપ્ત થઈ છે, કેવળ ગાઢ નિદ્રાથી. આ નવજીવ કેવી રીતે પ્રાપ્ત થાય છે ! અહમ્ તો બિલકુલ અકર્મણ્ય હતો. હું - મને મારું શરીરના કોઈ પણ ભાગમાં કાર્યરત ન હતું. એટલે નિદ્રાની ઘટના જોવ જેવી છે. રોજ રાત્રે સાતથી આઠ કલાક ઊંઘ લઈએ છીએ, આપણે કદી સવાલ ઉઠાવતા નથી કે શું બને છે અને શાથી આમ બને છે.

જો આપણે આ સવાલ ઉઠાવીએ તો કદાચ આપણને ભાન થાય કે એ એવું ક્ષેત્ર છે, આપણા અસ્તિત્વનું એક એવું પાસું છે, જ્યાં અહમ્‌નો પ્રયત્ન હું અને મને વાળા ભાવનો પ્રયત્ન અનાવશ્યક છે. અહમ્ કાર્યરત ના હો તોપણ જીવન ચાલે છે. ત્યારે હું મારી જાતને કહું છું કે એવું પણ ક્ષેત્ર છે, અહમ્‌ના સ્વ, હું - મને ના સભાનતાપૂર્વક કાર્યરત ન હોવા છતાં, જ્ઞાન અનુભૂતિના પણ સભાન અમલ સિવાય જ્યાં જીવન ચાલે છે. આપણે કદ કહેતા નથી, 'ચાલો, ઊંઘ શું છે તેનો અનુભવ કરું !'' એટલું જ કહીએ છીએ 'મને સૂવા દો.' ત્યાં બુદ્ધિ કામ કરતી નથી. તદ્દન અકર્મણ્યતા હોય છે. સંપૂ હળવાશ. 'અકર્મણ્યતા, ગાઢ નિદ્રામાં, સંપૂર્ણ હળવાશને કારણે મને શક્તિ અને તાજગી મળે છે તો હવે મને સમજવા દો કે જાગૃત, સભાનતામાં અહમ્‌વિણ, મારું કેંદ્ર બિંદુ કાર્યરત ના હોય તો શું બને છે.'

ધ્યાનની ભીતરમાં

ધ્યાનમાં કોઈ પ્રવૃત્તિ નહિ, કોઈ અકર્મણ્યતા નહિ, કેવળ જાગૃતિ જાગૃત સંવેદનશીલતા. હવે, હું એની શોધ કરવાની શરૂઆત કરું છું કે અ ધ્યાન શું છે. જેમાં વ્યક્તિ સજાગ છે, જેમાં જાગૃત સંવેદનશીલતા છે, છત કોઈ મગજની ક્રિયા નથી. ભૂતકાળની કોઈ ગતિશીલતા નથી. પોતાની જાતે શીખવાની પોતા માટે આ રીતે એક તક ઊભી કરે છે. આથી, ચેતનાન જાણીતા નહિ એવા અજ્ઞાત ક્ષેત્રોનો પરિચય થાય છે. ચૈતન્યના અજાણ પાસાંઓ વિશે ધ્યાન દ્વારા જાણકારી થાય છે.

કદાચ આપને પ્રશ્ન થાય કે મગજ કાર્ય ના કરે તો શું થાય ? એ બાબતે તમે ભયભીત હોવ તો નિશ્ચિંત રહેજો. ઊંઘો છો ત્યારે ઊંઘમાં સાતઆ

કલાક મન કાર્ય કરતું નથી, સિવાય કે તમે સત્ સ્વપ્ન નિહાળતા હોવ. સ્વપ્ન એ જાગૃત ચેતનાનું જ વિસ્તૃતિકરણ છે. વણસંતોષાયેલી ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, દબાયેલી વૃત્તિઓ, સભાનતાપૂર્વક દાબી દીધેલી ઇચ્છાઓ, જે ઈજાઓ, આઘાતો બાબત તમે કોઈ અભિવ્યક્તિ ના કરી હોય, અસ્વૈચ્છિક પડેલી છાપ, આ બધુંયે એકઠું થાય અને તેના શંભુમેળામાંથી સ્વપ્નો જન્મે છે. જો શારીરિક સ્વાસ્થ્ય યોગ્ય ના હોય, શરીરમાં કોઈ તકલીફ હોય તોપણ સ્વપ્નો સર્જાય છે. આ એની વાત નથી. તમને ગાઢ ઊંઘ તો કેવળ - એકબે કલાક જ આવે છે, જ્યારે પૂરી હળવાશને કારણે તાજગી પ્રાપ્ત થાય છે.

આમ, ધ્યાન એ એક પ્રકારનું માનસિક પ્રક્રિયા વગરનું સંશોધન છે. તેને થવા દેવું જોઈએ. જેવી રીતે ગાઢ નિદ્રામાં તમે તેને થવા દો છો, તેવી રીતે પૂરી જાગૃતિમાં થવા દો. આવું થશે ત્યારે વ્યક્તિને ખબર પડે છે કે મન, મગજની સભાન ગતિશીલતા સિવાય પણ સંપૂર્ણ હળવાશ જ્યારે અહમ્‌ના મારાપણાના કેંદ્રમાં હોય ત્યારે જીવન હોલવાઈ જતું નથી. કોઈ અનુભૂતિ, કોઈ પણ સંવેદના રહેતી નથી, હોતી નથી. કારણ જાણનાર, સંવેદનાને ઉત્તેજિત કરનાર મારાપણાનું કેંદ્ર અહમ્ કાર્યરત હોતું નથી. તેથી, કોઈ અનુભવો, કોઈ ભવિષ્યની જાણ હોતી નથી, તેમ છતાં જીવન ચાલે છે. આથી, જીવન સાથે એકાંત સાધવાની તક પ્રાપ્ત થાય છે. ધ્યાન એ માનસિક એકાંતતા છે.

એકાંતતા

આપણે ધાર્મિકતાની ઊંડી તપાસ સાથે કરી રહ્યા છીએ અને આપણે સાથે એ વાતની ભાગીદારી કરી શકીએ કે જીવન માટે એકાંત અનિવાર્ય છે. સુખ અને સુખની જ શોધમાં હોઈએ તો એકાંતતા જરૂરી નથી, કદાચ શક્ય પણ નથી, પરંતુ શાંતિ, પ્રેમ, આનંદ માટે એકાંતપણું અનિવાર્ય છે. જ્યારે એકાંત હોય છે ત્યારે ઊંડો આનંદ હોય છે. જ્યારે એકાંતનો આનંદ માણતા હોઈએ ત્યારે તથતા, જીવનની સત્યતા સાથે સંસ્પર્શ થાય છે ત્યારે જ વ્યક્તિને એ એકાંતનો આસ્વાદ પ્રાપ્ત થાય છે. તે મૌનની મોજ માણી શકે છે અને એ અવકાશ એને માટે આવાસ બની જાય છે.

ધાર્મિક વ્યક્તિ માનસિક રીતે, આંતરિક શાંતિ-એકાંતમાં રાચે છે. જ્યારે ભૌતિક રીતે તે લોકોની સાથે પણ હોય કે કદાચ એકલો પણ હોય. લોકો સાથે રહેવાથી તેની એકાંતતાને ખલેલ પહોંચતી નથી. લોકો સાથે શાબ્દિક વિનિમય પણ તેની શાંતિ, એકાંતતાનો ભંગ કરતાં નથી. વળી, સંબંધોની ગતિશીલતા તેના વિરક્ત એકાકીપણાને ખલેલ પહોંચાડતી નથી.

આશા રાખીએ કે આપણે બધા એ ધાર્મિકતાના યાત્રી બનીએ અને એ શાંત એકાંતતાનો સંસ્પર્શ અનુભવીએ. આ આખીયે ચર્ચા મુંબઈના મિત્રોની માગને આભારી છે. આમાં કોઈ પ્રકારનો પ્રચાર નથી કે મારો પોતાનો કોઈ આગવો માર્ગ નથી. મારે કાંઈ ખાસ મારા તરફથી કહેવાનું હોય તો તે જીવનની દિવ્યતા બાબત છે. મારે માટે જીવન દિવ્ય છે. ઈશ્વરી છે અને ગોવિંદ, ગોવિંદ છે. દ્વાપર યુગના ગોવિંદે પોતાના ઈશ્વરીતત્ત્વને સામાન્યતાના આવરણથી ઢાંકી રાખ્યું હતું. તે ગોવિંદ, જીવ્યો તે પણ લોકોનો બનીને, લોકોને ચાહીને અને જીવનને તેમ જ લોકોને ચાહીને, પ્રેમ કરીને.

આથી, સમજાય છે કે વ્યક્ત પાછળ છુપાઈ રહેવું એ અવ્યક્તનો સ્વભાવ છે. જિંદગીની દિવ્યતાની એ ખૂબી છે કે તે એકાંકીપણું અને એકતાને વિવિધતા અને અનેકતાની ઓથે છુપાવી રાખે છે. જો મારે મારા તરફથી કાંઈ ખાસ કહેવાનું હોય તો તે એટલું જ કે 'જીવન એ જ દિવ્યતા છે.' સર્જનથી અલગ એવો કોઈ સર્જક નથી. અમાપ, અનામી, પરમ બ્રહ્મના જીવનના તત્ત્વના તત્ત્વીય સૌંદર્યથી અલગ એવો કોઈ ઈશ્વર નથી. એ પરમ તત્ત્વીય જીવન સૌંદર્ય સાથે જોડવા, સંબંધ સ્થાપવાની અનુકૂળતા ખાતર જે કોઈ આકૃતિ, આકાર, નામ ઠીક લાગે અને અસ્તિત્વ ધરાવતાં હોય તેનો ઉપયોગ તમે કરી શકો, પરંતુ સત્સંગનો સવાલ આવે, સત્ય સાથે સંસ્પર્શની વાત કરીએ ત્યારે આ બધાનો નિર્દેશ કરવો જોઈએ.

શંકરાચાર્ય - અદ્વૈતના શ્રેષ્ઠ ઉપદેશકે કહ્યું :

'ब्रह्म सत्यं जगत् मिथ्या, जीवो ब्रह्मैव नापरः, सर्वं खलु इदं ब्रह्म ।'

વિનોબાજીએ કહ્યું :

'ब्रह्म सत्यं जगत् स्फूर्तिः, जीवनम् सत्यशोधनम् ।'

છે. તમે જો કાંઈ, જે કાંઈ પ્રાપ્ત કર્યું હોય તે બદલ કૃતજ્ઞ છું. અહીં કોઈ પ્રકારનો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ચડિયાતા ઊતરતાનો સવાલ નથી. બધાં જ નજીક છે, પોતાનાં છે, આત્મીય છે. આ માટે જ નાનું જૂથ પસંદ કર્યું છે, પરંતુ અંતર રાખવું મને ગમતું નથી, કોઈ અંતર રાખે તો મને દુઃખ થાય છે. હું મિત્ર છું. મિત્ર કહેવડાવું છું અને આ સંબંધમાં પણ શિક્ષક તો રહે છે જ. તેનું સ્થાન મૈત્રીમાં પણ છે. ફરી મળીશું !

• • •

સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના

જેવી તીવ્ર અનિવાર્યતા આપણને અન્ન, આચ્છાદન અને આવાસની હોય છે, તેવી જ અનિવાર્યતા શું સાચા ધર્મ માટે અનુભવાય છે ?

જ્યાં સુધી આપણામાં આવી પાયાની મૂળભૂત અનિવાર્યતા જાગશે નહિ, ત્યાં સુધી સાચું ધાર્મિક જીવન જીવવું આપણા માટે અસંભવ છે.

ઘણી બધી વિટંબણા-વિચિત્રતા હોવા છતાં સાચું ધાર્મિક જીવન જીવવા માટે અંતઃકરણની અભિલાષા તેમજ નિર્ભયતા છે ?

જીવન સ્વયં દિવ્યતા છે અને જીવવાનું કર્મ તે જ દિવ્યની પૂજા છે.

જો ધાર્મિકતા, જીવનની દિવ્યતા સાથેનું અનુસંધાન એ તમારી સર્વોચ્ચ અગ્રિમતા હોય તો તમારે તમારી પોતાની સત્ તત્ત્વની શોધને ચીંધતી આત્મજિજ્ઞાસાની અંતર્યાત્રાના માર્ગે પ્રસ્થાન કરવું જોઈએ.

વિમલા ઠકાર

Printed by "MERCURY" 093270 07016